
ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૨૩ || અંક: ૫ || મે ૨૦૨૧ || સળંગ અંક : ૫૯૫

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते ।

**CHARUTAR VIDYA MANDAL**

(Est: 1945)

Vallabh Vidyanagar-388120

www.vvidyanagar.co.in

# A. D. Patel Institute of Technology (ADIT)
# New Vallabh Vidyanagar



- Residential educational township for staff and students
- Quality certification from ISO:9000 since 2005
- NBA accredited programme
- Total 8 UG and 6 PG programme
- Indoor sports complex
- Cricket ground and Gymnasium
- Biggest workshop in the region

(Read more about this Institute on page no.22)



વિ-વિદ્યાનગર
ચારુતર વિદ્યામંડળ પ્રકાશન
મે - ૨૦૨૧
વર્ષ: ૨૩ અંક: ૫
સળંગ અંક: ૫૯૫
**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦
સ્થાપના વર્ષ: ૧૯૪૫

कर्मण्येवाधिकारस्ते ।

તંત્રી
ઉર્વીશ છાયા

પરામર્શન
નરેશ વેદ • રાજેન્દ્રસિંહ જાડેજા
ભગીરથ બ્રહ્મભટ્ટ • આર.પી. પટેલ
સંપાદન-સહાય
વિજય સુથાર

પ્રકાશક
ડૉ.એસ.જી. પટેલ
માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
•
મુદ્રક
લજ્જા કોમ્યુનિકેશન્સ, વલ્લભ વિદ્યાનગર

અધ્યક્ષ
શ્રી ભીખુભાઈ બી. પટેલ
માનદ્ મંત્રી
ડૉ.એસ.જી. પટેલ
માનદ્ સહમંત્રીઓ
• શ્રી મેહુલ ડી. પટેલ
• શ્રી આર.સી. તલાટી • શ્રી વી. એચ. પટેલ

## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન,વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ-ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટૅકનોલૉજી, હૉટેલ મૅનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જ્વળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઇ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઇબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે • રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કૉલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઇએએસ એકેડેમી • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કોલેજ.

• અંકની છૂટક કિંમત: ₹ ૧૫/- • રવાનગી ખર્ચ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમ: ₹ ૧૫૦/-
• વિદ્યાર્થી લવાજમ: ₹૧૦૦/- • આજીવન લવાજમ: ₹૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઇ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી. એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઇ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર
'વિ-વિદ્યાનગર' **www.vvidyanagar.co.in** પર મુકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**वापीजलानां मणिमेखलानां शशाङ्कभासां प्रमदाजनानाम्।।**
**चूतद्रुमाणां कुसुमान्वितानां ददाति सौभाग्यमयं वसन्तः ।।४।।**
संदर्भ : कालिदास ग्रन्थावली

यह वसन्त बावलियों के जलों को, मणियों की करधनियों को, चन्द्रप्रभावाली अङ्गनाओं को तथा फूलों में झुके हुए आम के वृक्षों को सुभगता प्रदान करता है ।।४।।

श्लोक-४, षष्ठः सर्ग (वसन्तवर्णनम्)


|| અતીતની અટારીએથી || મારા સાથીઓ
» **ભાઈલાલભાઈ પટેલ (ભાઈકાકા)** ....................... ૩

|| પ્રાથમ્ય || મૈત્રીભાવ
» **એસ.જી.પટેલ** ....................... ૧૦

|| આપણો વૈભવ અને વારસો || (પદ્ય વિભાગ)
» **મીરાંબાઈ, ભોજો, મોરારસાહેબ, દેવાનંદ** ....................... ૧૩

|| નવાં કાવ્યો ||
» **ગજાનન પટેલ, આબિદ ભટ્ટ, હરીશ પંડ્યા, યોગેશ પંડ્યા** ....................... ૧૪

|| આપણો વૈભવ અને વારસો || (ગદ્ય વિભાગ)
કયે અખાડે જશું?
» **ઝવેરચંદ મેઘાણી** ....................... ૧૫

|| અભ્યાસ || જોસેફ મેકવાન : જીવન-કવન અને તેમના સાહિત્યમાંથી પ્રગટતી દલિત વેદના
» **પ્રવિણભાઈ ભીખાભાઈ વજીર** ....................... ૧૬

|| લઘુકથા || સોબતી
» **નટવર આહલપરા** ....................... ૨૧

|| માનવતાની મહેક || મણકો-૬
» **શીલા વ્યાસ** ....................... ૨૨

|| સંસ્થા પરિચય || A. D. Patel Institute of Technology (ADIT), New Vallabh Vidyanagar
» **Dr. Vishal N. Singh** ....................... ૨૨

|| સમીક્ષા || શબ્દોનું સૌંદર્યમંડિત સંગીત : 'છબી અવાજની'
» **વિપુલ પુરોહિત** ....................... ૨૭

|| વાર્તા || ઋણાનુબંધ
» **મનીષા રાઠોડ** ....................... ૩૧

|| આયુર્વેદ || સ્ત્રી સ્વાસ્થ્યમાળા ભાગ-૩ : સૂતિકા પરિચર્યા
» **વૈદ્ય જસ્મિન ગુજરાથી, વૈદ્ય શચી પંડ્યા** ....................... ૩૬

|| અભિનંદન || કવિશ્રી હરીશ મીનાશ્રુને પારિતોષિક નૈમિત્તિક અભિનંદન
» **રાજેન્દ્રસિંહ જાડેજા** ....................... ૪૦

|| રમત જગત || ધ્યાન : સ્વરૂપ, પ્રક્રિયા અને સૂચનો
» **પી.ડી.શર્મા** ....................... ૪૪

|| વિદ્યાવૃત્ત ||
» **૧૨, ૨૧, ૩૦, ૩૯, ૪૬, ૪૭, ૪૮**



ISSN 0976 – 9609

# મારા સાથીઓ

ભાઈલાલભાઈ પટેલ (ભાઈકાકા)

વિદ્યાનગરની યોજનામાં શરૂઆતથી જ જેમનો મને પૂરેપૂરો સાથ સાંપડ્યો તે હતા શ્રી ભીખાભાઈ. 'ચરોતર એજ્યુકેશન સોસાયટી' સ્થાપવામાં તેમણે અને શ્રી અંબાલાલ પટેલે શરૂઆતથી જ ખૂબ મહેનત કરેલી. શ્રી અંબાલાલનું પ્લેગથી અવસાન થયું ત્યારબાદ સોસાયટીની બધી જવાબદારી શ્રી ભીખાભાઈ ઉપર આવી પડેલી. બાવીસ વર્ષ સુધી એમણે સોસાયટીના સ્વયંસેવક તરીકે કામ કર્યું. ત્યાંથી નિવૃત્ત થયા પછી એમણે શુક્લતીર્થમાં 'નર્મદા કેળવણી મંડળ' સ્થાપ્યું અને શુક્લતીર્થ હાઈસ્કૂલની દેખરેખ રાખવા માંડી. ભરૂચમાં એક કન્યા વિદ્યાલય પણ તેમણે ઊભું કર્યું. આ સંસ્થાઓ માટે નાણાં એકત્ર કરવાની જવાબદારી પણ તેમને શિરે જ હતી.

ચારુતર વિદ્યામંડળ અને ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળનું બંધારણ લખવાથી માંડીને વિદ્યાનગરની તમામ પ્રવૃત્તિમાં શ્રી ભીખાભાઈનો તેઓ જીવ્યા ત્યાં સુધી મને સાથ સાંપડેલો. આખું જીવન એમણે શિક્ષણક્ષેત્રે સમર્પિત કર્યું હતું. જ્યારે સરકારમાં કે છાપાંઓમાં મહત્ત્વની બાબત લખવી હોય ત્યારે મારી સલાહ લઈને લખવાનું કામ તે કરતા. જીવ્યા ત્યાં સુધી લખવાનું બધું જ કામ એમણે કર્યું અને સાથે સાથે પૈસા ઉઘરાવવાની મોટી જવાબદારી પણ એમણે નિભાવી. ૧૯૪૬ના માર્ચની ત્રીજી તારીખે જ્યારે અમે વિદ્યાનગરના સ્થળ ઉપર રહેવા આવ્યા અને કામકાજની શરૂઆત થઈ ત્યારે બીજે મહિને જ પૈસાની જરૂર પડેલી. એટલે મેં ભીખાભાઈને કહેલું કે અહીંનું બધું કામ હું સંભાળી લઈશ પણ તમે મુંબઈ એક આંટો મારી આવો, કારણ પૈસા વગર કામ નહિ ચાલે. તેઓ તરત જ મુંબઈ જઈને જોઈતી રકમ ભેગી કરી આવ્યા.

સરદાર પટેલ યુનિવર્સિટીનો કાયદો ઘડવામાં તેમજ એ કાયદો મંજૂર થયા પછી નિયમો ઘડવામાં ભીખાભાઈએ અથાગ મહેનત કરી હતી.

મારા કરતાં ભીખાભાઈનું શરીર મજબૂત હતું અને ઉંમરે પણ મારા કરતાં નાના હતા; એટલે મને હંમેશ થતું કે મારી પાછળ એમને તૈયાર કરવા જોઈએ. આ જ કારણથી તમામ કામકાજથી હું તેમને વાકેફ રાખતો અને ટપાલ વગેરે તો તેમના હાથે જ લખાતી. બહાર જ્યારે જ્યારે સરકારી કે અર્ધસરકારી સંસ્થા તરફથી મને આમંત્રણ મળતું ત્યારે દરેક વખતે

હું ભીખાભાઈને સાથે લઈને જતો. ભીખાભાઈની કુનેહથી કરમસદના યુવાનો આ યોજના માટે જમીન આપવા આગળ આવેલા.

ભીખાભાઈમાં મેં હમેશાં એક મોટો ગુણ જોયો હતો. તેમનો એ ગુણ હતો સમાજના હિત માટે સતત કામ કર્યા કરવું. સમાજહિતનો તેમણે એક યજ્ઞ આરંભ્યો હતો અને જીવનના છેલ્લા શ્વાસ સુધી એમણે એ જ કામ કર્યા કર્યું હતું.

૧૯૫૭ના એપ્રિલમાં એક દિવસ ભીખાભાઈએ પેટમાં દુખવાની ફરિયાદ કરી. એમને કે અમને કોઈને ખ્યાલ ન હતો કે આ દર્દ જીવલેણ નીવડવાનું છે. એ દર્દ હતું એપેન્ડીસાઈટીસનું. ચોથે દિવસે દર્દ ખૂબ વધી ગયું, અને મને ખબર પડી એટલે મિશન હોસ્પિટલમાં ફોન કરીને ડૉ.રૂથરફોર્ડને બોલાવ્યા. એમણે તાત્કાલિક ઓપરેશન કરવું પડશે એમ કહ્યું એટલે તરત જ ભીખાભાઈને હોસ્પિટલમાં દાખલ કર્યા. ડૉક્ટરે ખૂબ મહેનત કરીને ઓપરેશન તો કર્યું, પરંતુ ભીખાભાઈના પેટમાં વધુ પડતો બગાડ થયેલો. પરિણામે ચોથે દિવસે તેમનું હોસ્પિટલમાં જ અવસાન થયું. મારે માટે આ ભારેમાં ભારે આઘાત હતો. ભીખાભાઈએ તો મૃત્યુ સુધી મારી સાથે રહીને કામ કરવાનું વચન અક્ષરેઅક્ષર પાળ્યું હતું. ભીખાભાઈના જવાથી મારી પીઠ ભાંગી પડી.

ભીખાભાઈ ચારુતર વિદ્યામંડળના મંત્રી તરીકે શરૂઆતથી જ કામ કરતા હતા. એમને સ્થાને નટવરલાલ દવેની નિમણૂક થઈ. ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળીમાં પણ ભીખાભાઈ મંત્રી હતા ત્યાં એમનું સ્થાન હીરાલાલ દેસાઈએ લીધું. નટવરલાલ દવે આણંદના વતની હતા. ચરોતર એજ્યુકેશન સોસાયટીના તેઓ શરૂઆતના વિદ્યાર્થી હતા. પ્રથમ અસહકાર વખતે બીજી એલએલ.બી.નો અભ્યાસ કરતા હતા; ત્યાંથી અભ્યાસ છોડી અસહકારની લડતમાં તેઓ જોડાયા. ત્યારથી લગભગ ત્રીસ વર્ષ સુધી એકધારું તેમણે કોંગ્રેસમાં કામ કર્યું અને એ.આઈ.સી.સી.ના સભ્ય પણ થયા હતા. આણંદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે પણ તેમણે કામ કરેલું. ૧૯૪૫થી તેઓ ચારુતર વિદ્યામંડળની પ્રવૃત્તિમાં જોડાયા હતા. નટવરલાલ વાચનના ભારે શોખીન, બહુશ્રુત અને વિદ્વાન હતા. રામકૃષ્ણ સેવામંડળ (આણંદ) ના તેઓ પ્રમુખ હતા, અને વિદ્યાનગરમાં પણ રામકૃષ્ણ સેવામંડળે જે પ્રવૃત્તિ શરૂ કરી ગરીબ વિદ્યાર્થીઓને રહેવાની અને ભણવાની વ્યવસ્થા કરી આપી તેમની પાછળ નટવરલાલની પ્રેરણા હતી.



ISSN 0976 – 9609

ભીખાભાઈના અવસાન બાદ સરદારશ્રીને આપેલું વચન લક્ષમાં રાખી ચારુતર વિદ્યામંડળ અને ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળ તેમ જ એન્જિનિયરિંગ કૉલેજમાંથી મેં નિવૃત્તિ લઈ લીધી. ચારુતર વિદ્યામંડળમાં હું શરૂઆતથી જ અધ્યક્ષ તરીકે કામ કરતો હતો. મારી જગ્યાએ સરદારશ્રીના પુત્ર ડાહ્યાભાઈને કામ કરવા માટે મેં વિનંતી કરી અને કાઉન્સિલની સભા ભરી ડાહ્યાભાઈની તે સ્થાન ઉપર ચૂંટણી કરાવી. ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળમાં પણ હું અધ્યક્ષ તરીકે કામ કરતો હતો. ત્યાં કામ કરવા માટે શ્રી ત્રિભોવનદાસ ગોપાલદાસ પટેલને મેં વિનંતી કરી. શ્રી ત્રિભોવનદાસ તો બહુ જ વ્યવસાયી માણસ હતા. મુંબઈમાં સારો એવો પગાર મેળવતા હતા અને સાથે સાથે બીજી પણ ધંધાદારી પ્રવૃત્તિઓ કરતા હતા. તે બધું છોડી મારું સ્થાન લેવાની તેમને મેં વિનંતી કરી. તેમણે મારી વિનંતી સ્વીકારી. ત્રિભોવનદાસ એક પ્રખ્યાત એન્જિનિયર હોવાથી અને વ્યાપારી ધોરણે માલસામાન બનાવવાનો તેમને અનુભવ હોવાથી તેમની રાહબરી નીચે ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળનો સારો વિકાસ થયો.

૧૯૫૯માં પરિસ્થિતિ એવી ઊભી થઈ કે શ્રી ડાહ્યાભાઈએ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષપદેથી રાજીનામું આપ્યું. તે જ અરસામાં તેઓ મુંબઈ ધારાસભામાંથી રાજ્યસભામાં ચૂંટાયા હતા. નસીબજોગે અ જ અરસામાં શ્રી એચ. એમ. પટેલ નિવૃત્ત થયા અને તેમની સેવાઓ વિદ્યાનગરને મળે તેવી મારી વિનંતી તેમણે સ્વીકારી.

આ અગાઉ પણ શ્રી એચ. એમ. પટેલ વિદ્યાનગરની યોજનામાં રસ લેતા હતા અને અવારનવાર વિદ્યાનગરની મુલાકાતે પણ આવતા. બિરલા એન્જિનિયરિંગ કૉલેજના ગવર્નિંગ બોડીના, શ્રી જુન્નરકર પછી શ્રી એચ. એમ. પટેલ ચેરમેન તરીકે નિયુક્ત થયેલા અને તે કારણે પણ વિદ્યાનગરની વર્ષમાં બેત્રણ વાર મુલાકાત લેતા. વળી જ્યારે જ્યારે અમે દિલ્હી જતા ત્યારે ત્યારે શ્રી એચ. એમ. પટેલને મળતા અને અમારા કામમાં સલાહસૂચન તેમ જ સહાય પણ લેતા. સરદાર પટેલ યુનિવર્સિટી બિલનો જે આખરી ખરડો તૈયાર કરેલો તે પણ શ્રી એચ. એમ. પટેલ જોઈ ગયેલા અને તેમણે તેમાં સુધારાવધારા કરેલા. સિંધમાં હતો ત્યારથી મારો તેમની જોડે સંબંધ હોવાને લીધે તેમ જ વિદ્યાનગરની યોજના સાથે શરૂઆતથી જ તેઓ સંકળાયેલા હોવાથી, નિવૃત્ત થયા પછી વિદ્યાનગર આવી વસવાટ કરવા તેમ જ મંડળનો વહીવટ સંભાળી લેવા હું તેમને સમજાવી શક્યો.

ત્યારથી આજ દિવસ સુધી શ્રી એચ. એમ. પટેલ ચારુતર વિદ્યામંડળનો વહીવટ ચલાવી રહ્યા છે. ગ્રામોદ્ધાર મંડળને માર્ગદર્શન આપી રહ્યા છે અને યુનિવર્સિટીની સિન્ડિકેટના એક

અગ્રણી સભ્ય તરીકે કામ કરી રહ્યા છે. એમના વહીવટમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી વધવાથી આર્ટ્સ અને સાયન્સ કોલેજ જે ભેગી બેસતી હતી તે તેમણે જુદી કરી અને વિઠ્ઠલભાઈ પટેલ મહાવિદ્યાલયનું આખું મકાન સાયન્સ કોલેજને સોંપી દીધું. નલિની એન્ડ અરવિન્દ આર્ટ્સ કોલેજ એમણે નવી બંધાવી; વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જ ચાલી એટલે રાજરત્ન પી. ટી. પટેલ સાયન્સ કાલેજનું બીજું ભવ્ય મકાન ઊભું કર્યું; આર્ટ્સ વિભાગમાં પણ વિદ્યાર્થીઓની સંખ્યા વધી, એટલે ટી. વી. પટેલ આર્ટ્સ કોલેજનું બીજું મકાન ઊભું કર્યું. ગુજરાતના વિદ્યાર્થીઓનું અંગ્રેજી ઘણું કાચું હોય છે એટલે તે સુધારવું હોય તો અંગ્રેજીના સારા શિક્ષકો તૈયાર કરવા જોઈએ તેની જરૂરિયાત તેમને ઘણા વખતથી લાગતી હતી. એટલે તેમની ષષ્ટિપૂર્તિ વખતે જે થેલી તેમને અર્પણ કરવામાં આવી તેની બધી જ રકમ એક ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈંગ્લિશની સ્થાપના કરવામાં તેમણે આપી દીધી. ચિત્રશિક્ષકો માટે તેમણે એક કલાકેન્દ્ર ઊભું કર્યું અને એક પછી એક નવી હોસ્ટેલો તેઓ બંધાવતા રહ્યા. આ સિવાય જેમ જેમ સ્ટાફ વધતો ગયો તેમ તેમ સ્ટાફને રહેવાનાં મકાનો પણ તેમણે બંધાવ્યાં. વલ્લભનગરના બાકરોલ તરફના છેડા ઉપર એક વિશાળ હાઈસ્કૂલનું મકાન બંધાવ્યું, જેને માટે નડિયાદના શ્રી ધર્મસિંહ દેસાઈ પાસેથી એક લાખ અગિયાર હજાર એકસો અગિયાર રૂપિયાનું દાન મેળવવામાં આવ્યું. પ્રાથમિક શાળાના મકાનને પણ મોટું કર્યું. મહિલામંડળનું મકાન ઊભું કરવામાં મદદ કરી અને બાલમંદિરની વ્યવસ્થા મહિલામંડળને સોંપી દીધી. અને વિદ્યાર્થિનીઓ માટે એક ખાસ હોસ્ટેલ પણ બંધાવી.

શરૂઆતનાં વર્ષોમાં અમે સંસ્થાઓ અને મકાનો ઊભાં કરવામાં પડ્યા હતા. અમને અનેક નાણાકીય મુશ્કેલી પડતી અને દર મહિને વેળાસર કર્મચારીઓને પગાર આપવામાં પણ મુશ્કેલીઓ પડતી. શ્રી એચ. એમ. પટેલ આવ્યા બાદ નાણાકીય અને વહીવટી વ્યવસ્થા સુંદર રીતે ગોઠવાઈ અને વહીવટમાં પણ વ્યવસ્થિતપણું આવ્યું. આને પરિણામે બહાર પણ મંડળની શાખ બંધાઈ અને મંડળને ઉધાર માલ પણ આપવા વેપારીઓની પડાપડી થવા મંડી.

લગભગ દસ વર્ષના ગાળામાં શ્રી એચ. એમ. પટેલે ચારુતર વિદ્યામંડળની પ્રવૃત્તિઓનો ઘણો વિકાસ કર્યો. એ ઉપરાંત વિદ્યાનગરને અડીને જ વિઠ્ઠલ ઉદ્યોગનગરની સ્થાપના કરી અને વિઠ્ઠલભાઈ પટેલનું સુંદર સ્મારક ઊભું કર્યું. વલ્લભ વિદ્યાનગરમાં સરદારશ્રીની પ્રતિમા મુકાયેલી છે એની બરોબર સામે જ વિઠ્ઠલ ઉદ્યોગનગરમાં વિઠ્ઠલભાઈ પટેલની પ્રતિમા મુંબઈથી લાવીને શ્રી એચ. એમ. પટેલે મુકાવી. શ્રી એચ. એમ. પટેલના સમય દરમિયાન


ISSN 0976 – 9609

ગ્રામોદ્ધાર મંડળના વેપારનો પણ વિકાસ થયો છે; જો કે તેઓ ગ્રામોદ્ધાર મંડળના વહીવટ જોડે સીધી રીતે સંકળાયેલા રહ્યા નથી. વલ્લભ વિદ્યાનગરની પંચાયતના પણ તેઓ થોડો વખત સરપંચ રહ્યા હતા અને તે દરમિયાન પંચાયતને તેમણે નાણાકીય દૃષ્ટિએ સદ્ધર બનાવી.

મને મોટામાં મોટો સંતોષ એ વાતનો છે કે મારી પાછળ વિદ્યાનગરનો વહીવટ એક અતિ શક્તિશાળી માણસના હાથમાં મુકાયો છે. સરદારશ્રી મને દર અઠવાડિયે લખતા હતા કે તમારી પાછળ માણસ તૈયાર કરજો. જાણે કે તેમની ઇચ્છા પૂરી કરવા માટે જ ભગવાને ઘણા જ બાહોશ એવા શ્રી એચ. એમ. પટેલને વિદ્યાનગર મોકલ્યા, એમ મને લાગે છે.

ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળ લિમિટેડમાં ભીખાભાઈના અવસાન બાદ તેમનું સ્થાન શ્રી હીરાલાલ દેસાઈએ લીધું. શ્રી હીરાલાલ દેસાઈ ધારવાડમાં ખેતીવાડી કૉલેજના પ્રિન્સિપાલ તરીકે નિવૃત્ત થઈ અમને વિદ્યાનગરમાં માનદ્ સેવા આપતા હતા. વહીવટી અનુભવ એમને સારો હતો જેથી ઓફિસના કામમાં તેમ જ ખેતીવાડીના અને જમીનના પ્રશ્નોમાં તે બહુ ઉપયોગી રહ્યા.

શ્રી નટવરલાલ દવે પછી ચારુતર વિદ્યામંડળના મંત્રી તરીકે શ્રી બી. સી. પટેલ આવ્યા. શ્રી બી. સી. પટેલ સામાન્ય સ્થિતિમાંથી પોતાની અક્કલ, આવડત અને પરિશ્રમથી એક સફળ વેપારી પુરવાર થયા હતા અને દેશવિદેશનો તેમણે સારો એવો પ્રવાસ ખેડ્યો હતો. અમુક ઉંમર પછી વેપારધંધામાંથી નિવૃત્ત થઈ સમાજસેવાનાં કામ કરવાની તેમને ઇચ્છા હતી; અને જ્યારે શ્રી એચ. એમ. પટેલે વિદ્યાનગર આવી મંડળના વહીવટમાં મદદરૂપ થવા વિનંતી કરી ત્યારે શ્રી બી. સી. પટેલે તે સહર્ષ સ્વીકારી. તે અગાઉ પણ તેઓ એકબે વખત વિદ્યાનગર આવી ગયા હતા અને મારો અને તેમનો પરિચય થયેલો હતો. મંત્રીપદે આવતાં પહેલાં પણ તેમની પાસેથી મંડળને થોડુંક દાન મળ્યું હતું. પ્રથમ પત્નીના અવસાન બાદ તેમણે એક જર્મન બાઈ જોડે લગ્ન કર્યું હતું, જેમનું ભારતીય નામ ઉષાબહેન છે. ઉષાબહેન પણ સો ટકા હિન્દી બની ગયાં છે. શ્રી બી. સી. પટેલ શિસ્તના આગ્રહી રહ્યા છે અને વ્યવસ્થિતપણા વિશે તેમણે સારી એવી ચીવટ અને ચોકસાઈ રાખી છે જે અનુકરણીય છે. શ્રી ત્રિભોવનદાસ ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળના અધ્યક્ષ તરીકે નિવૃત્ત થયા ત્યારથી શ્રી બી. સી. પટેલ તે મંડળનું અધ્યક્ષ સ્થાન પણ સંભાળે છે, જેમાં તેમનો વ્યાપારઉદ્યોગનો અનુભવ ઉપયોગી નીવડ્યો છે .

શ્રી હીરાલાલ દેસાઈ બાદ ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળના મંત્રી તરીકે અને ચારુતર વિદ્યામંડળના સહમંત્રી તરીકે શ્રી ચીમનભાઈ દેસાઈ કામ કરી રહ્યા છે. તેઓ શ્રીમંત કુટુંબના નબીરા છે અને એમની ત્રણ પેઢીઓએ એ એકના એક જ દીકરા હોવાથી ઘણા લાડમાં ઊછરેલા. પણ ચૌદ વર્ષની ઉંમરથી એમને ગાંધીજીનો રંગ લાગેલો અને લડતમાં જોડાયેલા. ત્યારથી તેમણે આઝાદીની લડતમાં ભાગ લીધેલો અને ઘણીવાર જેલની સજા ભોગવેલી. ઘરના સુખી હોવાથી પોતાનો બધો વખત તેઓ દેશસેવામાં આપી શક્યા હતા. વિદ્યાનગર માટેની જમીન મેળવતી વખતે શ્રી પરસોત્તમ દેવજીભાઈ સાથે એમણે પણ જમીન મેળવવામાં પૂરેપૂરો સહકાર આપેલો અને એમની પોતાની જમીન પણ જે વિદ્યાનગરના વિસ્તારમાં જતી હતી તે ખુશીથી જવા દીધી. ભીખાભાઈ સાથે ૧૯૫૧માં આફ્રિકા જઈને ત્યાંથી લગભગ દસ લાખનું ભંડોળ એકઠું કરવામાં તેમણે મોટો ભાગ ભજવ્યો. બન્ને મંડળોના વહીવટમાં વ્યવહારુ શાણપણ અને કોઠાસૂઝથી તેઓ કામ કરે છે. મકાનમાલિકોની કે પ્લોટ-હોલ્ડરોની ફરિયાદો, મંડળના પ્લોટો વેચવા હોય કે નવા પ્લોટો રાખવા હોય, મંડળના કર્મચારીઓને મંડળના મકાનોમાં વસવાટ કરવાનો વગેરે બધી બાબતો સંતોષકારક રીતે સંભાળે છે . મેડિકલ કોલેજ કરવાની તૈયારી થઈ રહી છે ત્યારે એને માટે બાકરોલ ગામના ભાઈઓને સમજાવીને જમીન આપવા તેઓ તૈયાર કરી રહ્યા છે. એમની પાસે કામ કઢાવી લેવાની કુનેહ છે.

આ સિવાય અનેક નાનામોટા ભાઈઓનો મને સહકાર સાંપડ્યો છે. જેમાંના ઘણાએ માનદ્ સેવાઓ આપી છે અને કેટલાકે સવેતન સેવાઓ આપી છે. પણ એ બધાનો વિગતવાર ઉલ્લેખ કરું તો પ્રકરણોનાં પ્રકરણો ભરાઈ જાય. આમ છતાં શ્રી હરિવલ્લભદાસ શેઠે જે શરૂઆતના વર્ષોમાં માનદ્ સેવાઓ આપી તે ભૂલી શકાય એમ નથી. પ્રેમાનંદ સ્વામીએ જે સંશોધન કામ કર્યું અને ગૃહઉદ્યોગનાં યંત્રો બનાવવા માટે પ્રયાસ કર્યો તે પણ ભૂલી શકાય તેમ નથી. આ જ રીતે શ્રી મગનભાઈ અમીન અને શ્રી મોહનલાલ ઝવેરીનો પણ મારે ઉલ્લેખ કરવો જોઈએ. આ સિવાય ડૉ.સિરવાઈ જેઓ નિવૃત્ત થતાં પહેલાં અમદાવાદ મ્યુનિસિપાલિટીના હેલ્થ ઓફિસર હતા તેમણે વિદ્યાનગરમાં આવીને અહીંના રહેવાસીઓને શુદ્ધ પાણી મળે તેમ જ માખીઓ અને મચ્છરોના ઉપદ્રવમાંથી વિદ્યાનગર મુક્ત રહે તે માટે જે પ્રયાસો કર્યા તે હંમેશાં યાદ રહેશે.


ISSN 0976 – 9609

સવેતન સેવા આપનારાઓમાં ચીફ એન્જિનિયર તરીકે શ્રી શાંતિભાઈ અમીનની સેવાઓ શરૂઆતથી જ મને મળી હતી અને તેઓ તેમની આજુબાજુ સાહસિક અને ભાવનાશાળી યુવાન ઇજનેરોની ટોળી ભેગી કરી શક્યા હતા. હિસાબી શાખામાં શ્રી કાન્તિભાઈ અમીનની રાહબરી હેઠળ સુંદર કામ ચાલી રહ્યું હતું. આ ઉપરાંત શ્રી જુન્નરકર એક મહાન વિદ્વાન અને આદર્શ આચાર્ય હતા. તેમને લીધે જ બિરલા મહાવિદ્યાલયની કીર્તિ હિન્દભરમાં ફેલાઈ હતી. એ કૉલેજની યોજનાથી માંડીને સરદાર પટેલ યુનિવર્સિટીની સ્થાપના સુધી એમણે દરેક ક્ષેત્રમાં કામ આપ્યું છે. બીજી કોઈપણ જગ્યાએ અમે એમને આપતા હતા તેના કરતાં ઘણો વધારે પગાર મળી શક્યો હોત અને તે રીતે તેમની સેવાઓની માગણી પણ થયેલી. આમ છતાં તેમણે પ્રેમપૂર્વક સંસ્થાની સેવા કરી છે. તેમને સ્થાને શ્રી ગિરીશચંદ્ર દેસાઈ એન્જિનિયરિંગ કોલેજના આચાર્ય તરીકે આવ્યા. અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં એમણે ટાઉન પ્લાનિંગ ઓફિસર તરીકે સેવા બજાવી હતી. મ્યુનિસિપાલિટીના દરેક ક્ષેત્રમાં કામ કરેલું અને એમને બહોળો અનુભવ હતો.

આ જ રીતે મારે જેમનો ઉલ્લેખ કરવો જોઈએ તેવાઓમાં વી. પી. કૉલેજના માજી પ્રિન્સિપાલ શ્રી માધવલાલ શાહ અને કોમર્સ કોલેજના પ્રિન્સિપાલ શ્રી આર. કે. અમીનનો સમાવેશ થાય છે. શ્રી શાહ એક જાણીતા ગણિતશાસ્ત્રી હતા જ્યારે શ્રી આર. કે. અમીને અર્થશાસ્ત્રી તરીકે નામના મેળવી છે. યુનિવર્સિટીના કેમેસ્ટ્રી વિભાગમાં ડો. આર. ડી. પટેલનો ફાળો અને તેમની વી. પી. કોલેજમાં આપેલી સેવાઓનું મૂલ્ય આંકી શકાય એમ નથી. આ જ રીતે પ્રો. અંબુભાઈ પટેલે ફિઝિક્સ વિભાગમાં સુંદર કામ કર્યું છે. વિદ્યાનગરમાં યાદગાર સેવા આપનારાઓમાં પ્રો. દુતિયા, અંગ્રેજીના પ્રોફેસર નાનુભાઈ દેસાઈ, પ્રો. ચોખાવટીઆ, પ્રો. પ્રિયાણી, વગેરે સંખ્યાબંધ ભાઈઓનો મારે ઉલ્લેખ કરવો જોઈએ. વિદ્યાનગરે જે સિદ્ધિઓ દ્વારા કીર્તિ પ્રાપ્ત કરી છે એના પાયામાં આવાં નાનાંમોટાં અનેક ભાઈબહેનોની સેવા પડેલી છે.

- ('ભાઈકાકાનાં સંસ્મરણો' - પોતે લખેલા જીવનના મહત્વના પ્રસંગોમાંથી સાભાર)

## મૈત્રીભાવ

એસ.જી. પટેલ

માણસ એ સામાજિક પ્રાણી હોવાને નાતે તે હંમેશાં માનવીય સંબંધો સાચવી, બધા સાથે ઓતપ્રોત થઈ, આનંદમય જીવન જીવવાનું પસંદ કરે છે. તેની પાસે કેટલાક જન્મજાત અને કૌટુંબિક સંબંધો હોય છે. તેમાં માબાપ, ભાઈબહેન, દાદા-દાદી, કાકા-કાકી, મામા-મામી, માસા-માસી... વગેરેનો સમાવેશ થાય છે. આ સંબંધો બાંધવામાં આપણી કોઈ પસંદગી હોતી નથી. પણ, કોની જોડે મૈત્રી બાંધવી તે આપણા હાથમાં છે. માણસે જાતે બાંધેલા મૈત્રી સંબંધો અપરંપાર હોય છે. મૈત્રીના સંબંધો કેવા માણસો સાથે અને કેવી રીતે બંધાય છે, તે સમજવા જેવું હોય છે. મૈત્રી બંધાય તો ખરી પણ તે કેટલો સમય ટકી રહે તે અનેક બાબતો પર નિર્ભર હોય છે. તેમાં બંને પાત્રોની આદતો, ગમા-અણગમા અને પરિસ્થિતિની સમાનતા જવાબદાર બને છે. વળી, સરખે સરખા વચ્ચેની મૈત્રી વધારે લાંબી ટકે છે અને વધારે ગાઢ બને છે.

મૈત્રીમાં કોઈપણ જાતના સ્વાર્થ વિના દરેક ભાવનાને વ્યક્ત કરવાની મોકળાશ હોય છે. તેમાં ભેદભાવ જરાય ન હોય. મિત્રથી તમે કેટલા પણ દૂર જાવ છતાં તે હંમેશાં તમને યાદ રહે જ છે. મૈત્રી કદી એકબીજા સાથે સરખામણી કરાવતી નથી. મોટાભાગે સહાધ્યાયીઓ વચ્ચે બંધાતી મિત્રતા આજીવન બની જાય છે. તેમાં શ્રીમંત કે સત્તાધારીઓ અને ગરીબ મિત્રો વચ્ચેના સંબંધોની વાતો આપણી પરંપરામાં જાણીતી છે. કૃષ્ણ-સુદામાની જોડી સાથે ભણેલા અને ગરીબી-સમૃદ્ધિનો જબરદસ્ત તફાવત હોવા છતાં, એ મૈત્રી ટકી રહી હતી. મિત્રતામાં આર્થિક અસમાનતા આડે આવતી નથી. કૃષ્ણ ભગવાન સાંદીપનિ ઋષિ પાસે શિક્ષા લેવા ગયા તે વખતે સુદામા તેમના સહાધ્યાયી હતા.

વિદ્યાર્થી અવસ્થામાં કૃષ્ણ અને સુદામા સાથે રહી આશ્રમમાં સેવા અને શિક્ષણનો લાભ લેતા હતા. ત્યાર પછી શ્રીકૃષ્ણ ઐશ્વર્યના સ્વામી બન્યા અને દ્વારકાના રાજમહેલમાં રહેતા. બીજી બાજુ સુદામાને ગરીબીમાં દિવસો વિતાવવાના હતા. સુદામાના બાળકોને ભૂખ્યા રહેવું પડતું. સુદામાની પત્નીએ તેમના મિત્ર શ્રીકૃષ્ણ પાસે મિત્રભાવે મદદ માગવા જવા આગ્રહ કર્યો હતો. સુદામા પત્નીની વાત સ્વીકારી શ્રીકૃષ્ણને મળવા દ્વારકા ગયા હતા. સુદામા મુઠ્ઠી ચાવલ લઈને ગયા હતા. જ્યારે સુદામા રાજમહેલ પહોંચ્યા ત્યારે દ્વારપાળે એમને રાજમહેલમાં પ્રવેશતાં રોક્યા હતા. જ્યારે શ્રીકૃષ્ણને ખબર પડી કે તેમનો જૂનો મિત્ર સુદામા રાજમહેલના દ્વારે ઊભો છે ત્યારે શ્રીકૃષ્ણ સુદામાને મળવા દોડી આવ્યા હતા. બંને મિત્રો વચ્ચેનો સંવાદ આશ્ચર્યજનક છે. છેવટે જ્યારે સુદામા તેના ઘેર પરત ફરે છે ત્યારે તેના મિત્ર તરફથી મળેલ ભેટ આજે પણ કૃષ્ણ-સુદામા માટે યાદગાર પ્રસંગ છે.

મહાભારત કથાના બે મિત્રો-દ્રોણ અને દ્રુપદ ગુરુકુળમાં સાથે ઊછર્યા હતા. બંને જુદી જુદી કક્ષાના પરિવારમાંથી આવ્યા હતા. દ્રોણ સામાન્ય બ્રાહ્મણ ભારદ્વાજના પુત્ર હતા અને દ્રુપદ રાજઘરાનાના વંશજ હતા. બેની સરખામણીમાં દ્રોણ વધારે બુદ્ધિશાળી હોવાથી ભણવામાં દ્રુપદને હંમેશાં મદદ કરતા હતા. આશ્રમમાંથી જ્યારે તેમને છૂટા પડવાનો સમય આવ્યો ત્યારે દ્રુપદે તેના મિત્ર દ્રોણને વચન આપ્યું હતું કે તારે જ્યારે મદદની જરૂર પડે ત્યારે તું મારી પાસે આવજે, હું તને જરૂર મદદ કરીશ. આશ્રમ જીવન પૂરું થયા પછી દ્રોણ લગ્ન કરે છે અને તેને અશ્વત્થામા નામે દીકરો હોય છે. પણ તેનો પરિવાર સામાન્ય


ISSN 0976 – 9609

જીવન જીવવામાં મુશ્કેલી અનુભવતો હતો જ્યારે દ્રુપદ પાંચાલનો રાજા બને છે અને તેનો સત્તાનો નશો આસમાને પહોંચે છે. એક દિવસ અશ્વત્થામાને એના જ મિત્રો ઠટ્ઠા-મશ્કરી કરી અપમાન કરે છે ત્યારે દ્રોણાચાર્ય દુઃખી થાય છે. લાંબી વિચારણા પછી તેને ગુરુકુળના સહાધ્યાયી દ્રુપદના વચનની યાદ તાજી થાય છે અને દ્રુપદ પાસે જઈ થોડી ગાયો મેળવવા આશા રાખે છે.

દ્રોણાચાર્ય જ્યારે દ્રુપદના મહેલે પહોંચે છે ત્યારે દ્વારપાળ તેમને રોકે છે. વળી, ગરીબ બ્રાહ્મણના વેશ અને રાજાના બાળપણના મિત્ર હોવાની વાતથી તેની મજાક ઉડાવે છે. આવું બધું થવા છતાં દ્રોણાચાર્યના આગ્રહથી રાજમહેલમાં પ્રવેશ મળે છે ખરો પણ દ્રુપદ એને અભિમાનમાં બાળપણના મિત્રને ઓળખવાને બદલે બોલે છે કે ''ધનવાન રાજા અને ગરીબ બ્રાહ્મણ મિત્રો કેવી રીતે હોઈ શકે?'' રાજા તેના રાજ્યમાંથી થોડી ગાયો આપવાનો હુકમ કરે છે. રાજા દ્રુપદના અભદ્ર વ્યવહારથી નારાજ થયેલ દ્રોણાચાર્ય ખાલી હાથે પરત ફરે છે. અહીં દ્રુપદ રાજાના ગર્વિષ્ઠ સ્વભાવના કારણે દ્રોણ સાથેની મૈત્રી તૂટે છે અને આખા જનમનાં વેર બંધાય છે.

ઉપરોક્ત બંને મિત્ર-જોડીમાં એક સમાનતા એ છે કે બાળપણના સહાધ્યાયીઓ લાંબા સમય સુધી એકબીજાને મળી શકતા નથી. મિત્રો વચ્ચેનો સંબંધ સમાનતાના આધાર પર બંધાય છે અને સમાનતા ધરાવનાર માનસ હોય તો જ ટકી રહે છે. મોટાભાગના લોકોનો અનુભવ એવો જણાય છે કે, મૈત્રી ભાગ્યે જ લાંબો વખત ટકે છે. દરિયામાં ઊછળતા લાકડાના બે ટુકડાઓ મળે, થોડો વખત દરિયામાં સાથે હિલોળા ખાય અને પછી કાયમ માટે છૂટા પડી જાય તેવા આ દુન્યવી સંબંધો હોય છે.

મૈત્રી નિઃસ્વાર્થ અને નિખાલસ હોય તો જ ટકી શકે છે. એકબીજા પાસેથી લાભ મેળવી લેવા માટેના ધંધાદારી મૈત્રી સંબંધો ભાગ્યે જ ટકે છે અને તૂટે ત્યારે ઘણી કડવાશથી તૂટે છે કારણ કે બંને પક્ષો એકબીજાની નબળાઈઓથી સંપૂર્ણ જાણકાર હોય છે. આવા મૈત્રી સંબંધોને દેશી ભાષામાં તાળી મિત્રો કહેવાય છે. લોકોની મૈત્રી તાળી પાડવામાં અને એકબીજાને તાળી આપવામાં જેટલો સમય જાય તેટલો સમય જ મૈત્રી ટકે છે. વફાદાર જૂના નોકરો, જૂનો દારૂ અને જૂના મિત્રો માટે દુનિયાની દરેક ભાષામાં અહોભાવ વ્યક્ત કરવામાં આવ્યો છે. આવો અહોભાવ વ્યાજબી ગણાય છે કારણ કે લાંબા સમય પછી મળનાર બંને મિત્રો કે મૈત્રિણીઓની પરિસ્થિતિમાં ઘણો તફાવત પડી જાય છે. જ્યારે કાળ અને પરિસ્થિતિની અસમાનતાને વટાવી જઈને જે સંબંધ ટકે તે જ સાચી મૈત્રી ગણાય.

સુખ કે દુઃખમાં સમાન ભાવે સ્નેહ સાચવનાર અને ધરાવનાર મિત્રો આ દુનિયામાં બહુ ઓછા જોવા મળે છે. કોઈક નસીબદારને જ આવા મિત્રો મળે છે, પણ આવી મૈત્રી અને આવા સંબંધોનું પ્રમાણ છેક ઓછું નથી, એ પણ ખ્યાલમાં રાખવું જોઈએ. ''મૈત્રીકરાર'' શબ્દના ઓઠા હેઠળ સ્ત્રી-પુરુષ લગ્ન કર્યા સિવાય પરિણીત જીવન ગાળે તે માત્ર તેમના દૈહિક સંબંધોનો ભ્રષ્ટાચાર જ છે. તેમાં નથી મૈત્રી કે નથી કરાર. અહીં મૈત્રી જેવા પવિત્ર સંબંધનો દુરુપયોગ જ ગણાય ને? મૈત્રીભાવ સમાનતાનું પ્રતીક છે અને જે સંબંધોમાં સમાનતા નથી અને સમન્વયની ભાવના નથી તે સંબંધોને મૈત્રી સંબંધ કહેવાનું શક્ય નથી. પ્રાર્થનાપોથીમાં જૈનસ્તવન મૈત્રીભાવનાનો યથાર્થ ભાવ રજૂ કરે છે.

મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે, (૨)
શુભ થાઓ આ સકળ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે. (૨)

ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે, (૨)
એ સંતોના ચરણકમળમાં, મુજજીવનનું અર્ધ્ય રહે. (૨)

દીન, ક્રૂર ને ધર્મ વિહોણાં, દેખી દિલમાં દર્દ રહે, (૨)
કરુણાભીની આંખોમાંથી, અશ્રુનો શુભ સ્રોત વહે. (૨)

માર્ગ ભૂલેલા જીવનપથિકને, માર્ગ ચીંધવા ઊભો રહું, (૨)
કરે ઉપેક્ષા એ મારગની, તોયે સમતા ચિત્ત ધરું. (૨)

વીર પ્રભુની ધર્મભાવના, હૈયે સૌ માનવ લાવે, (૨)
વેરઝેરના પાપ ત્યજીને, મંગળ ગીતો સૌ ગાવે. (૨)

---

માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર

।। વિદ્યાવૃત્ત ।।

## CVM યુનિ.- ADITની ટીમ બની ઈલેક્ટ્રિક ટુ વ્હીલર ડિઝાઈન સ્પર્ધામાં નેશનલ ચેમ્પિયન

સી.વી.એમ. યુનિ.ની ન્યૂ વિદ્યાનગર સ્થિત એ.ડી.આઈ.ટી. એન્જિનિયરિંગ કોલેજના ઓટોમોબાઈલ એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટની ટીમ ‘અદ્વેય’ રાષ્ટ્રીય સ્તર પર યોજાયેલી ઓલ ઈન્ડિયા ઈલેક્ટ્રિક ટુ વ્હીલર ડિઝાઈન કોમ્પીટિશન-૨૦૨૦માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને વિજેતા જાહેર થઈ છે.

SAE ઈન્ડિયા સાઉર્ધન સેક્શન દ્વારા યોજાયેલી આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઈલેક્ટ્રિક સ્કુટરની ઈનોવેટિવ ડિઝાઈન તૈયાર કરવાની હતી. ભારતભરમાંથી ૧૦૧ ટીમોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો અને ADITની ટીમે ઓવર ઓલ પરફોર્મન્સ અને બેસ્ટ ડિઝાઈન બંને કેટેગરીમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

ટીમ ‘અદ્વેય’ દ્વારા તેમના ઈલેક્ટ્રિક સ્કુટરમાં GPS નેવિગેશન, બેટરી ફેલ્યર કટ ઑફ, એક્સિડન્ટ ડીટેક્શન સિસ્ટમ, રીમોટ ઍક્સેસ, ચાર્જિંગ રિમાઈન્ડર, ટચ સ્ક્રીન, વોઈસ આસિસ્ટન્ટ જેવા યુનિક અને ઈનોવેટિવ ફીચર્સ રજૂ કરવામાં આવ્યા હતા. આ ઈલેક્ટ્રિક સ્કુટરના સ્પેસિફિકેશનમાં 48 V, 1.9 kW Li-ion બેટરી પેક, 1.0 KW BLDC હબમોટરનો સમાવેશ થાય છે જે ઝીરોથી 35 Kmphની સ્પીડ 10 સેકન્ડમાં પકડી શકે છે.

ADITની ટીમ ‘અદ્વેય માં કીશન જોશી (કેપ્ટન), હાર્દિક, સન્ની, જૈવિક, હર્ષ, અમર્ત્ય, મીત, હાર્દિક નાકરાની, સતિષ અને હિમાંશુ દ્વારા છેલ્લા એક વર્ષથી પણ વધારેની મહેનત બાદ આ સંપૂર્ણ ડિઝાઈન તૈયાર કરવામાં આવી હતી જેમને ડૉ. નિમીત પટેલ દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે ADITની ટીમ ઈલેક્ટ્રિક ટુ વ્હીલર ડિઝાઈન કોમ્પીટિશનમાં ૨૦૧૯ બાદ ૨૦૨૦માં પણ સતત બીજા વર્ષે નેશનલ ચેમ્પિયન બની છે.

રાષ્ટ્રીય વિજેતા ટીમને ડૉ. સંજય પટેલ (હેડ, ઓટોમોબાઈલ એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટ), ડૉ. વિશાલ સિંઘ (પ્રિન્સિપાલ, ADIT), સી.વી.એમ.ના માનનીય અધ્યક્ષ શ્રી ભીખુભાઈ પટેલ તથા સી.વી.એમ.ના તમામ હોદ્દેદારોએ અભિનંદન પાઠવ્યા હતા.


ISSN 0976 – 9609

## સંગ ન કરીએ નીચનો

**મીરાંબાઈ**

વારુ મારા વીરા રે, સંગ ન કરીએ નીચનો રે જી!
નીચપણું નિશ્ચે નરકે લઈ જાય. વારું૦

આકડિયાનાં દૂધ રે, અતિ ઘણાં ઊજળા રે જી;
તેને પછી તરત મૃત્યુ થાય. વારું૦

ગરવી ગાયનાં દૂધ રે અતિ ઘણાં મીઠડા રે જી;
સાકર ભેળે સ્વાદ અદકેરો થાય. વારું૦

બાવળ તે કાંટાળો રે, દીસે અળખામણો રે જી;
છાંયે બેસે અંગ ને વસ્ત્ર ઉઝરડાય. વારું૦

આંબલિયાની છાયા રે દીસે રળિયામણી રે જી;
તેને સેવે ફળની પ્રાપ્તિ થાય. વારું૦

ગુરુને પ્રતાપે રે મીરાંબાઈ બોલિયાં રે જી;
રાખો અમને સંતના ચરણની માંહ્ય. વારું૦

## પ્રાણિયા! ભજી લેને કિરતાર...

**ભોજો**

પ્રાણિયા! ભજી લેને કિરતાર, આ તો સ્વપ્નું છે સંસાર-ટેક
ધન દોલત ને માલ ખજાના, પુત્ર ને પરિવાર,
એમાંથી જાશ તું એકલો પછે ખાશ જમના માર-૧

ઊંચી મેડી ને અજબ ઝરુખા, ગોખ તણો નહિ પાર,
કોટિધ્વજ ને લક્ષપતિ તેના બાંધ્યા રહ્યા ઘરબાર-૨

ઉપર ફરેરા ફરહરે, ને હેઠે શ્રીફળ ચાર,
ઠીક કરીને ઠાઠડીમાં ઘાલ્યો, પછે વાંસે પડે પોકાર-૩

સેજ તળાયું વિના સૂતો નહિ, જીવ હુન્નર કરતો હજાર,
ખોરી ખોરી ને ખૂબ જળાયો, જેમ લોઢું ગાળે લુહાર-૪

## ચકવી!

**મોરારસાહેબ**

ચકવી! રેન પડે મત રોવે!
અપને પિયા સોં પ્રીત લગા કે, ચરન-કમલ ચિત્ત પ્રોવે,
ચકવી! રેન પડે મત રોવે!

દો લખ જોજન ચંદ્ર રહે દૂરી, પોયણ પ્રફુલ્લિત હોવે,
ચકોર ચાહત ચંદ્ર કિરણ કો, જીવનને નહિ જોવે,
ચકવી! રેન પડે મત રોવે!

કીટ સમુદ્ર રહત, વરષા જલ, મોર બપૈયા મ્હોવે,
લગન મોરાર એસી જો લાયે, પ્રીતમ પ્રતિ ન બિછોવે,
ચકવી! રેન પડે મત રોવે!

## તારે માથે નગારાં વાગે...

**દેવાનંદ**

તારે માથે નગારાં વાગે મોતનાં રે, નથી એક ઘડીનો નિર્ધાર,
તોય જાણ્યા નહિ જગદીશને રે.
મોટા મેલીને રાજ મરી ગયા, જોને જાતાં ન લાગી વાર. તોય૦

તારું જોબન ગયું જખ મારતું રે, માથે કાળા મટી ગયા કેશ. તોય૦
અંતકાળે લેવાને જમ આવિયા રે, તેનો ભાળી ભયંકર વેશ. તોય૦

રોમ કોટિ વીછુતણી વેદના રે, દુઃખ પામ્યો તું દૈવના ચોર. તોય૦
સગાં સ્વાર્થી મળ્યાં સરવે લૂંટવા રે, તેનું જરાયે ન ચાલે જોર. તોય૦

જીભ ટૂંકી પડી ને તૂટી નાડીઓ રે, થયું દેહ તજ્યાનું તત્કાળ, તોય૦
દેવાનંદ કહે નવ જાણ્યા મારા નાથને રે, મળ્યો મનુષ્યનો દેહ વિશાળ. તોય૦

## સમર્પિત થઈ ગયો

**ગજાનન પટેલ**

બ્હાર ને ઘરમાંય વિચલિત થઈ ગયો,
પ્હાડની ટોચે સમર્પિત થઈ ગયો.

પુષ્પની ચોમેર વ્યાકુળતા વધે,
દેહની ભીતર સુવાસિત થઈ ગયો.

શ્વાસની સાથે જ હું અંદર ગયો,
બહારના ઉચ્છ્વાસે ભયભીત થઈ ગયો.

પારદર્શક જિંદગી તો ખ્વાબ છે,
છાંયડામાં હું સુરક્ષિત થઈ ગયો.

ઠેસ પહોંચાડ્યા પછી પથ્થર મળે,
હું ડગરથી આજ પરિચિત થઈ ગયો.

માર્ગમાં ફૂલો કદી પામ્યો હતો,
આપણો સંબંધ સુરભિત થઈ ગયો.

ગાયત્રીનગર સોસાયટી, કોલેજ રોડ, ખૂંધ,
તા.ચીખલી, જિ.નવસારી

## ત્રણ ગઝલો

**આબિદ ભટ્ટ**

અગર છે માગણી રણની નદી દઈ દે,
છે તાપી નર્મદા, ગોદાવરી દઈ દે!

ખુદા કર મ્હેરબાની એટલી આજે,
ઉધારી ખૂબ છે મારા વતી દઈ દે!

મને ક્ષણ એક આપો ચાખવા સુખની,
નથી એવું કહ્યું આખી સદી દઈ દે!

સજા ટાણે થશે દર્શન ખુદા તારા,
ગુનો બસ એક કરવાની રજા દઈ દે.

ગુલાબો, મોગરાની દેણ છે તારી,
ચમન માગે કદી સૂરજમુખી દઈ દે.

મહેફિલ જિંદગીની સાવ ફિક્કીફસ,
કૃપા કર એટલી તું હાજરી દઈ દે!

નહીં તો આવશે અંજામ બહુ બૂરો,
ચમનને પાય જળ એનો સખી દઈ દે!

પચાવી તખ્ત ચૂસે રક્ત લોકોનું
પ્રજા વત્સલ ફરીજી રાજવી દઈ દે!

નિર્ઝર, મદીના મસ્જિદ રોડ, પોલો ગ્રાઉન્ડ, હિંમતનગર
- ૩૮૩૦૦૧, જિ.સાબરકાંઠા. મો.૯૪૦૯૦ ૨૨૧૩૦

## મન બંધાતું

**હરીશ પંડ્યા**

એમ જુદાં ક્યાં થવાતું હોય છે,
વળગણે આ મન બંધાતું હોય છે.

હોય નાનાં એમની ચિંતા કરી,
ઘડપણે જાણે જીવાતું હોય છે.

સ્વપ્ન જેવું પણ હવે ક્યાં આવતું?
પાંપણોને ના મળાતું હોય છે.

શ્વાસની લીલા અકળ કેવી અહીં,
આંગણું માતમને ગાતું હોય છે.

સાથે ચાલે ને ભરોસો જ્યાં કરો,
માર્ગ બદલી એય જાતું હોય છે.

ડી-૧, ત્રિલોચન સોસાયટી, ઘોઘા જકાત નાકા પાસે, રીંગ રોડ,
સુભાષનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧. મો.૯૪૨૮૪ ૦૧૬૨૭

## કોણ? (ગીત)

**યોગેશ પંડ્યા**

જાણ્યે-અજાણ્યે હું ખડકીએ જોઉં
મૂઈ!સાંકળ ખખડીને રહી જાય છે પછી..
મનમાં ને મનમાં હું કોનામાં મ્હોઉ?
કોઈ હળવેથી કાનમાં કહી જાય છે પછી...

લાગે એવું કે કોઈ હળવેથી ખડકીએ આવીને રહી ગયું ઊભું,
કામ બધા પડતા મેલીને હું તો દોડદોડ, શરમાતી ખડકીએ પૂગું

(કો'ક) ભણકારે ઠામ્મૂકું સાનભાન ખોઉં,
કોઈ પગલાં પવન થઈ જાય છે પછી.....

શેરીમાં સૂસવાતા સોંપટ સન્નાટાને ખુદના પડછાયામાં ભાળું
વેળા વિજોગની ખાળું તો કેમ ! કેમ ખૂદને હું મનથી સંભાળું,

આવનારું આવે તો આંખ્યુંથી ટોઉં,
આ તો બારણું ટકોરા બની જાય છે પછી.....

૧૪૧, શિવનગર,તળાજા રોડ,ભાવનગર-૩૬૪૦૦૨
વોટ્સએપ-૯૩૭૭૧૧ ૪૮૯૨



ISSN 0976 – 9609

## કયે અખાડે જશું?

ઝવેરચંદ મેઘાણી

માએ કહ્યું, ''ભાઈ, તારી પથારી ઉપાડી લેજે હો!''

''ના. કામવાળી પાસે ઉપડાવી લેજો - મારે વ્યાયામશાળાએ જવાનું મોડું થાય છે!''

બહેને વીનવ્યું, ''ભાઈ, કૂવે આવીને મને પાણી ભરી દેને, મારાથી ડોલ ખેંચાતી નથી.''

''ના, મારે તો વ્યાયામ કરવા જવાનું છે !''

બાપાએ કહ્યું, ''તારી બા માંદી છે; તું વાડીએ કપડાં ધોતો આવીશ?''

''ના, મારે જવું છે અખાડે!''

કામવાળી આજે આવી નથી. વાસણ-સંજવારી રઝળે છે. ઘેર પાંચ મહેમાન છે. બા-બહેન રસોઈપાણીમાં પડ્યાં છે.

પણ વ્યાયામ કરીને આવેલો ભાઈ હાથમાં સાવરણી લેતાં શરમાય છે. એઠાં વાસણની તો સામે પણ જોતો નથી. એ કામ તો બૈરાંનું!

દસ-દસ શેરિયાં મગદળ ફેરવીને મલ્લ થયેલો ભાઈ અખાડેથી આવ્યો છે. બાપુ કહે છે, ''બજારમાંથી અધમણ ઘઉં લઈ આવીશ?''

ભાઈ ઘઉં ખરીદીને બજારમાં બૂમ પાડે છે : ''એઈ મજૂર! ચાર પૈસા લેજે, આ ઘઉં ઘેર નાખી આવ.''

ભાઈને ઘરના ઘઉં ઉપાડતાં શરમ આવે છે. .....ભાઈ વ્યાયામવીર છે!

ભાઈ-ભાભી મુંબઈ જાય છે. સ્ટેશને પોતાની પત્નીની ટ્રંક ઊંચકતાં એને ભોઠામણ આવે છે. ભાભીની કાખે છોકરું છે. તે ઉપરાંત ટ્રંક પણ એ પત્નીને માથે મેલે છે. ....ભાઈ અખાડિયન છે!

અખાડાના ભાઈબંધો ભેળો ભાઈ ઊપડે છે પ્રવાસે - તળાજે, શેત્રુંજે, ઘેલા સોમનાથ. નાનાં ભાંડરડાં કહે છે, ''ભાઈ, કોઈક વાર અમને સાંઢગર સુધી તો ફરવા તેડી જાવ... કો'ક દી હરણકુઈ તો બતાવો... કો'ક વાર સ્ટેશને એન્જિન જોવા તો લઈ જાવ!''

એ મારું કામ નથી.'' ......ભાઈ અખાડાવીર છે!

*

અખાડા આપણે ત્યાં ચાલે છે, વ્યાયામવીરો પાકે છે, શરીરને ટેડાં રાખીને ઘણા ચાલે છે. પણ ઘરનાં કામ કડવાં લાગે છે. દળણું, સંજવારી ને પાણી ભરવું - એવાં સાચાં આરોગ્યદાયી અને શરીરને સુંદર સુડોલ બનાવનારાં જરૂરી ઘરકામો એ ભાઈઓ કરતા નથી. એટલું જ નહીં, પણ હલકાં ગણે છે. પોતાની જનેતા કરે તે કામ હલકાં!

સ્ત્રીઓનો પક્ષ લેવાય છે - પણ તે તો ચર્ચામાં, શબ્દના વિવાદમાં. પરંતુ રોજિંદા ગૃહજીવનમાં સ્ત્રીને આપણે કેટલી હલકી ગણી છે! શારીરિક કામ - તે તો સ્ત્રીનું! પુરુષ એ કરે તો બાયલો ઠરે. વાળવાથી ને વાસણ માંજવાથી લઈ રાંધવા અને પથારી પાથરવા સુધીનાં તમામ કામોમાં સ્ત્રી-પુરુષના ભેદો છે, ત્યાં સુધી સ્ત્રીનું પદ ઊતરતું જ છે. ત્યાં સુધી વ્યાયામશાળાની સાર્થકતા નથી.

સાચો વ્યાયામ તો સવારથી સાંજ સુધીનાં ઘરકામોમાં છલોછલ પડ્યો છે. સાચો અખાડો કુટુંબનું શ્રમજીવન છે. અખાડે જઈને દંડ પીલો છો - તો ઘરની સંજવારી પણ કાઢો; બેઠક કરો છો - તો ઘરની રસોઈમાં પણ મદદ કરો!

અખાડાનો વ્યાયામ શરીરને ઘડે છે. ઘરનો વ્યાયામ શરીરને ઘડવા ઉપરાંત પણ સાર્થક બને છે. અખાડાની કોઈ પણ કસરતને ટક્કર મારે તેવી કસરતો દળવાની ને પાણી સીંચવાની, કપડાં ધોવાની ને દાળ ખાંડવાની છે. શરીરને ઘડે, સ્વજનોને રાહત અપાવે, ગૃહને સુંદર બનાવે ને પૈસાનો દુર્વ્યય બચાવે, એવો ગૃહવ્યાયામ એ સર્વોપરી વ્યાયામ છે.

અખાડા માટે પારકી ઓશિયાળ, પૈસા ભીખવા પડે, નાલાયકોને નોતરીને સંમેલનો કરવાં પડે, ખુશામત કરીને નીચા પડવું પડે; ઉપરાંત બંધારણના અને નાણાંના ગેરવહીવટના માંહોમાંહેના કજિયા જુદા! ગૃહજીવનને અખાડે પૂર્ણ સ્વગૌરવ, સંપૂર્ણ સ્વતંત્રતા અને પરમ શાંતિ.

પસંદગી પોતે જ કરી લેજો!

(- અરધી સદીની વાંચનયાત્રામાંથી સાભાર)

## જોસેફ મેકવાન : જીવન-કવન અને તેમના સાહિત્યમાં પ્રગટતી દલિત વેદના

પ્રવિણભાઈ ભીખાભાઈ વજીર

**પ્રસ્તાવના :**

જોસેફ મેકવાન એ ગુજરાતી સાહિત્યના સુખ્યાત અને લોકપ્રિય લેખક રહ્યા છે. ગુજરાતી દલિત સાહિત્યના પ્રથમ-શરૂઆતી પ્રારંભક અને પ્રમુખ સર્જક તરીકે એમનું અર્પણ ગુજરાતી સાહિત્યમાં મૂલ્યવાન છે. તેઓ માત્ર દલિત સાહિત્યના સર્જક ન રહેતા મુખ્ય ધારાના મહત્ત્વના સર્જક તરીકે પણ ઊભરી આવ્યા છે. વિષય વૈવિધ્ય, વ્યાપ તથા ગુણવત્તાની દૃષ્ટિએ પણ એમનું સર્જન વ્યાપક વર્ગોમાં સ્વીકૃતિ પામેલું છે.

દલિત સાહિત્ય એ અનુકંપા પ્રેરવાનું સાહિત્ય નથી, પડકારનું સાહિત્ય છે, ચેલેન્જનું સાહિત્ય છે. એની પ્રથમ શરત પ્રતિબદ્ધતા છે અને પ્રતિબદ્ધતા એક જવાબદારી હોય છે.

- **જન્મ અને બાળપણ :**

જોસેફ મેકવાનનો જન્મ ૯/૧૦/૧૯૩૫ના રોજ આણંદ જિલ્લાના ત્રણોલ ગામે થયો હતો. તેમના પિતાજીશ્રી ઈગ્નાસ મેકવાન શિક્ષક હતા ને ઘરે થોડી ખેતી પણ કરાવતા હતા. એમનું વતન ગામ ઓડ જિ.આણંદ. એમના બાનું નામ હીરા હતું. એમનું યુવાન વયે અવસાન થતાં એમના પિતાજી (મૂળ નામ ડાહ્યાભાઈ હરખાભાઈ માસ્તર) એ બીજીવાર લગ્ન કરેલું. કઠોર સ્વભાવના પિતાજી તથા સાવકી બાએ જોસેફ પાસે ઘર-ખેતરના ઠીક ઠીક વૈતરાં કરાવેલાં. આમ, આર્થિક સંકડામણો અને લાગણીઓના અભાવોએ એમની કસોટીઓ કરી હતી. તેઓ કહે છે કે એ ગરીબી અને પ્રેમઝંખના તથા ઝૂરણે એમને અનેક રીતે ઘડ્યા હતા. જોસેફનું મૂળ નામ જશવંતલાલ ડાહ્યાભાઈ મકવાણા હતું.

ઘરનું કામ, ઘરની સફાઈ કરવી, વાસણ માંજવા, કૂવેથી બાર બેડાં પાણી ભરવાનું, દાળ ભરડવાની, નવી માના લાડકવાયા દીકરાને કેડમાંથી નીચે નહીં મૂકવાનો એ પણ ખરું!, તમાકુની ખળીએ મજૂરીએ જવું, લાકડાં કાપવાં, ખેતરમાં કામ કરવું, હળ હાંકવા, કપડાં જાતે ધોવાનાં અને ભણવાનું યે ખરું! પોતાના હૃદયની વેદના વ્યક્ત કરતાં લેખક કહે છે-

''વહાલના વીરડા કાજે તો હું ભવરણ ભટક્યો છું. મારા સદાનાં બારેય પહોર ને આઠેય ઘડીનાં સંગી સાથી તો રહ્યા છે વેદના ને વલોપાત! વ્યર્થતા, વિહ્વળતા ને વલવલાટ! વીતરાગતા આવી ગઈ છે. ઘણીવાર મને સુખ સાથેના વેરથી વલખા માર્યા કર્યા છે મેં, સાચુકલા વહાલ કાજે ક્યાં-ક્યાં નથી રખડ્યો હું. વહાલ પરના બે બોલ ઝીલવા- હું તો ભૂખ્યો હતો ભાવનાનો, વહાલનો, શૈશવ આખુંય મારું વલખાતા વલખાતા જ વીત્યું છે.''

- **જોસેફ મેકવાનનું સમગ્ર સાહિત્ય :**

○ **નવલકથાઓ :**

૧. આંગળિયાત-૧૯૮૬
૨. લક્ષ્મણની અગ્નિ પરીક્ષા-૧૯૮૬
૩. મારી પરણેતર-૧૯૮૮
૪. મનખાની મિરાત-૧૯૯૨
૫. બીજ-ત્રીજનાં તેજ-૧૯૯૫
૬. આજન્મ અપરાધી-૧૯૯૫
૭. દાદાનો વેશ-૧૯૯૬
૮. માવતર-૧૯૯૬
૯. અમર ચાંદલો
૧૦. દરિયા-૨૦૦૧
૧૧. સંગવટો
૧૨. ભીની માટી કોરાં મન
૧૩. અપનો પારસ આપ
૧૪. ચારુ શિલા

○ **રેખાચિત્ર સંગ્રહો :**

૧. વ્યથાનાં વીતક
૨. વહાલાનાં વલખાં
૩. મારી ભિલ્લુ
૪. જનમજલાં
૫. જીવતરનાં નાટારંગ

 ISSN 0976 – 9609

૬. માણસ હોવાની યંત્રણા
૭. ન યે ચાંદ હોગા
૮. રામનાં રખોપાં
૯. લખ્યા લલાટે લેખ
૧૦. ધરતીજાયાં ધીંગા મનેખ
૧૧. નીંભાડે નીપજેલાં

○ **ટૂંકીવાર્તા સંગ્રહો :**

૧. સાધનાની આરાધના
૨. પન્નાભાભી
૩. આગળો
૪. ફરી આંબા મ્હોરે
૫. આર્કિડનાં ફૂલ
૬. બીજી બોણી
૭. જોસેફ મેકવાનનો વાર્તાલોક (સંપા- ગુણવંત વ્યાસ)

○ **નિબંધસંગ્રહો :**

૧. વ્યતીતની વાટે
૨. પગલાં પ્રભુનાં
૩. સંસ્કારનાં વાવેતર

○ **અહેવાલ સંગ્રહો :**

૧. ભાલનાં ભોમભીતર
૨. ઉઘડ્યો ઉઘાડ અને આવી વરાપ
૩. વહેલી પરોઢનું વલોણું

○ **સંપાદનો :**

૧. અમર સંવેદન-કથાઓ
૨. અનામતની આંધી
૩. અરવિંદસૌરભ
૪. એક દિવંગત આત્માની જીવનસૌરભ

○ **સાહિત્યલેખો અને વિવેચનસંગ્રહો :**

૧. વાટના વિસામા
૨. પ્રાગડના દોર

○ **કોલમ અને વાર્તાલેખન :**

૧. જન્મભૂમિ પ્રવાસી
૨. ગુજરાત ટાઈમ્સ
૩. અખંડાનંદ
૪. નવનીત સમર્પણ
૫. જનકલ્યાણ

○ **જોસેફ મેકવાનના સાહિત્યમાં પ્રગટતી દલિત વેદના :**

જોસેફ મેકવાન જીવનવાદી લેખક છે, પ્રતિબદ્ધ લેખક છે. 'કલાને મેં પ્રમાણી છે પણ જીવતરને ભોગે કલાની ઉપાસના કરવાનું મને હરગીજ મંજૂર નથી.' એવું વારેવારે વગાડીને કહેનારા આ લેખકનું સાહિત્ય જનપદી છે અને ગદ્યમાં જ આલેખાયેલું છે. નવલકથા, ચરિત્ર નિબંધ તથા ટૂંકીવાર્તા : આ ત્રણે ગદ્ય સાહિત્યનાં સ્વરૂપોમાં એમણે પૂરા અધિકારપૂર્વક અને ખાસ્સું ગુણવત્તાસભર-સંતર્પક કાર્ય કર્યું છે. સર્જન-લેખન વિશેનો એમનો પોતાનો મત, કહો કે પ્રતિબદ્ધતા એમણે આ રીતે મૂક્યાં છે.

''હું લખું છું જીવન પ્રત્યેની પ્રતિબદ્ધતાથી, સચ્ચાઈ પ્રત્યેના સ્નેહથી, અનુભૂતિ પ્રત્યે ઈમાનદાર રહેવું મને હંમેશાં ભાવ્યું છે. માણસાઈના ચરણોમાં માથું મેલવું મને ગમ્યું છે. મારી અપાત્રતા હું સારી પેઠે જાણું છું પણ માણસ માત્રમાં સારાપણું જોવાની, મને કડવા વખ અનુભવો થયા છતાં ય, મારી શ્રદ્ધા જરા સરખીયે ઓછી થઈ નથી. આ જ અંતઃપ્રેર્યું બળ છે, જે મારા પાત્રોમાં શક્તિ સીંચે છે. એમાં કલ્પના છે પણ એ તો કથાને પ્રવાહમાન કરવા પૂરતી અને ઘટનાને વળ તથા બળ દે એટલી જ! બાકી ચરિત્રોના અભ્યંતરમાં ઉછાળા મારતું ચિત્ત તો મેં જીવનમાં ક્યાંક ને ક્યાંક પ્રમાણેલું તથ્ય જ છે.''

'આંગળિયાત', 'વ્યથાનાં વીતક' (જોસેફ મેકવાન) તથા કુન્દનિકા કાપડિયાની નવલકથા 'સાત પગલાં આકાશમાં' (૧૯૮૪) ના પ્રકાશન સાથે આધુનિકતાવાદી સાહિત્યનો દબાવ હઠ્યો અને અનુ-આધુનિક સાહિત્યની આલબેલ ગુંજી ઊઠી હતી. આ કૃતિઓથી દલિત સાહિત્ય, નારીવાદી સાહિત્ય અને ગ્રામચેતનાના સાહિત્યના દરવાજા નવેસર ખૂલે છે. આ કૃતિઓ સામાજિક તથા સાંકૃતિક સંદર્ભોમાં પણ મૂલ્યવાન ઠરેલી છે. આમ, આ ઘટના સાહિત્યના ઇતિહાસમાં પણ વિશેષ મહત્ત્વની બની રહેલી જણાય છે.

'આંગળિયાત' જે મુખ્ય શીર્ષક છે તેનો અર્થ એ છે કે જ્યારે કોઈ એક સ્ત્રી છૂટાછેડા લઈને બીજા લગ્ન કરે, ત્યારે જે બાળક તેની સાથે હોય છે, તેને આંગળિયાત કહેવાય છે. વાલજીના છોકરાને બધાં આંગળિયાત કહે છે. આ નવલકથામાં વાર્તા અને તેનાં પાત્રોની જે સાહજિક કલાત્મકતાથી માવજત કરવામાં આવી છે, તે આફરીન થઈ જવાય તેવી છે. તેની ભાષા અને કથાગૂંથણી તેને ગુજરાતી ભાષાની ઉત્તમ નવલકથાઓમાંની એક ઠેરવે છે.

'આંગળિયાત' જનપદમાં ય ઉપેક્ષિત અને શોષિત માણસોના સંઘર્ષની વાત માંડે છે. એમાં ૧૯૩૫ થી ૧૯૬૦ સુધીના વર્ષોનું, મધ્ય ગુજરાતના ચરોતર-ડાકોર-ઓડ આસપાસના ગ્રામીણ સમાજનું આલેખન દલિતો-પીડિતોના સંદર્ભોમાં ધ્યાન ખેંચનારું બની રહ્યું છે. દલિતોની ગરીબાઈ તથા એમની ન્યાત તથા રિવાજોની મુશ્કેલીઓ તો એમાં છે જ, પણ સવર્ણ સમાજ દ્વારા દલિતોનું જે શોષણ થાય છે એ સૂર-કથા નિમિત્તે-પ્રધાનપણે પ્રગટાવાયો છે. વાલજી, ટીહો, દાનો, જીવણ તથા કંકુ અને મેઠી જેવાં નારી પાત્રો-ભવાન ભગતની ઓથ માનીને-શોષણ સામે ને ન્યાતની અવળચંડાઈ સામે બાખડી બાંધીને સંઘર્ષ કરે છે... ને કૃતિનો એ વિશેષ, તળબોલીના બળ સાથે કથાકથનના વળથી સ્પષ્ટપણે ઊપસી આવ્યો છે એમાં કૃતિની સફળતા વાંચી શકાશે.

દલિતો અને નારી ઉપરના બેરહમ અત્યાચારોને નિર્દેશતી આ કથામાં સવર્ણોની અક્ષમ્ય અમાનુષિતા ઓછા લસરકાઓમાં પણ પ્રભાવકતાથી આલેખાઈ છે. જોસેફ મેકવાનની અન્ય રચનાઓમાં પણ શોષિતોનો શોષકો સામેનો સંઘર્ષ ઉજાગર થાય છે. વેઠનારાં પાત્રોમાં રહેલા મૂલ્યો-નીતિ-પ્રેમ,માણસાઈ તથા સચ્ચાઈ, પરગજુતા અને પરિશ્રમ કરીને હક્કનું ખાવાનું વલણ વગેરે-એમની કૃતિઓને પ્રસ્તુત અને મૂલ્યવાન ઠેરવે છે.

ગુજરાતમાં કાપડમિલોનો મધ્યાહ્ન હતો. (૧૯૫૦-૭૦) એ ઉદ્યોગે ગામડાંના વણકરોનો સાળઉદ્યોગ ભાંગી નાખ્યો હતો. પરિણામે દલિતોએ કાળી મજૂરી કરવાની આવી. જોસેફના સાહિત્યમાં આવાં મજૂરીયાં મનેખની, અજંપ કરી દેનારી વેદનાઓ આલેખાઈ છે. બાકી, શોષણ તો હજાર પ્રકારે સૌ કોઈ નબળાં સબળાં વડે થતું આવ્યું છે, જે વિદિત છે. જોસેફમાંના સર્જકે આવી વેદનાની વાતો વચ્ચેય લક્ષ્મણની અગ્નિપરીક્ષા નવલકથા લખી, જેમાં મિત્ર-ભાઈ એવા બંધુની વિધવા જોડે દિયરવટુ કરીને ય બ્રહ્મચર્ય પાળતો નાયક તથા એ દંપતીનો સત્યશીલ પ્રેમ સરસ રીતે આલેખાયાં છે. આ નિમિત્તે લેખકે આદર્શ ખ્રિસ્તી કુટુંબ આલેખીને માણસાઈને પોંખી છે.

દલિત સમાજમાં નારીનો સમાદર કરનારા વધારે નીકળે એમ બન્યું છે. છતાં 'મારી પરણેતર' અને 'મનખાની મિરાત' એ બંને નવલકથાઓમાં દલિત સમાજ પોતે પણ નારી ઉપર કેવો ત્રાસ ગુજારે છે એનું હૃદયદ્રાવક ચિત્રણ છે. 'મારી પરણેતર'ની ગૌરી નપુસંક અને નઠારા ધણીને ત્યજી દે છે પણ મનના માણીગરને પામી શકતી નથી, બલકે વિષપાન કરીને જીવન પણ ત્યજી દે છે. સમાજ અને કુટુંબની આણ સારાં માણસને વધારે તાવે છે. 'મનખાની મિરાત'ની ગુણવંતી ગુણિયલ છે ને સચ્ચાઈ જણાવ્યા વિના રહી શકતી નથી- બસ આટલા કાજે જ એનો કશે ય સમાવેશ થતો નથી ને એને રાન રાન ને પાન પાન ભટકવું પડે છે.

'બીજ-ત્રીજનાં તેજ' ચરોતરના વાઘરી સમાજની કથા છે. ચોરીને વ્યવસાય, ધર્મ માનનારી આ પ્રજાનો માથાફરેલ વડીલ વેલજી, એની દીકરી પૂનમ માટે, રવિશંકર મહારાજના બોચાસણ આશ્રમમાં ભણેલો અને શિક્ષક થયેલો યુવાન ભૂપત, જમાઈ તરીકે મેળવે છે. પણ વેલજીને વિદ્યાની કોઈ કિંમત નથી, એ તો ભૂપતને ચોરીની વિદ્યામાં પારંગત થવા કહે છે-નહીંતર પૂનમ એની વહુ નહીં બની રહે! ભૂપત વિદ્યાના પક્ષે રહીને સંઘર્ષ કરે છે-ને સમાજમાં અજવાળું પ્રગટતું ભળાય છે.

સમાજમાં અનેક દૂષણો છે. ચોરી એમાંનું એક છે. જ્યાં સુધી છેવાડાના માણસને જીવન જરૂરિયાતની સઘળી વસ્તુઓ કે એ માટે કમાવાનું સાધન નહીં સંપડાય ત્યાં સુધી દૂષણો દૂર થવાના નથી. થોડા લોકો નિરાંતે ઉપભોગ કરે ને મોટા ભાગનાને એ જોવા પણ ન મળે ત્યારે સમતામૂલક સમાજ વ્યવસ્થા કેવી રીતે આવશે?

ગ્રામજીવનના પરિસરમાં દલિતચેતનાને ઉજાગર


ISSN 0976 – 9609

કરતી આ વાર્તાઓમાં, વાસ્તવજીવનની સમસ્યાઓનો લોકબોલીમાં ઊપસી આવતો વણાટ લેખકની સર્જકતાનો પણ પરિચાયક બની રહે છે. કસ્બાનું તથા શહેરનું વાતાવરણ પણ એમની કથાવાર્તાઓમાં આવે છે. ગરીબી, શોષણ, મૂલ્યહ્રાસ ઉપરાંત સમકાલીન જીવનની સમસ્યાઓ એમની કથાવાર્તાના વિષયો છે. ક્યારેક ઘટના-પ્રસંગોની સ્થૂળતા સુધી જ રહી જતી વાર્તાઓમાં પણ ચરિત્ર-ચિત્રણની માવજત તો પ્રભાવિત કરે જ છે.

આ સંગ્રહની મોટાભાગની વાર્તાઓની જેમ 'પરભુદા પટેલનું મામેરું' વાર્તાનો આરંભ ફ્લેશબેકથી થાય છે. આ વાર્તામાં ગામડામાં દલિતો-બિન દલિતો વચ્ચે સત્તા-સંપત્તિ માટે જે કાવાદાવા રચાય છે અને બ્રાહ્મણ, વાણિયા, પટેલો દ્વારા દલિતો તેનો ભોગ બને છે. પછાત વર્ગને લોભ લાલચ આપી તેમની જમીન પચાવી પાડે છે. કહેવાતા સવર્ણનાં બતાવવાના અને ચાવવાના દાંત જુદા હોય છે. તેનું દંભી માનસ અહીં છતું થયા વિના રહેતું નથી.

'રેખાનો ગૃહત્યાગ' વાર્તામાં આ પ્રશ્ન સહેજ અલગ દૃષ્ટિકોણથી નિરૂપાયો છે. એમ કહેવામાં વધારે પડતું નહીં ગણાય કે દલિતો-બિન દલિતો વચ્ચે જ્યાં સુધી રોટી-બેટીનો વ્યવહાર નહીં થાય ત્યાં સુધી સમાનતા ભાઈચારાની ભાવનાને કારણે દલિતો પ્રત્યેનો બિન દલિતોનો અણગમો, ઈર્ષ્યા, તિરસ્કારની ભાવનાને કારણે સવર્ણ રેખા અને દલિત મૃગેશ લગ્ન કરી શકતા નથી. રેખાનું તીવ્ર મનોમંથન વાર્તામાં કેન્દ્ર સ્થાને છે. રેખા એક બાજુ માતા-પિતા અને બહેનનો પ્રેમ જ્યારે બીજી બાજુ મૃગેશનો પ્રેમ આ બે બિંદુ વચ્ચે એ ઝોલા ખાય છે. તે દ્વિધામય પરિસ્થિતિમાં કોઈ નિર્ણય પર આવી શકતી નથી. વાર્તાના શીર્ષક પ્રમાણે રેખા ગૃહત્યાગ કરે છે. પરંતુ તે મૃગેશ સાથે રહી શકતી નથી પરંતુ સંન્યાસી બની વિહારમાં જતી રહે છે. અને વાર્તા આમ, શાંત રસમાં પરિણમે છે. વાર્તાનો અંત અણધાર્યો આવે છે.

'આંગળિયાત' જેવી કીર્તિદા દલિત નવલકથાના આ સર્જકની આગવી સર્જકતા હતી. જોસેફભાઈના પ્રવેશથી ગુજરાતી દલિત સાહિત્ય એક નવી ઊંચાઈ મેળવે છે. આક્રોશ અને આત્મદયાનું દલિત સાહિત્ય સ્વમાન અને આત્મવિશ્વાસનું સાહિત્ય બની શક્યું તેમાં જોસેફ મેકવાનનો સિંહફાળો છે. જોસેફના પાત્રો થકી એમનું સમાજદર્શન કે દલિતદર્શન વ્યક્ત થયા વિના નથી રહેતું. દલિતત્વ લેખકના પિંડમાંથી ઘાટ ઉતારવાનું કારણ બનીને આવે છે. ઈ.સ. ૧૯૮૬માં પ્રગટ થયેલી આ નવલકથાએ જોસેફને યશ અપાવ્યો છે. આ નવલકથામાં પીડિત, શોષિત માનવસમાજની વ્યથાને તેનાં ઉચ્ચ સંસ્કારોને, અસ્મિતાને, હૃદયની અમીરાતને આલેખવામાં આવેલ છે. આ નવલકથાએ ચરોતર પ્રદેશ અને તે પ્રદેશમાં શ્વસતા પછાત દલિત લોકોને જીવંત કર્યા છે. સમાજની ગરીબી ને તેની રહેણીકરણી, રીતરિવાજો, લોકબોલી, આધ્યાત્મિક જ્યોત તથા ભોળા માણસોની ગરિમાને આલેખિત કરી છે. નવલકથાની શરૂઆતમાં ટીહો અને વાલજી શીલાપુર ગામમાં વણાટ કરેલા વસ્ત્રોની હરાજી કરવા, વેચવા માટે આવે છે, ત્યારે મેઘજી પટેલનો પુત્ર ભારાડી નાનીયો દલિત યુવતી મેઠીની મશ્કરી કરી છેડતી કરે છે ત્યારે ટીહારામ પરાયા ગામમાં વચ્ચે પડે છે અને દૃશ્ય જીવંત કરે છે. એ પછી અનેક પ્રસંગચિત્રો બનતાં રહે છે. ટીહો મર્દ પુરુષને શોભા આપે તે રીતે મેઠીને બચાવીને મેઠીના હૃદયમાં ટીહા પ્રત્યે અનુરાગ જન્માવે છે, ત્યારે મેઠીનું અપહરણ થાય છે. ટીહાના મિત્ર વાલજીનું મૃત્યુ, ટીહો, મેઠી, દાનાજી સૌનાં હૃદયને વલોવતું રહે છે. મેઠીનો કેરડીયાના વતની ચૂંથિયા સાથેનો બાળવિવાહ, પતિ-પત્ની વચ્ચેનો અણબનાવ તો એ તે એના દીકરાની મા બને છે. ચૂંથિયાના ત્રાસથી કંટાળીને મેઠી ટીહાની ઘરે આવે છે અને ચૂંથિયો ન મરે ત્યાં સુધી ટીહા સાથે ઘર માંડવાની ના કહે છે. બીજી તરફ રત્નાપુરમાં કંકુ પોતાનો શોક દોઢ વરસ સુધી પાળે છે, અને તે અંતે ભવાન ભગત અને ટીહાના કહેવાથી યથાર્થને સ્વીકારી વાલજીના કાકાના દીકરા ધનજી સાથે દિયરવટુ કરી ઘર માંડે છે. પ્રણયી જીવો ટીહો તથા મેઠીને ધનજી, કંકુ સમજાવે છે તો યે એક થતા નથી, ચૂંથિયો જીવે છે અંતે કંકુના મામાના સાળાની દીકરી વાલી સાથે ટીહારામ પરણે છે.પરણ્યા પછી બંને વચ્ચે મેઠીના લીધે તિરાડ પડે છે. ઘરમાં કજિયા થાય છે. અંતે ગામના સરપંચ સાથે ટીહાને ઝઘડો થતાં ધીંગાણું થાય છે, અંતે તેને સારવાર મળતી નથી અને તે છેલ્લા શ્વાસ છોડે છે. ટીહાના મૃત્યુનું

દુ:ખ મેઠીને થાય છે, તે અન્ન-જળનો ત્યાગ કરે છે. અંતે ટીહાના મૃત્યુ બાદના અઢારમા દિવસે તે પણ મૃત્યુ પામે છે. જે જગ્યાએ ટીહાને દાટવામાં આવેલ તેની બાજુની જગ્યામાં જ મેઠીના દેહને પણ દફન કરવામાં આવે છે. કૃતિને અંતે ગામમાં શાળા બાંધવાની વાત થાય છે, ત્યારે ટીહાપુત્ર સાત હજાર એક રૂપિયાનું દાન આપે છે.

વસ્તુ-સંકલનાની દૃષ્ટિએ 'આંગળિયાત' ધ્યાનાર્હ છે. નાનાવિધ પ્રસંગોની ફૂલગૂંથણીમાં ક્યાંય સાંધો જોવા મળતો નથી. કૃતિમાં વિધ-વિધ ઘટનાઓને કારણે લેખક સળંગ કથાસૂત્રતા જાળવી શક્યા છે. કૃતિ અનેક ઘટનાઓથી ભરચક છે, આ ભરચક કથાપ્રવાહ કૃતિત્વને અહર્નિશ ગતિમાં રાખે છે. શીલાપુરમાં કાપડનું વેચાણ કે મેઠીની છેડતી, પટેલો સાથે નાયકનું ધીંગાણું, મેઠીનું અપહરણ, વાલજીનું મૃત્યુ, કંકુનું દિયરવટુ, ટીહા-વાલીનાં લગ્ન, મેઠીનું એકલા રહેવું, ટીહાનું મૃત્યુ થતાં મેઠીનો અઢારમા દિવસે પ્રાણત્યાગ... વગેરે મુખ્ય કથાપ્રવાહો 'આંગળિયાત' નવલકથાને જાન બક્ષે છે. અહીં સર્જકનો મુખ્ય ઉદ્દેશ્ય દલિત સમાજની વાતને અભિવ્યક્ત કરવાનો રહેલો છે. જોસેફ પોતે કહે છે તેમ-એક આથમી ગયેલી સંસ્કૃતિ અને આયાસપણે વિસારે પાડવામાં આવી રહેલ સામાજિકતાની વાત છે. 'આંગળિયાત' એ સમાજ વ્યવસ્થાની પુનઃ પ્રતિષ્ઠાનો આ પ્રયાસ નથી, પણ એમાં રહેલ સત્યશીલતાનાં પુરસ્કારનો ઉદ્દેશ છે. ઈ.સ.૧૯૩૫થી માંડીને ૧૯૬૦ સુધીના અઢી દાયકાની આ કથામાં સામાજિક અન્યાય અને ઉલ્લેખાયેલી એક જાતિ પ્રત્યેના સંપન્ન સવર્ણોના હાડોહાડ દ્વેષનો પણ ચિતાર છે.

સાહિત્યની પ્રાદેશિક કૃતિઓમાં ચોથા મોજામાં 'આંગળિયાત'માં પ્રથમ જ દલિત સમાજ અખિલાઈપૂર્વક અભિવ્યક્ત થયેલ છે. આથી ધવલ મહેતા આ નવલકથાથી ગુજરાતી નવલકથા સાહિત્યમાં ચોથું મોજું આવે છે તેમ કહે છે. આ નવલકથામાં દલિત પ્રજાને થતા અન્યાયો તો છે જ સાથેસાથે દલિત પ્રજાના આંતર પ્રશ્નો-સંબંધોને લીધે એક જુદાં પ્રકારનું વિશ્વ અહીં રચાય છે.

આંગળિયાતમાં મૂળભૂત સ્થિતિ સાથે સંભવિત પરિસ્થિતિઓનું ઘર્ષણ શક્ય તેટલી હદે વિસ્તર્યું છે. જેથી સ્થિતિજડ સમસ્યાઓ સહજપણે જુદી તરી આવે છે. છેલ્લાં વીસ-પચ્ચીસ પાનામાં લેખકે કરેલી ઉતાવળ આ નવલકથાની મોટી મર્યાદા બની રહે છે. જે ચુસ્તતા પૂર્વ ભાગમાં છે, તે ઉત્તરાર્ધમાં ખંડિત થતી ભળાય છે. સામાજિક સંદર્ભોને પીડિતની નજરે જોવાની વૃત્તિને લીધે એક પ્રબળ સંઘર્ષની ભૂમિકા 'આંગળિયાત'માં જોઈ શકાય છે, પરંતુ વસ્તુસંયોજન ક્યારેક કથળતું માલૂમ પડ્યું છે. દરેક પ્રસંગે તેમનાં પાત્રો આગવી ઓળખ ઊભી કરે છે. તેથી પાત્ર વિકસતું-ઘડાતું આવે છે. આ નવલકથાનું અસ્તિત્વ એના પાત્રોને કારણે કાયમ ટકી રહે છે.

○ **સંદર્ભ :**


૧. હરીન્દ્ર દવે - જન્મભૂમિ પ્રવાસી (સામયિક) - અંક-૧૯૮૬
૨. જોસેફ મેકવાન - આંગળિયાત
૩. જોસેફ મેકવાન - આગળો
૪. જોસેફ મેકવાન - પન્નાભાભી
૫. ડૉ.બાબુભાઈ બારડ : જોસેફ મેકવાનનું નવલકથા વિશ્વ
૬. ડૉ.મણીલાલ હ. પટેલ : કથાસર્ગ
૭. ડૉ.મોહન પરમાર - સમાજમિત્ર (સામયિક) અંક-૧૦/૧૧ ઓક્ટોબર/નવેમ્બર-૨૦૧૭ (પેજ નંબર-૮ થી ૧૪)



રામનગર સોસાયટી, રેફરલ હોસ્પિટલ પાછળ, મુ.પો.લાખણી,
તા.લાખણી, જિ.બનાસકાંઠા પિન-૩૮૫૫૪૧
મો.નં. ૯૪૨૭૫૧૨૧૯૧
Email : pravinvajir@gmail.com

|| લઘુકથા ||

## સોબતી

નટવર આહલપરા

×ત્રીસ વર્ષ પછી વતનની લાયબ્રેરીનાં પગથિયાં ચડતાં શેર લોહી ચડી ગયું. સુભાષિતો વાંચવાની ટેવ પ્રમાણે પહેલાં થોડાં સુભાષિતો વાંચ્યાં. બાળપણ, યુવાની અને ભવ્ય ભૂતકાળ યાદ આવી ગયાં.

'અમને કબાટમાંથી બહાર કાઢો. અમે તમને પાંખ આપીશું, આંખ આપીશું.'

'દીવો બળતો હોય અને બાજુમાં પુસ્તક પડ્યું હોય પછી બીજું શું જોઈએ? મજા જ મજા!'

'પુસ્તકો જ માનવીના સાચા મિત્રો છે.'

'મૂલ્યવાન સમય પુસ્તકો વાંચવામાં ગાળો.'

'પુસ્તકોનો એક એવો માળો ખુદ રચીએ. જ્યાં ચોપાસનું જગત, બસ વીસરી જઈ શકીએ.'

શમણાં સાથે નમણું જીવો, છલક છલકતું બમણું જીવો.

'માણસ પોતાના સુખ માટે પૃથ્વી પર એક જગ્યા એવી રચી શકે. જ્યાં એ પાંચ-પચીસ ચોપડીઓનો 'સોબતી' હોય.'

ત્રણ-ચાર કલાક ક્યાં પસાર થઈ ગયા. ખબર જ ન રહી. તરોતાજા થઈ હું લાયબ્રેરીની બહાર નીકળ્યો. લાયબ્રેરી સામે પાનની દુકાને જોર-જોરથી ટેપરેકોર્ડનો અવાજ આવતો હતો. તેથી મારું ધ્યાન ત્યાં ગયું.

આઠ-દસ યુવાનો 'સોબતી'ઓ સાથે પાનની દુકાને પોતાને મજા આવે એવી મશ્કરીઓમાં મશગૂલ. કોલ્ડ્રિંક્સ, ગુટકા, સિગારેટ હાથમાં પકડી બાઈક ઉપર બેઠાં-બેઠાં ફિલ્મી સ્ટાઈલથી રસ્તે પસાર થતી છોકરીઓને છેડતાં હતાં! ને મારાથી કહેવત બોલાઈ ગઈ.

'સોબત એવી અસર!'

'શ્રી પવનતનય', પ્લોટ નં.૬૫ ડી/એ, વિમલનગર શેરી નં.૩,
આલાપ સેન્ચુરી પાછળ, યુનિ. રોડ, રાજકોટ-૫
મો.નં.૯૯૭૪૦ ૦૯૦૪૨

|| વિદ્યાવૃત્ત ||

## સીવીએમ યુનિવર્સિટી સંચાલિત એનવિપાસ કોલેજમાં 'વિશ્વ ચકલી દિવસ' ઉજવાયો

સીવીએમ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગરની ઘટક સંસ્થા નટુભાઈ વિ. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સીઝના આચાર્યશ્રી અને કોલેજ મધ્યસ્થ સમિતિના પ્રમુખ ડૉ. બાસુદેબ બક્ષીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ એનએસએસ યુનિટ દ્વારા વિદ્યાનગર સ્થિત ખ્યાતનામ સંસ્થા વોલ્યુન્ટરી નેચર કંઝરવન્સીના પ્રોગ્રામ કોઓર્ડિનેટર શ્રી મેહુલ પટેલના સહયોગથી વિશ્વ ચકલી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કોલેજના પુસ્તકાલયના પ્રાંગણમાં ચકલીના એક માળાની વ્યવસ્થા કરવામાં આવી. તથા કોલેજના કર્મચારીગણમાં ચકલીના માળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્યશ્રી ઉપરાંત મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ અને ગણિતશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડૉ.ભાઇલાલભાઇ પટેલ અને સીવીએમ યુનિવર્સિટીના એનએસએસ પ્રોગ્રામ કોઓર્ડિનેટર પ્રા. કાર્તિક જગતાપે આવી ઉમદા પ્રવૃત્તિના આયોજન બદલ એનએસએસ પ્રોગ્રામ ઓફિસર્સ ડૉ. તેજસ ઠક્કર અને ડૉ. ધનંજય ધ્રુવને અભિનંદન પાઠવ્યા હતા.

સતત વધતા જતા યાંત્રિકીકરણ, મોબાઈલ ટાવરમાંથી નીકળતા તરંગો અને પ્રદૂષણની પર્યાવરણ પર પડતી નકારાત્મક અસરને લીધે લુપ્ત થવાના આરે પહોંચી ગયેલા ચકલી અને બીજાં પક્ષીઓને બચાવી શકાય અને સમાજમાં આ બાબતે જાગૃતિ પ્રસરે તે હેતુથી ભારતમાં આવેલી સંસ્થા ધ નેચર ફોરએવર સોસાયટી (એનએફએસ)એ 'વર્લ્ડ સ્પેરો ડે'ની ઉજવણી માટે આંતરરાષ્ટ્રીય પહેલ શરૂ કરી હતી અને સૌ પ્રથમવાર ૨૦ માર્ચ, ૨૦૧૦ના રોજ 'સ્પેરો ડે' ઉજવાયો હતો. 'વિશ્વ ચકલી દિવસ'ની ઉજવણી માટે આ વર્ષની થીમ 'આઈ લવ સ્પેરોઝ' છે.

સાભાર નોંધ

વિ-વિદ્યાનગરના એપ્રિલ-૨૦૨૧ અંકના કવર પેજ-૪ ઉપર મુકવામાં આવેલ મ્યુરલનો ફોટોગ્રાફ કલાકારશ્રી અજિત પટેલના સૌજન્યથી પ્રાપ્ત થયો હતો.

# A. D. Patel Institute of Technology (ADIT) New Vallabh Vidyanagar

Dr. Vishal N. Singh

## New Vallabh Vidyanagar Campus:

## Modern education campus for holistic development of students and faculty members

To cater the needs of quality higher education, Charutar Vidya Mandal developed a modern educational township, known as **New Vallabh Vidyanagar** in the year 2000. The ADIT is the flagship college of New Vallabh Vidyanagar campus. It is spread over an area of 100 acres of land behind the industrial set-up of Vitthal Udyognagar.It was affiliated with S. P. University (2000-2007), G.T.U. (2008-2019) and now, from 2020 it is a constituent College of CVM University, Vallabh Vidyanagar, Gujarat. Since last 20 years, it is offering quality education in the emerging area of engineering and technology and producing world class engineers. The ADITcollege campus offers amenities like spacious classrooms, well equipped modern laboratories, Auditorium, well equipped Sports complex, multi-media and audio-visual equipment to fulfil requirement of modern day pedagogy.

### Our Vision

To add significantly to our enduring civilization tradition of pioneering excellence in learning, knowledge, enlightenment and self-realization, in a universally relevant context.

### Our Mission

We dedicate to the perpetuation of our founder's vision of providing the infrastructure, facilities, operating conditions and overall environments conductive to education of young scholars, along with the desired physical, mental & character building inputs; we firmly renew our commitment to provide value added, globally relevant education with an emphasis on the techno-management domain, to ensure that our scholars fruitfully exercise their knowledge, skills & values in the global economy.

### Academics:

ADIT offers _8 UG programmes_ and _6 PG programmes_. All programmes are approved by AICTE, New Delhi. The details are as under:

| Programmes | Year of Inception | Intake |
|---|---|---|
| **UG Programmes (B.E. / B. Tech.)** | | |
| Computer Engineering | 2000-01 | 60 |
| Information Technology NBA Accredited | 2000-01 | 120 |
| Electronics & Communication | 2000-01 | 30 |
| Mechanical Engineering NBA Accredited | 2000-01 | 60 |
| Electrical Engineering NBA Accredited | 2000-01 | 30 |
| Food Processing Technology NBA Accredited | 2001-02 | 60 |
| Automobile Engineering | 2003-04 | 60 |
| Civil Engineering | 2011-12 | 30 |


ISSN 0976 – 9609

| | | |
|---|---|---|
| Artificial Intelligence (AI) & Data Science | Proposed from 2021-22 | 60 |
| Computer Science & Design | Proposed from 2021-22 | 60 |
| Dairy Technology | Proposed from 2021-22 | 30 |
| **PG Programmes (M.E. / M. Tech.)** | | |
| Signal Processing & Communication | 2011-12 | 09 |
| CAD/CAM | 2012-13 | 18 |
| Thermal Engineering | 2012-13 | 18 |
| Food Technology | 2020-21 | 18 |
| Renewable Energy | 2020-21 | 18 |
| Artificial Intelligence | 2020-21 | 18 |

**State of the art infrastructure:**

- **Central Workshop-** Central workshop equipped with state of the art facilities for hands-on experience for students with a total area of about 11,083 $m^2$.
- **Central Library-** Collection of more than 30,000 books, 100 national & international journals, and magazines. It also offers facility of digital library through the platform of DELNET, National Digital Library and Online International journals like Springer in the various fields of engineering.
- **Computer Centre-** More than 800 computers and 6 high-performance servers at the campus.
- **Internet Facility-** 24x7 internet and WiFi facility to the students @ 500mbps. The internet facility is available to students in campus hostels also.
- **Bank Facility-** HDFC bank in the campus with 24 hours ATM facility
- **Hostels and Mess-** Hostel facility for 800 boys and 300 girls with separate mess facility. College is also having canteen on the premises
- **Healthcare and other facilities-** An Ayurvedic hospital on the campus and Karamsad Medical College nearby the campus. For any emergency, an ambulance is available 24x7 on the campus.
- **Transport Facility-** ADIT has good connectivity to all parts of Anand district andbus facility is available from Vadodara,Anand Railway Station and Vallabh Vidyanagar town to ADIT campus.

**Sports Infrastructure:**

For the holistic development of students, ADIT offers indoor and outdoor sports facilities:

**Indoor facility:**

An indoor sports complex for indoor games like table tennis, badminton courts, wrestling, carrom, chess.

It also has well equipped modern gymnasium with a qualified trainer.

**Outdoor facility:**

Well-maintained playgrounds for all sports like Cricket, Volleyball, Football, Tennis, Basketball under the supervision of full-time sports instructor.

**Salient features:**

**1. Outcome based education**

**a) Focus on Entrepreneurship and Employability:**

- To develop creativity, problem solving

skills and critical thinking, ADIT offers various infrastructural facilities along with guidance from experienced faculty members as well as industry experts.

- Our training and Placement cell puts every possible effort for students to secure good industry-based projects / training / internship opportunity or job.
- To bridge the gap between curriculum and to get hands-on experience, our students undergo internship programs in various industries across India like TATA Motors, E-infochips, Coca-Cola, AMUL, Vadilal, Reliance Jio, TBEA, Super Gas, and many more.
- In various discipline 100 % Placement of eligible & interested students takes place from the last many years.
- Very active Student Start-up and Innovation Policy (SSIP) cell and Entrepreneurship cell in the premises.
- More than 50 companies visit ADIT every year for campus recruitment.
- ON campus recruitment the highest package of Rs 12 Lacs offered by BYJU'S LEARNING.
- OFF campus recruitment the highest package of Rs 21 Lacs

b) **Counselling and Mentoring:** Each student is assigned one faculty member as a faculty advisor. The role of faculty advisor also includes to mentor student about his/her career goals apart from the routine academic requirement and guide the student during difficult phase of his/her study.

To overcome the difficulties faced by Gujarati medium students in the first year of engineering, there is a dedicated First Year co-ordinator.

c) **Creative and Research skills:** ADIT college emphasis on development of creative and research skills among its students. To achieve the said objective, it offers minor and major projects to students to hone their creativity. It provides infrastructural support like Library availability, Laboratories after college hours and workshop facilities. Financial support is also provided to students through various set-ups like IDEA lab, SSIP and Innovation centre in collaboration with industry.

**2. Innovation and Research**

ADIT is having a worth of Rs 2 Crore research projects in different area of expertise, funded by DST, MoFPI, ISRO, GSBTM, GCST, GUJCOST, ISHRAE, SSIP, AICTE

- Well-equipped center of excellence for consultancy and research work.
- Developed an E-bike "ashray" and bagged 1st price at SAE competition.
- Developed Autonomous Driver less Car based on Artificial Intelligence.
- Development of Next Generation Robotic application.
- Developed Refractanc Window dryer to dry food products which is one of


ISSN 0976 – 9609

its kind in Gujarat.

- IOT based Smart City projects for new Gujarat.
- Advanced CAM/CAD based modelling and 3D printing for product development. MODROB grant from AICTE of Rs. 12.66 Lakhs and Rs 14.96 Lakhs received by Mechanical and Food Processing Technology Department for development of laboratory.

**3. Alumni**

ADIT has strong base of 8000+ alumni. ADIT maintains good bond with its alumni by conducting various interactive programs throughout the year.

**4. Quality faculty members**

The ADIT faculty strength is grounded in cutting-edge research and includes scholarly achievement, teaching, and advising to students.

- Over 100 faculty members in different areas and domains.
- 80 percent of faculty member's retention period is more than 10 years.
- 40% faculty members are Ph.D. from IITs, NITs, and many premier institutes nationwide. 40% faculty members are pursuing Ph.D. from reputed institutes.

**Student Oriented Practices:**

1. Institute-Industry Interaction
2. Personality Development Program
3. IDEA Lab
4. Student Start-up cell (SSIP)
5. Eklavya Club
6. Entrepreneurship Cell
7. Industrial Visits

**Awards and Recognition:**

As a result of continuous encouragement, mentoring and motivation, students and faculty members have brought laurels to college. Few of them are as under:

- 7 times Devang Mehta IT award
- Best Professor "Devang Metha National Education" Award
- All India national champions at SMART INDIA HACKATHON 2017
- ASEAN-INDIA Hackathon - 2021 Runner up
- All India winners at SAE India electric two-wheeler design competition
- SSIP Gujarat state champions in 2018
- IIM Ahmedabad start-up award winner
- Best Research paper award by Institution of Engineers, India
- Winner of IEEE Richard Marvin Scholarship-2020

**Centre of Excellence (CoE):**

To promote experiment-based interdisciplinary interactions and innovation, ADIT has established 8 Centres of Excellence:

1. Robotics, Autonomous and Intelligent Systems.
2. Machine Learning and Data Science.
3. Information and Network Security.

4. Electric Mobility.
5. Design
6. Food Product Development and Modelling.
7. Multimedia Signal Processing.
8. Advanced Communication Technologies.

**Professional Societies / Chapters:**

Co-curricular technical activities provide a platform to disseminate idea and knowledge sharing in the field of engineering and technology. To achieve this objective, ADIT has following active chapters of various societies:

1. ISTE Faculty Chapter
2. IEEE Student Branch
3. ISTE Student's Chapter (GJ 021)
4. SAE Student Chapter
5. SME Student Chapter
6. ISHRAE Student Chapter
7. The Association of Food Scientists and Technologists
8. Institution of Engineers (India) Students' Chapter
9. IGBC Students' Chapter

**ADIT Science Club:**

To promote interest of school and college students in Science, Technology, Engineering and Maths (STEM), ADIT is having its own Science club. The basic objective is to develop observational, logical and analytical approach among the students. There are 5 clubs under it:

1. Energy awareness Club
2. Space and Astronomy Club
3. Environment awareness Club
4. Mathematics Club
5. Ancient Science Club

Various activities conducted are: Observation of Solar Eclipse, demonstration of working models of Maths and Physics, Celebration of Engineers day, Science day, Mathematics day, Theme based workshops, quiz competitions, poster making competitions etc.

**HOUSES@ADIT:**

Iron man of India, Shri Sardar Vallabhbhai Patel once said that "Education without character is meaningless". To cultivate the value, moral, ethics amongst the students and to encourage team building, leadership skills & all-round development, ADIT has a unique concept of HOUSES. They are name after freedom fighters of India namely:

1. Netaji Subhash Chandra Bose house
2. Shaheed Bhagat Singh house
3. Mahatma Gandhi house
4. Sardar Vallabhbhai Patel house

Each and every member of ADIT family is part of one or other house. Various activities are conducted by different houses round the year like Motivational lecture series, Quiz competitions, Poster making competitions etc.

---

Principal. A. D. Patel Institute of Technology (ADIT), New Vallabh Vidyanagar


ISSN 0976 – 9609

॥ સમીક્ષા ॥

# શબ્દોનું સૌદર્યમંડિત સંગીત : 'છબી અવાજની'

વિપુલ પુરોહિત

'છબી અવાજની' (૨૦૨૧) કવિ જયંત ડાંગોદરાનો બીજો કાવ્યસંગ્રહ છે. વર્ષ ૨૦૧૫માં 'ફૂલોની પાંખ પર' ગઝલસંગ્રહ લઈને જયંત ડાંગોદરા ઉપસ્થિત થયા ત્યારે તેમની ગઝલ રિદ્ધિ-સિદ્ધિ બદલ સ્વાભાવિક જ ગઝલકાર-કવિ રાજેશ વ્યાસ 'મિસ્કીન' દ્વારા જયંતને 'નિષ્ઠાવાન ગઝલકાર'નું પ્રમાણપત્ર મળ્યું હતું. માત્ર ૬૯ ગઝલોનો સંચય લઈને આવનાર કવિ જયંત ડાંગોદરા ગઝલની ઈબાદત કરી જાણે છે અને એટલે તો એ ગઝલના શે'રમાં લખે છે :

*''શ્રી સવાને શુભ છો લખતો નથી,*
*ના નથી એવું.... કશું રળતો નથી.''*

પોતાની કવિપ્રતિભાને સભાન રહીને સંકોરતા આ કવિ કાવ્યસર્જન એક નિજી જવાબદારી છે એમ પણ જાણે છે અને તેથી એક અન્ય શે'રમાં લખે છે :

*''નાનું અમથું કામ તમારે કરવાનું છે,*
*પરપોટાની વચ્ચે પાણી ભરવાનું છે.''*

કવિ જયંત ડાંગોદરા 'સંગીત'ના ઉપનામે કવિતા લખે છે. કાવ્યના સંગીતને બરાબર માણે-પ્રમાણે છે. 'છબી અવાજની' સંચય લઈને આવે છે ત્યારે કાવ્યના સંગીતને મૂર્ત કરવાનો તેમનો પ્રયાસ ધ્યાનાર્હ બન્યો છે. ગઝલથી કાવ્યયાત્રાનો આરંભ કરતા આ કવિ બીજાં સંગ્રહમાં તો ગઝલ ઉપરાંત ગીત, સૉનેટ અને અછાંદસ-એમ કવિતાના ચાર પરિમાણોમાં પોતાની સર્જકતાને વિસ્તારે છે. જલ્દી જલ્દી પોંખાઈ જવા કે ફેલાઈ જવાની ધખના રાખ્યા વિના જયંત ડાંગોદરાએ સાતત્યપૂર્ણ રીતે પોતાની કાવ્યધારાને વહેવા દીધી છે. 'છબી અવાજની' સંગ્રહમાંથી પસાર થતા સહૃદયી ભાવકોને આ વાતની પ્રતીતિ થયા વિના નહીં રહે. આ સંગ્રહની કવિતાઓને આવકારતા વરિષ્ઠ કવિ હરિકૃષ્ણ પાઠક તેને 'જયંતનું કાવ્યસંગીત' કહીને ઓળખાવે છે તો સર્જક પ્રફુલ્લ રાવલ આ કવિતાઓને જયંતના જ શબ્દોમાં 'હૃદયના લયમાં પડેલી તિરાડો' કહીને તેમાં રહેલાં લય-ધબકાર પ્રતિ સંકેત ચીંધે છે. અહીં આપણે 'છબી અવાજની' સંચયની કવિતાઓમાં પ્રગટતી જયંત ડાંગોદરાની કવિપ્રતિભાનો પરિચય મેળવવો છે પરંતુ તે પૂર્વે કાવ્યસર્જનની પ્રવૃત્તિ સાથે જયંત જે નિસબતથી જોડાયેલા છે તે સંદર્ભે તેમનું નિવેદન જોવું-સાંભળવું અગત્યનું બનશે એવું લાગે છે. :

''મને હંમેશા એવું લાગ્યા કરે છે કે મારી ભાષા મારું સતત ઘડતર કર્યા કરે છે. વર્ણમાળા અને શબ્દની આ માયાજાળ મને ચાકડે ભમાવ્યા કરે છે અને નવાં નવાં સંયોજનો રચી, મને પળે પળે ચકિત કર્યા કરે છે. એની આંગળી પકડતાં જ મને એ એના અવનવા પ્રદેશોમાં ઘુમાવે છે. ક્યારેક લાડથી વિહાર કરાવે છે તો ક્યારેક ફંગોળી દે ક્યાંનો ક્યાં ! આંખો બંધ કરતાં અંધારું વિવિધ રંગે-સ્વરૂપે ખૂલી જતું હોય છે; કંઈક એવી જ રીતે કોઈ અંધારિયા ખૂણેથી વિવિધ ભંગિમા ધારણ કરતી શબ્દની મૂર્તિઓ ખડી થાય છે અને કોઈ નવા જ કોલાજને ઉઘાડી આપે છે મારી સમક્ષ! એમાં ક્યારેક અર્થ હોય છે તો ક્યારેક અન્-અર્થ; તો ક્યારેક વિ-અર્થ-વ્યર્થ. બીજી બાજુ નર્યા વિધાન સ્વરૂપે હજાર થઈને પ્રતીયમાન સુધી લઈ જાય છે મને. ભાષાનું આવું પ્રસન્નકારી લાવણ્ય કવિતાની અગમ કેડી તરફ દોરી જાય છે. આવું બને છે ત્યારે જાણે પરમાત્માનાં દર્શન થતાં હોય એવો આનંદ વ્યાપી વળે છે.'' (પૃ.૫, નિવેદન)

આ ઉદ્દગારમાં કવિ જયંત ડાંગોદરાની કાવ્યસર્જન પ્રક્રિયાનો કંઈક તાળો મળે છે. વર્ણ, શબ્દનાં સંયોજનથી રચાતાં અવાજના રૂપને ઝીલવાનો પ્રયાસ કરતા આ કવિની કવિતામાં 'અવાજ'ની 'છબી' ક્યાં, કેટલી અને કેવી રીતે કાવ્યગત પરિમાણોથી ઊઘડી છે તેની શોધ કરવાનો તેમજ જયંત ડાંગોદરાની કવિમુદ્રાનો ભાવકોને પરિચય આપવાનો આ અવલોકનનો મુખ્ય ઉદ્દેશ છે. આ ઉદ્દેશને સિદ્ધ કરવા 'છબી અવાજની' સંગ્રહની કવિતાઓને જરા નજીકથી જોવી-ઉકેલવી જરૂરી છે. ગઝલ, ગીત, સોનેટ અને અછાંદસ એમ ચાર સ્વરૂપોમાં વિલસિત જયંત ડાંગોદરાની કવિતાઓનો ક્રમશઃ આસ્વાદકેન્દ્રી અવબોધ કરીએ.

## 'છબી અવાજની' નું ગઝલસૌંદર્ય :

જયંત ડાંગોદરા ગઝલના શિલ્પ અને સૌંદર્યને જાણે છે. વળી, ગુજરાતી ગઝલ પરંપરાને પણ તેમણે પ્રામાણિકતાથી આત્મસાત કરી છે એટલે ગઝલમાં પ્રવાહ પતિત બનવાને બદલે જયંત ડાંગોદરા પોતાની નોખી કેડી રચી શક્યાનું પ્રમાણ પૂર્વેની 'ફૂલોની પાંખ પર' અને આ સંગ્રહની ૩૪ જેટલી ગઝલોમાંથી પસાર થતાં મળી રહે તેમ છે. 'ફરી ફરી' રદીફ લઈને આવતી એક ગઝલમાં આ કવિ ગઝલ પ્રતિ પોતાની લાગણી પ્રકટ કરતાં લખે છે:

*''ગઝલો લણાય એટલી લણજે જયંત પણ,*
*ના વાવતો હવે કદી ઝાકળ ફરી ફરી.'' (પૃ.૧૯)*

તો, પોતાની ગઝલોની ઊલટતપાસ કરનારા વિવેચકોને અગાઉથી જ ચેતવણી આપતાં હોય તેમ એક શે'રમાં આ કવિ કહે છે:

*''હૃદય ભરાઈ જાય તો લપેટો અંગ પર,*
*વિવેચકો, સુગંધની સમીક્ષા ના કરો.'' (પૃ.૧૭)*

વળી, ગઝલસર્જનને ધર્મ ગણી સ્વીકારનારાઓને સ્પષ્ટ શબ્દોમાં પણ આર્જવભરી વાણીમાં કહે છે:

*''પ્રાસ અનુપ્રાસ લઈ ચૂંથણાં ના કરો,*
*કોઈ તો યાર, ચીલો નવો ચાતરો'' (પૃ.૨૫)*

અહીં જે ગઝલો છે તેમાં કવિનું 'સ્વ' સાથે તેમજ 'સમષ્ટિ' સાથે એક જુદા પ્રકારનું સંભાષણ ચાલે છે. સમકાલીન ગુજરાતી ગઝલનો આગવો અવાજ બનવાની ક્ષમતા ધરાવતી જયંતની ગઝલો એકાધિક વિશેષતાઓ લઈને આવે છે. જીવનની અકળ લીલાનાં અનેકાનેક પરિમાણો ગઝલમાં આલેખવાની જયંતની મથામણ આ ગઝલોમાં પ્રતીત થાય છે. ભાવ-સંચલનોને ભાષામાં એકરસ થઈ જાય તેમ ઘૂંટીને વ્યક્ત કરવાની જયંતની વિશિષ્ટતા ધ્યાન ખેંચે છે. 'છાંયો' રદીફની ગઝલમાં ગઝલત્વ સિદ્ધ કરતાં આ કવિ સમય અને અસ્તિત્વના પરિમાણને સહોપસ્થિતિમાં યોજતાં શે'રમાં લખે છે:

*''બરાબર માપ લઈને હું ખરીદું છું બપોરે પણ,*
*નથી પ્હેરી શકાતો કોઈ 'દિ સાંજે ફરી છાંયો'' (પૃ.૭)*

ટૂંકી અને મધ્યમ બહરની ગઝલો જયંત વધુ આપે છે. કહો કે આ ચાલમાં જયંતને ગઝલનું નોખાપણું સ્થાપિત કરવામાં અનુકૂળ રહ્યું છે. જેમ કે,

*''જીવતું રાખવા તાપણું આપણે,*
*ચાંપવું રોજ સંભારણું આપણે.'' (પૃ.૧૩)*

પ્રકૃતિ પ્રત્યેનો લગાવ, સ્નેહની ગઝલગત સંવેદના, માનવનિયતિની વિટંબણા, સર્જનપ્રક્રિયાની ગડમથલ, અસ્તિત્વની ઓળખ, ભ્રમણા અને વાસ્તવનું સાયુજ્ય, સંબંધોની નરવાઈ અને નફટાઈ, ભાષાનું આવરણ અને અર્થનું આભરણ, જીવનનું સૌંદર્ય અને સત્ય-એમ કંઈ કેટલાય ભાવ-વિચારોનું લયાવલય આ ગઝલોમાં પ્રતિધ્વનિત થયું છે.

## 'છબી અવાજની'નું ગીતસૌંદર્ય :

ગીત ઊર્મિકવિતાનું એક નિરાળું સ્વરૂપ છે. જયંત ડાંગોદરા નિતાંત ઊર્મિ કવિ છે. અહીં અગિયાર જેટલાં ગીતો લઈને કવિ જયંત ડાંગોદરા ઉપસ્થિત થયા છે. ઊર્મિકવિતાનાં એક સ્વરૂપ તરીકે ગીત પ્રત્યેની તેમની નિસબત અને ઊર્મિપ્રાણવતાનાં અહીં દર્શન થાય છે.

પ્રકૃતિનાં વિવિધ રૂપોમાં રહેલા સૌંદર્યને ઝીણી નજરે જોતાં અને તેના નાદને સરવા કાને સાંભળતાં આ કવિના ગીતોમાં નવીનતા અને તાજગીનો અનુભવ થાય છે. રાતનો અંધાર દૂર થતાં સવાર નામે અજવાળાંની જે સ્થિતિ રચાય છે તેનું મનભાવન નિરુપણ 'સવાર' ગીતમાં આ કવિ કરે છે.

*''પવન પાતળી ડાળે ખીલી કરેણનાં ફૂલો-શી નાજુક*
*નમણી એક સવાર,*
*એના ઉપર અજવાળાંનાં પતંગિયા કંઈ ઝૂલે પારાવાર.''*

*''પાણી વિના પ્હોળી થતી તડકાની તિરાડો,*
*તગતગતા સૂરજની સામે થાક્યા પાડી રાડો,*
*નેવાં માથે નફ્ફટ થઈને મૃગજળ કરતાં ગેલ.*
*આ તે કેવો ખેલ!'' (પૃ.૪૦)*

નવજાત દીકરી પ્રત્યેના વ્હાલને વ્યક્ત કરતાં આ કવિ વયસ્ક વાગ્દતા બનેલી દીકરીની પીડાને ''મને અહીં તે રોપી શું કામ? કહીને ગીતમાં આરમ્ભે જ વેદનામંડિત


ISSN 0976 – 9609

સૂરમાં વ્યક્ત કરતાં કરે છે. વળી, એ પરિસ્થિતિ સ્વીકાર્યા પછીય હૃદયનો વલવલાટ વહાવતાં વેધક પ્રશ્ન કરે છે કે,

*''રોપી તો રોપી પણ આપ્યા કાં કંકુ ને ચોખાથી*
*ચમચમતા ડામ?''*

કન્યા એટલે 'પારકું ધન'ની સામાજિક માનસિકતાની વચ્ચે દીકરીની લાગણીઓનો વિચાર પણ ન કરતાં ઘરના મોભીઓની મર્યાદાઓને આર્જવભરી વાણીમાં કવિએ અહીં વ્યકત કરી છે.

'વાગડનું ગીત' પ્રદેશવિશેષનું સૌંદર્યચિત્ર લઈને આવતું ભાવમધુર ગીત છે. ગીતનું મુખડું જ કેવું આકર્ષક છે,

*''નાની નાની ટેકરિયું,*
*વાગડના ખોળામાં રમતી જાણે મીઠી દીકરીયું.''*

પછીના બે અંતરામાં તો વાગડની ઓળખને ભાવ-કલ્પનોથી મૂર્તિમંત કરતી કાવ્યબાની આ ગીતની વિશેષતા બનીને ઊપસે છે.

*''તડકાનું પાનેતર પ્હેરી સાંઢડિયું વિહરતી,*
*બળી ગયેલાં જળને ધરતી અચ્છોવાનાં કરતી,*
*સાંજ પડે ને ગુસ્સાળી લૂ પ્હેરી લે ઝાંઝરિયું.*
*નાની નાની ટેકરિયું'' (પૃ.૪૧)*

આ સંગ્રહનાં ગીતો કવિ જયંત ડાંગોદરાની ગીતકવિ તરીકેની મુદ્રા અંકિત કરવામાં સક્ષમ છે. ભાવ-સંવેદન; ભાષા અને અભિવ્યક્તિની લાક્ષણિકતાઓ અહીં પારખી શકાય તેમ છે. ગીતના સ્વરૂપને માફક આવે તેવું શબ્દભંડોળ અને કલ્પનશ્રેણીઓનું નાવીન્ય આ ગીતોને તાજગીસભર બનાવે છે.

**'છબી અવાજની'નું સૉનેટસૌંદર્ય :**

ગઝલ અને ગીત જેવાં પ્રચલિત કાવ્ય સ્વરૂપોમાં આગવો કવિ આવાજ સંભળાવતા જયંત ડાંગોદરાની સૉનેટ કવિતાનું પણ નિરાળું રચનાસૌંદર્ય અનુભવી શકાય તેમ છે. સાંપ્રત સમયમાં સૉનેટ લખવું જ એક સાહસ છે ત્યારે અહીં જયંત ડાંગોદરા તેર જેટલાં સૉનેટ કાવ્યો લઈને આવે છે, જેમાં તેમની વ્યાપ્તિનો સંકેત મળી રહે છે. વસંતતિલકામાં ચાર, શિખરિણીમાં ત્રણ, પૃથ્વીમાં ત્રણ, હરિણી-શાલિની અને શાર્દુલવિક્રીડિતમાં એક-એક એમ કુલ મળીને છ જાણીતાં છંદમાં સૉનેટ રચાયા છે તો મંદાક્રાંતા જેવા પ્રચલિત છંદની ગેરહાજરી પણ ધ્યાને આવે. એટલે કે જયંત છંદ આવડે છે તેવું દેખાડવા માટે નહિ પણ કાવ્યત્વને સિદ્ધ કરવા અને સૉનેટના સ્વરૂપની નિજી અનિવાર્યતા નિભાવવા છંદબદ્ધ કવિતા રચીને પોતાની પ્રતિભાનો પરચો આપે છે. છંદનો કસબ અહીં સિદ્ધ કરે છે તેમ પેટ્રાર્કશાઈ, મિલ્ટનશાઈ અને શેઈક્સ્પિરિયન શૈલીના સૉનેટનું રચનાશિલ્પ અંકિત કરવામાં પણ જયંતની વિશેષતા પરખાઈ આવે છે. નિરવ એકાંતમાં બપોરી વેળાનું ભાવચિત્ર 'બપોર' કાવ્યમાં વસંતતિલકાની સંયમિત છંદચાલમાં આહ્લાદનો અનુભવ કરાવે છે. 'ઓર્થોપેડિક વોર્ડમાં', 'નગર', 'સડક' જેવી રચનાઓમાં સંવેદનની સાથે સંયોજાતી નાગરિકતા ભાવ અને ભાષાની દૃષ્ટિએ વિશિષ્ટ બની રહે છે. 'સહવાસ', 'ગાળિયો', 'મન', 'ડર', 'સ્મરણ' અને 'ભ્રમનિરસન' જેવી રચનાઓમાં આકારિત થતી વિવિધ મનઃસ્થિતિઓ છંદના લાલિત્ય સાથે સૉનેટનું સૌંદર્ય પણ ઉપસાવે છે. 'પ્રતિકાર' અને 'ચોમાસું' સૉનેટમાં વિષય અને અભિવ્યક્તિની નવીનતા ધ્યાનાકર્ષક બની છે.

સૉનેટની સ્વરૂપગત પ્રકૃતિને જાણી-જાળવી જયંત ડાંગોદરાએ પોતાના આગવા કવિ અવાજને પ્રતિધ્વનિત કર્યો છે. કલ્પન, પ્રતીક, અલંકાર, સમાસ, ઇન્દ્રિયવ્યત્યય, શબ્દભંડોળ આદિ કાવ્યગત પ્રયુક્તિઓનો કાવ્યધર્મથી જ વિનિયોગ કરતાં જયંત ડાંગોદરાની કવિપ્રતિભા સૉનેટ કાવ્યોમાં પણ નીખરી આવી છે. થોડી પંક્તિઓથી જયંત ડાંગોદરાનાં સૉનેટસૌન્દર્ય અને કવિકર્મની અનુભૂતિ કરીએ:

- ''પછી તો જ્યાં દૃષ્ટિ ક્ષણિક તરબોળાઈ રસમાં,
  ગયેલાં બે ખીલી કમળ નમણાં રેતજળમાં''
  (પૃ.૪૭, 'સહવાસ')
- ''છોડી ગયાં ફરજ પૂર્ણ કરી મને સૌ
  ત્યારે પડી હૃદયના લયમાં તિરાડો!''
  (પૃ-૪૮, 'ઓર્થોપેડિક વોર્ડમાં')
- ''ઘણુંય પલ્ટાયું નગર પણ ના એક પલટી,
  જગા એ મોચીની દિવસભર સાંધે ઉદર જ્યાં!''
  (પૃ.૫૦, 'નગર')

○ ''તિમિરરસના તીરે તીરે ભરેલ અરૂપતા,
જળ પર મળે ત્યારે સર્જે કશી રસરૂપતા.''
(પૃ.૫૫, 'જળ પર મળે...')

○ ''શાહીનો ખડિયો ગયો ગગનમાં ઢોળાઈ જાણે ન હો,
એવાં ગાઢ ડિબાંગ વાદળ ભમે શાં મંડરાતાં શિરે.''
(પૃ.૫૮, 'ચોમાસું')

**'છબી અવાજની'ના અછાંદસ કાવ્યો :**

ગઝલ, ગીત અને સૉનેટમાં ભાવને સહજ રીતે લય-છંદમાં ઘૂંટતા કવિ જયંત ડાંગોદરાની અછાંદસ કવિતામાં પણ કાવ્યસંગીતનાં કેટલાંક શ્રુતિગમ્ય પરિમાણો અનુભવી શકાય તેમ છે. અલબત્ત, આ પંદર જેટલી અછાંદસ કવિતામાં ભાવ-સંચલનોની તુલનાએ વિચારતત્ત્વનું પ્રમાણ વધુ જોવા મળે છે. 'શોધ', 'સ્વરૂપાંતર', 'હું', 'સામ્ય' જેવી રચનાઓ આ વાતની પ્રતીતિ કરાવે છે. વળી, 'વવાઈ ગયા પછી' અને 'કપાઈ ગયા પછી જ' જેવી રચનાઓમાં ભાવ, ભાષા અને વિચારનું કાવ્યગત રસાયણ સિદ્ધ થતું અનુભવાય છે. 'મજા', 'છાંટા' અને 'ઉજાગરો' જેવી કવિતામાં નાનકડી કથાનો કલ્પનામય તાંતણો અને સંવેદનાનો બળકટ મિજાજ કાવ્યને પ્રભાવશાળી બનાવે છે. આ કાવ્યોમાં ભાષાની અસામાન્ય અભિવ્યક્તિ તરત ધ્યાન ખેંચે છે. જેમકે,

○ 'એના ગુલાબી ગાલ જેવો ડુંગળીનો દડો.'

○ 'કાળાં ગૂમડાં જેવો પેલો મેઘ.'

○ 'રેતનું ધણ હાંફળુંફાફળું ખરીઓ પછાડતું ઊતરી જાય છે મારી છાતીમાં.'

○ 'મધરાતે સફાળો જાગીને જોઉં છું તો રુવે રુવેથી ચસ ચસ પી રહ્યું છે અંધારું મને.'

○ 'અંધારું ઢીંચીને ટપ્પર થઈ ગયેલો કાગડો સૂર્યને પડકારવા લાગ્યો.'

○ 'માટીના ઢગલા જેવી મજૂરન સ્ત્રી રડતાં બાળકને ધવડાવી રહી છે તમતમતો તડકો!'

અછાંદસ કવિતામાં વિચારથી આગળ વધીને કાવ્ય સિદ્ધ કરવાનું હોય છે. જયંતની આ અછાંદસ કવિતાઓ એ દૃષ્ટિએ પ્રમાણમાં થોડી અપરિપક્વ લાગે છે. પરંતુ અછાંદસની પ્રકૃતિ જયંત ડાંગોદરાને હાથ લાગી હોય તેવું તો અવશ્ય જણાય છે. ભવિષ્યમાં ગઝલ, ગીત કે સૉનેટની જેમ અછાંદસમાં પણ આ કવિ પાસેથી ગુજરાતી ભાષાને પથદર્શક અછાંદસ કવિતાઓ મળશે તેવું અનુમાન આ સંગ્રહની અછાંદસ કવિતાઓથી કરી શકાય તેમ છે.

સાંપ્રત ગુજરાતી કવિતામાં 'છબી અવાજની' સંગ્રહ અનોખો અવાજ બનીને ચોક્કસ ઊપસી આવ્યો છે. કવિ જયંત ડાંગોદરાએ ગઝલ ઉપરાંત ગીત અને સૉનેટ કવિતાઓમાં પોતાની કવિપ્રતિભાને અસરકારક રીતે ઉપસાવી છે. અછાંદસ કવિતાઓ પણ ધ્યાન તો ખેંચે જ છે. કાવ્યના સંગીતને સમજનારા આ કવિ ગુજરાતી કવિતાનું એક મીઠું મધુરું નામ બનશે તેવી શ્રદ્ધા છે.

એસોસિયેટ પ્રોફેસર, ગુજરાતી અનુસ્નાતક ભવન,
મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર.
મો.૯૧૦૬૫ ૦૬૦૯૪

॥ વિદ્યાવૃત્ત ॥

## સીવીએમ યુનિવર્સિટીના એન.એસ.એસ. વિભાગ દ્વારા દાંડીયાત્રીઓનું સ્વાગત

ભારતની આઝાદીના ૭૫મા વર્ષની ઉજવણીના ભાગરૂપે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત તા.૧૨મી માર્ચના રોજ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સાબરમતી આશ્રમ, અમદાવાદ ખાતેથી દાંડીયાત્રાનો શુભારંભ કરાવ્યો હતો. અને આ દાંડીયાત્રા અમદાવાદ અને ખેડા જિલ્લામાંથી પસાર થઈને તા.૧૬મી માર્ચના રોજ સાંજે ૫:૦૦ વાગ્યે આણંદ આવી પહોંચી હતી જ્યાં સીવીએમ યુનિવર્સિટીના એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર પ્રા. કાર્તિક જગતાપ, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર્સ ડૉ. તેજસ ઠક્કર અને ડૉ. ધનંજય ધ્રુવ સહિત વિદ્યાર્થી સ્વયંસેવકો દ્વારા દાંડીયાત્રીઓનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના ચેરમેનશ્રી એંજિનિયર ભીખુભાઈ પટેલ, ઉપપ્રમુખ શ્રી મનિષ પટેલ, સેક્રેટરીશ્રી ડૉ. એસ. જી. પટેલ, માનદ સહમંત્રીઓ શ્રી મેહુલ પટેલ, શ્રી વિશાલ પટેલ, શ્રી રમેશ તલાટી, શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા સીવીએમ યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ પ્રો.ડૉ. પી. એમ. ઉદાણી અને ડેપ્યુટી રજિસ્ટ્રાર સુ.શ્રી અગ્નેશ્વરી અઢીયાએ સીવીએમ યુનિવર્સિટીના એન.એસ.એસ. સેલની કામગીરીને બિરદાવી હતી.

 ISSN 0976 – 9609

## ઋણાનુબંધ

મનીષા રાઠોડ

''મારું માનો તો આ દીકરીને મરી જવા દો. આને મોટી કરવામાં કોઈ ફાયદો નથી. આવા બાળકો આમ પણ વધારે નથી જીવતા.'' ડોક્ટર સાહેબ ભાવેશભાઈને પોતાની કેબિનમાં બોલાવી અંગત સલાહ આપતાં બોલ્યા.

''સાહેબ, આ દીકરી અમારું પહેલું સંતાન છે. એને એમ કેવી રીતે મરવા દઈએ? એને જીવાડવાનો ઉપાય બતાવો સાહેબ.'' હાથ જોડીને આંસુભરી આંખે ભાવેશભાઈ કરગરી રહ્યા હતા.

''જુઓ ભાઈ, તમારી દીકરી એક ગંભીર બીમારી લઈને જન્મી છે. આ બીમારી જાન લેવા છે. એના શરીરમાં કુદરતી રીતે લોહી બનશે જ નહીં. તમારે દર મહિને ફરજિયાત બે બોટલ લોહી તેને ચઢાવવું જ પડશે. તેમ છતાં તેના શરીરનો બહુ વિકાસ પણ નહીં થાય. તે બાર-પંદર વર્ષ માંડ જીવી શકશે. તેની આ બીમારીનો કોઈ જ ઈલાજ નથી. વળી દર મહિને દવાઓ સાથે વીસથી પચીસ હજારનો ખર્ચ થશે એટલે આર્થિક રીતે પણ તમારે ઘણો ભોગ આપવો પડશે.''

''આ દીકરી માટે જે કરવું પડે તે હું કરવા તૈયાર છું. પણ સાહેબ એને મારી નાખવાની વાત ના કરતા. ઈશ્વરે આપેલું સંતાન છે. ભગવાનની ભેટ સમજી એ જીવે ત્યાં સુધી તેને જીવાડવાની અમારી ફરજ છે.''

''તમારી આ જ ઇચ્છા હોય તો મને કોઈ જ વાંધો નથી. હું સારવાર ચાલુ કરાવું છું.''

''વોર્ડ નંબર પાંચમાં ડિલિવરી થઈ છે એ પેશન્ટના બાળકને ચિલ્ડ્રન હોસ્પિટલમાં મોકલી આપવાનું છે. ઇમર્જન્સી છે. '' ડોક્ટરે નર્સને સૂચના આપી.

ભાવેશભાઈ હોસ્પિટલની બહાર આવી બાંકડા પર બેઠા. લગ્નના કેટલા વર્ષ પછી સંતાન આવ્યું. એની ખુશી મનાવું કે પછી એ બાળક મરવાના વાંકે જીવશે એનો શોક મનાવું? વાહ મારું નસીબ! મારી સુધાને આ હકીકત કેવી રીતે કહીશ?? એની સામે તો મારાથી જોવાતું પણ નથી.

ભાવેશભાઈના ઘરડા માતા ગંગાબા ત્યાં જ હાજર હતા. તેઓને કંઈક અણસાર આવી રહ્યો હતો. ભાવેશભાઈને રડતાં જોઈ એમનું કાળજુ કંપી ઊઠ્યું. દીકરાના માથે હાથ ફેરવતા બોલ્યા, ''બેટા શું થયું? કેમ રડે છે?''

માને જોઈને ભાવેશભાઈ સ્વસ્થ થવાનો ડોળ કરી રહ્યા હતા. પણ આંસુઓ રોકાવાનું નામ જ નહોતા લેતા. દીકરાને રડતો જોઈ બા પણ ઢીલા થઇ ગયા. છતાંય હિંમત આપતાં બોલ્યા, ''બેટા માંડીને વાત કર. શું થયું??''

ભાવેશભાઈએ માંડીને વાત કરી. ગંગાબાને પણ સાંભળીને ધ્રાસકો પડ્યો. પોતાના દીકરાને ઘરે વર્ષો પછી પારણું બંધાયું અને એ પણ આવું અભાગિયું ઓછું આયુષ્ય અને બીમારીવાળું બાળક અવતર્યું. ભગવાને અમારી સાથે જ કેમ આવું કર્યું? આવા પ્રશ્નો સહેજે એક સિત્તેર વર્ષના ઘરડા માજીને થવા જોઈએ, પરંતુ ગંગાબા ખૂબ હકારાત્મક અભિગમ ધરાવતા હતા. પોતાના દીકરાને આશ્વાસન આપતાં બોલ્યા, જો બેટા, આવનાર બાળકને ભગવાનનું સ્વરૂપ સમજીને સ્વીકારી લેવાનું.

આ બધા ઋણાનુબંધના સંબંધ છે દીકરા. આ દીકરીને આપણી સાથે ગયા જનમની લેણાદેણી બાકી હશે એટલે જ આપણા ઘરે આવી છે. તેને સ્વીકારીને પ્રેમથી તેની માવજત કરીશું. તું મન નાનું ના કર દીકરા.

માના શબ્દોથી ભાવેશભાઈને થોડો સધિયારો મળ્યો. તેઓ મન મક્કમ કરીને ચિલ્ડ્રન હોસ્પિટલમાં ગયા. ડોક્ટરોની આખી ટીમ આ નાની બાળકીની સારવારમાં લાગી હતી. ભાવેશભાઈને બ્લડની વ્યવસ્થા કરવાની સૂચના અપાઈ. બાળકીને સારવાર અર્થે ઘણું બધું લોહી ચડાવવું પડે એમ હતું.

ગંગાબા સુધાબેનની સેવામાં હતા અને આ બાજુ ભાવેશભાઈ બાળકીની સેવામાં. પોતે સરકારી જંગલખાતામાં કારકુન તરીકે નોકરી કરતાં સામાન્ય કર્મચારી હતા. આવક ઓછી પણ દિલ ઉદાર હતું. કેટલાય લોકોની તકલીફમાં ખડેપગે ઊભા રહેનારા બાહોશ ભાવેશભાઈ આજે નિયતિ સામે સાવ લાચાર હતા. પ્રેમાળ સુધાબહેન, પતિ

અને પરિવારની પૂરી નિષ્ઠાથી ખૂબ સેવા કરતાં. કેટલીય માનતાઓ, વ્રતો અને આકરી તપસ્યાઓ પછી તેમનો ખોળો ભરાયો હતો.

''બા, દીકરી ક્યાં છે?''

''એને બાળકોના દાક્તરને બતાવવા લઈ ગયા છે.'' બા બોલ્યા.

''કેમ બાળકોના દવાખાને લઈ ગયા? બધું ઠીક તો છે ને? કશું સીરિયસ તો નથી ને!!'' સુધાબેન ગભરાઈ ગયા. પોતાના બાળકને જોવા અધીરા થઈ ગયા.

''બધું ઠીક છે. તું તારે હમણાં આરામ કર. તારી તબિયત સાચવ બેટા.''

''ના બા. તમે કશુંક છુપાવી રહ્યા છો. તમને મારા સમ. મને સાચું કહી દો.''

''સમ ના આપ બેટા, તારી હાલત ઠીક નથી. આપણે પછી વાત કરીશું. તું આરામ કર.''

''હવે મને જરાય ચેન નહીં પડે.. તમે જે હોય તે કહી દો બા. તમે મારી ચિંતા ના કરો.''

ગંગાબાએ હૈયું કઠણ કરી સુધાબેનની પાસે બેસી સગી માની જેમ પ્રેમથી તેઓના માથે હાથ ફેરવતા બધી ઘટના વર્ણવી. સાંભળીને સુધાબેનના હોશ ઊડી ગયા. એક તરફ મા બનવાની ખુશી અને બીજી તરફ બાળકીની આટલી ગંભીર બીમારી. પ્રેમાળ ગંગાબાએ સુધાબેનને પણ સમજાવીને સાચવી લીધા.

ભગવાને આપેલી દિવ્ય ભેટ, ઘરની લક્ષ્મી સમાન દીકરીનું નામ રાખ્યું પરી.. ભાવેશભાઈ અને સુધાબેન નિયતિને સ્વીકારીને દીકરીની માવજાતમાં પરોવાઈ ગયા. જે પણ મૂડી અત્યાર સુધી સાચવી હતી તે બધી હવે દીકરીના અભ્યાસ અને ઈલાજ પાછળ વપરાવા લાગી.

મમ્મી-પપ્પાની લાડકી દીકરી પરી મોટી થતી ગઈ. તે ભણવામાં ખૂબ જ હોશિયાર હતી. દર મહિને બે વાર તેને લોહી ચડાવવું પડતું અને ઘણા ઈંજેક્શન પણ આપવા પડતા. દર પંદર દિવસની આ દર્દનાક પીડા આ બાળકી હસતાં મોઢે સહન કરી લેતી.

ડોક્ટરની ગણતરી પ્રમાણે તે વધુમાં વધુ પંદર વર્ષ જીવી શકે એમ હતું. પરંતુ પરી તો દિન બ દિન મોટી થઈ રહી હતી. તેની ઊંચાઈ વધતી હતી પણ કિશોરાવસ્થામાં થવા જોઈએ તેવા શારીરિક ફેરફાર સહેજે નહોતા થયા. ઉધાર ચડાવેલા લોહી પર તેના શરીરનો વિકાસ પણ કેટલો થાય? તેનો રંગ પણ ખૂબ શ્યામ હતો. ક્લાસમાં ઘણીવાર છોકરીઓ તેને કાળી પરી કહીને ચીડવતા.

નામ છે પરી. પણ લાગે છે મહાકાળી જેવી કાળી કાળી. તેની સાથે ભણતી છોકરીઓ આવું કહીને તેને ચીડવે ત્યારે ખૂબ નિરાશ થઈને તેની મમ્મીને પૂછતી, ''મમ્મી, ભગવાને મને આટલી કાળી કેમ બનાવી? તું, પપ્પા અને બા કેવા ઊજળા છે, તો હું કેમ આવી?''

''જો બેટા, કાળા તો કૃષ્ણ ભગવાન પણ હતા. આપણા શરીરનો રંગ આપણા હાથમાં નથી બેટા. પણ હા, આપણા સ્વભાવનો રંગ, આપણા ચરિત્રનો રંગ, આપણા કામનો રંગ ચોક્કસ આપણા હાથમાં છે. તું તો મારી સૌથી રૂપાળી દીકરી છે. લોકો તો કંઈપણ બોલે. એ તરફ ધ્યાન જ નહીં આપવાનું. ચાલ હવે જલ્દી જલ્દી હાથ-પગ-મોઢું ધોઈ લે. આજે બાએ તારા માટે તારી મનપસંદ લીલવાની કચોરી બનાવી છે.''

મમ્મીની વાતો સાંભળી પરી ખુશ થઈ જતી.

રાતના સૂતેલી દીકરીના માથે હાથ પસવારતા સુધાબેન રડી રહ્યા હતા.

''શું વાત છે સુધા? કેમ રડે છે?'' ભાવેશભાઈએ પૂછ્યું.

''આપણી પરી હવે આપણી પાસે કેટલા દિવસ રહેશે? ડોક્ટરે તો કહ્યું છે કે દિવસો ગણવા માંડો.. પરી હવે થોડા દિવસની મહેમાન છે.'' બોલતાં બોલતાં સુધાબેન ડૂસકાં ભરીને રડવા લાગ્યા.

''ભગવાનની ઇચ્છા હશે તો ઘણા વર્ષો સુધી આપણી સાથે જ રહેશે. તું ચિંતા ના કર. હમણાં તો આપણી પાસે છે ને? બસ તો પછી આ પળને સાથે જીવી લઈએ.''

''સાહેબ, દીકરીને કોલેજ કરવી છે. શું કરું? તેને


ISSN 0976 – 9609

આગળ ભણાવું કે નહીં?'' ભાવેશભાઈ ડોક્ટરને પૂછી રહ્યા હતા. ડોક્ટર મહેતા પરીને નાનપણથી ઓળખતા. તેની તમામ સારવાર મહેતા સાહેબે જ કરી હતી. તેઓને પણ આશ્ચર્ય હતું કે આ દીકરી આટલા બધા વર્ષ કેવી રીતે જીવી ગઈ? તેના જેવી બીમારીવાળા કેટલાય બાળકો બાર થી પંદર વર્ષમાં દમ તોડી દેતા.

''તમારી કાળજી, નિયમિત દવા અને દુઆની અસર છે કે આપણી પરી હજુ સુધી સ્વસ્થ છે. તમે ચિંતા કર્યા વગર એને પ્રેમથી ભણાવો અને એની જે પણ ઇચ્છા હોય એ બધી જ પૂરી કરો.''

પરી કોલેજમાં આવી. બીએસસી વિથ બાયોલોજીનો અભ્યાસ શરૂ કર્યો.. પરીની હોશિયારી, મળતાવડો નિખલાસ સ્વભાવ, ડાન્સ અને પેંટિંગની અદ્ભુત કળા તેના શિક્ષકોનું મન મોહી લેતી. પરી મસ્તીથી પોતાની જિંદગીની એકે એક પળ માણી રહી હતી.

બી.એસસી.ના બીજા વર્ષમાં આવી ત્યાં સુધી આખી કોલેજમાં તેના નામની ચર્ચા થવા લાગી. તેના ક્લાસમાં ભણતો વિવેક નામનો એક અતિશય રૂપાળો અને હોશિયાર છોકરો પરી તરફ આકર્ષાયો. પરી દેખાવમાં શ્યામ અને પાતળી, વળી તેના શરીરનો વિકાસ પણ એટલો નહોતો. ટૂંકમાં આકર્ષણ થાય એવું કોઈ જ શારીરિક લક્ષણ તેનામાં નહોતું. છતાંય કોણ જાણે કેમ આ છોકરો કેવી રીતે તેનામાં આકર્ષાયો? ''અલ્યા વિવેક્યા.. તને બીજી કોઈ ના મળી કે પેલી કાળી પાછળ પડ્યો?? અંધારામાં જેના દાંત સિવાય કંઈ ના દેખાય એમાં તને શું દેખાયું?'' વિવેકનો ક્લાસમેટ તેની મશ્કરી કરી રહ્યો હતો.

''ખબરદાર મારી પરીને કંઈ કહ્યું છે તો. કાળી છે તો શું થયું? મને તો એ બહુ જ ગમે છે. એના જેવી મને આખી કોલેજમાં એકપણ છોકરી નથી લગતી.''

''તે ના જ લાગે ને.. તેના જેવું એક જ સેમ્પલ ભગવાને બનાવ્યું છે. અને તમે ભાઈ એમાં ગાંડા થયા છો. જેવા જેના નસીબ. બાકી પેલી ગોરી ચિટ્ટી કિંજલ તને બહુ લાઈન મારે છે. તું કહેતો હોય તારું ચક્કર ચલાવું. તારી સાથે એની જોડી જામે..''

''તું દોસ્ત મારૂ માથું ના ચઢાવ. મને મારૂ કામ કરવા દે..''

વિવેક છેલ્લા બે વર્ષથી પરીને પસંદ કરતો હતો પણ તેને કહેવાની હિમ્મત નહોતો કરી શક્યો. આજે મોકો જોઈને પરીને કહેવાની હિમ્મત કરી. પરી લાયબ્રેરીમાં એકલી બેઠી બેઠી વાંચતી હતી. વિવેક તેની પાસે ગયો અને કહ્યું, ''પરી, મારે તને કંઈક કહેવું છે.''

પરીનું ધ્યાન હજુ પણ વાંચવામાં જ હતું. વિવેકે ફરીથી થોડા ઊંચા અવાજમાં કહ્યું, ''પરી, તું બે મિનિટ મારી સાથે વાત કરીશ? પ્લીઝ, મારે તને કંઈક કહેવું છે.''

પરી જાણે ઝબકીને જાગી હોય એમ વિવેક સામે જોતાં બોલી, ''ઓહ, વિવેક. સોરી. મારું ધ્યાન નહોતું. બોલ તું ક્યારે આવ્યો?''

''પરી મારે તારું કામ છે. તું મારી સાથે બે મિનિટ બહાર આવીશ? ''

''કેમ, એવું તો શું કામ છે? કશું જોઇએ છે તારે. મારી નોટ્સ જોઇએ છે?''

''ના, કંઈ નથી જોઈતું. તારી સાથે એક ઇમ્પોર્ટન્ટ વાત કરવી છે.''

''આપણે કાલે વાત કરીએ. આજે મારે એક કામ છે. એ પતાવી દઉં.''

બીજા દિવસે પરી અને વિવેક કોલેજની લાયબ્રેરીમાં મળ્યા. પરી આજે પણ એ જ ટેબલ પર પુસ્તકોમાં ખોવાઈને બેઠી હતી.''

વિવેકે પરીને બહાર મળવા બોલાવી. લાયબ્રેરીની બહાર આવેલી એક બેન્ચ પર પરી બેઠી અને સામે વિવેક ઊભો હતો. ''પરી તું મને બહુ ગમે છે.'' વિવેક નીચી નજર રાખી શરમાતા શરમાતા બોલ્યો.

આ સાંભળીને પરી ખડખડાટ હસવા લાગી.

''પરી, હું સીરિયસ છું. તું મજાક ના સમજ.''

પરી હજુય હસવું રોકી ન શકી.

''વિવેક, તારી પાછળ આખી કોલેજની છોકરીઓ

પાગલ છે અને તું??''

''પરી, આઈ રિયલી લવ યુ. પ્લીઝ આમ મારી વાતને હસી ના કાઢ.''

''વિવેક, તું મને શું કામ પસંદ કરે છે? તું આટલો હેન્ડસમ અને સ્માર્ટ. આપણી વચ્ચે કોઈ જ સમાનતા નથી. તને તારા જેવી જ કોઈ બ્યુટીફુલ છોકરી મળશે. જા હવે ટાઈમ પાસ બંધ કર અને મને વાંચવા દે.''

''પ્લીઝ પરી. આવું ના બોલ. જો હું તારા જેવો હોત તો, તું મને પસંદ કરતી એમ ને?''

''મારા જેવો એટલે?''

''તારા જેવો હોશિયાર, સમજદાર, ઓલ રાઉન્ડર.''

''અને કાળો એમ ને!!!'' પરી હસતાં હસતાં બોલી.

''વિવેક, આ બધા ટેમ્પરરી ઈમોશન્સ છે. ઉંમર સાથે આવે, પણ વાસ્તવિકતા બહુ જુદી હોય છે. અને મારો જવાબ ના છે. કારણ કે મને આ બધી બાબતોમાં જરાય રસ નથી. તું પણ ભણવામાં ફોકસ કર. ચાલ બાય..''

પરીની વાતો સાંભળી વિવેક તેની તરફ ઓર આકર્ષાયો.

''પરી તું એક દિવસ મને હા પાડીને જ રહીશ. મને વિશ્વાસ છે.'' વિવેક ત્યાંથી જતા જતા મનમાં બોલ્યો.

''વિવેક્યો રિજેક્ટ થયો. બોલો.. એ પણ પેલી કાળીએ રિજેક્ટ કર્યો.. હું તો એને પહેલેથી ના પાડતો હતો પણ આ ડોબો માને તો ને??'' વિવેકનો મિત્ર ફરીથી તેની મશ્કરી કરવા લાગ્યો.

વિવેકે ઘણીવાર પરીને મનાવવાની કોશિશ કરી પણ દર વખતે પરી ધરાર ના પાડતી.

ગોલ્ડ મેડલ સાથે ગ્રેજ્યુએટ થયેલી પરીને ઘણી જગ્યાએથી સારી જોબની ઓફર આવવા લાગી. પણ તે મમ્મી-પપ્પા સાથે સમય વિતાવવા માંગતી હતી. એક દિવસ સાંજના સુમારે આંગણામાં પોતાની વ્હાલી મા સાથે હીંચકે ઝૂલી રહી હતી ત્યારે વિવેક પરીને મળવા તેના ઘરે આવ્યો.

''આ છોકરો હજુય મને નથી ભૂલ્યો??'' વિવેકને જોઈને પરી મનમાં બોલી.

પરીએ તેના મમ્મી, પપ્પા અને બા સાથે વિવેકની ઓળખાણ કરાવી. વિવેક એક સંસ્કારી કુટુંબમાંથી આવતો હતો. થોડી ઔપચારિક વાતો પછી તેણે હિંમત કરી પરીના પપ્પાને કહ્યું, ''અંકલ, મારા મમ્મી પપ્પા તમને મળવા માંગે છે.''

''હા બેટા, ચોક્કસ. પણ હું મળવાનું કારણ જાણી શકું?''

''મારે પરી સાથે લગ્ન કરવા છે. હું તેને ખૂબ ચાહું છું.''

આ સાંભળીને સૌ સ્તબ્ધ થઈ ગયા.

''બેટા, તું શું બોલે છે?? તને ભાન છે??''

''હા. હું પૂરેપૂરી સભાનતાથી બોલી રહ્યો છું. મેં મારા મમ્મી પપ્પાને મનાવી લીધા છે. બસ આપ સૌની અને પરીની હા સાંભળવાની બાકી છે. છેલ્લા કેટલાય વર્ષોથી પરીની હા સાંભળવા તરસું છું. તમે જ પૂછો પરીને.''

પરીએ તેના પપ્પા સામે નીચું જોઈને સંમતિ આપી કે તે સાચું બોલે છે.

''જો બેટા, તું મને કાલે મારી ઓફિસમાં મળજે. આપણે શાંતિથી બેસીને વાત કરીશું. પછી તું જે નિર્ણય લે એ મને મંજૂર હશે.''

વિવેક હા કહીને ત્યાંથી રવાના થયો. બીજા દિવસે નિયત સમયે ઓફિસ પર પહોંચી ગયો.

''બેટા વિવેક. મારી વાત ખૂબ ધ્યાનથી સાંભળજે. મારી દીકરી પરી એક ગંભીર બીમારી સાથે જન્મી છે. તું જેને પોતાની જીવનસંગિની બનાવવા ઇચ્છે તેના પોતાના જ જીવનનો કોઈ ભરોસો નથી. તારી પત્ની બનીને ના તો એ તારા બાળકની મા બની શકશે, ના તો તને જીવનભર સાથ આપી શકશે. અમે તારું જીવન બરબાદ કરવા નથી માંગતા. તને જોઈએ તેવી ઘણી સારી છોકરીઓ મળશે. એટલે મારી વાત માન. પરી સાથે પરણવાની જીદ છોડી દે. તારા માબાપનો વિચાર કર. કોઈપણ માબાપ પોતાના એક ના એક દીકરાને આવી ભૂલ ના કરવા દે. તું ફરીથી વિચારી


ISSN 0976 – 9609

લે.'' ચશ્મા કાઢી આંખોના ખૂણા લૂછતાં ભાવેશભાઈ ભાવુક થઈને એક લાચાર બાપની જેમ વિવેકને સમજાવી રહ્યા હતા.

વિવેક ઘડીભર શૂન્યમનસ્ક ખુરશી પર બેસી રહ્યો. ભાવેશભાઈને ગળા સુધી ખાતરી હતી કે હકીકત સાંભળીને વિવેક પરીને પરણવાનો વિચાર સો ટકા માંડી વાળશે...

''અંકલ, પરી થેલેસીમિયા મેજર છે ને?''

''હા બેટા, એના શરીરમાં લોહી બનતું જ નથી. દર પંદર દિવસે લોહીના બે યુનિટ આપવા પડે છે. અને બીજી ઘણી દવાઓ પણ.''

''મને ખ્યાલ છે ત્યાં સુધી આ બીમારીવાળું કોઈ આટલું લાંબું જીવ્યું જ નથી. એનો મતલબ એમ કે પરીને મારી સાથે જીવનના થોડા વર્ષો વિતાવવાના બાકી હશે. ભગવાનની પણ આ જ ઇચ્છા હશે.. એટલે જ પરી આપણી વચ્ચે છે.'' વિવેકની વાત સાંભળીને ભાવેશભાઈ ચમક્યા. આ છોકરો હજુ પણ આટલો હકારાત્મક કેવી રીતે??

''પણ બેટા...'' ભાવેશભાઈ કંઈક કહેવા જઈ રહ્યા હતા પણ તેઓને વચ્ચે જ અટકાવીને વિવેક બોલ્યો, ''તમારી દીકરીને જીવનની સૌથી રોમાંચક પળો હું આપીશ. એને ખૂબ જ ખુશ રાખીશ. ભગવાને પરીને મારા માટે જ જીવતી રાખી છે. પરી મારી છે અંકલ. પ્લીઝ હવે તમે ના ના પાડતા.''

વિવેકનો ઉત્સાહ જોઈ ભાવેશભાઈ પણ રાજી થયા. પણ પછી વિવેકના માતાપિતાનો વિચાર આવ્યો અને બોલ્યા, ''તારા ઘરે કોઈ નહીં માને. તું પહેલા આ હકીકત તારા ઘરે જણાવી દે.''

''તમે જરાય ચિંતા ના કરતા. બસ તમે પરીને મનાવી લો. બાકી બધું હું સંભાળી લઈશ.'' વિવેક ઉત્સાહથી ઉછાળા મારતો ઘરે ગયો.

પરીને ખબર પડી ગઈ હતી કે પોતે હવે થોડા વર્ષોની મહેમાન હતી. તેણે પણ વિવેકને સમજાવવાનો પ્રયત્ન કર્યો.

''તું શું કામ તારું જીવન બરબાદ કરવાની જીદ લઈને બેઠો છે?? મને તો એ જ નથી સમજાતું.''

''જો પરી, કોઈ આપણને વગર કારણે પણ ગમી શકે. દર વખતે કારણો હોવા જરૂરી નથી. કદાચ ભગવાનની પણ આ જ મરજી હશે. હવે તું જીદ ના કર. હા પાડી દે. લગ્ન પછી જો મને કોઈ ગંભીર બીમારી થતી તો શું તું મારો સાથ છોડી દેતી??''

''ક્યારેય નહીં.''

''બસ તો પછી તારી હા સમજુંને??''

આખરે વિવેકની જીદ અને પ્રેમની જીત થઈ. ધામધૂમથી બંનેના લગ્ન થયા. ચોરીના ચાર ફેરા ફરતી વખતે પરીએ પણ વિવેકને વચન આપ્યું કે જ્યાં સુધી તારી સાથે છું. મારું જીવન માત્ર અને માત્ર તારી ખુશીઓને અર્પણ.

લગ્નના બે વર્ષ પછી પરીએ આ દુનિયાને અલવિદા કરી. સૌભાગ્યવંતીના શણગાર સાથે વિવેકે તેને વળાવી. તેની જલતી ચિતા પર હાથ રાખી સંકલ્પ કર્યો કે હવે પછીનું મારું જીવન માત્ર તારા જવા થેલેસેમિયા મેજર બાળકોની સેવામાં વિતાવીશ અને આવા બાળકો ન જન્મે તેવી સમાજમાં જાગૃતિ ફેલાવીશ.

વિવેકે સમાજના લાખો લોકોને આ બીમારી વિશે સાચી સમજ આપીને આવા બાળકોને જન્મ લેતાં બચાવી સાચા અર્થમાં પોતાની પત્નીને શ્રદ્ધાંજલી આપી.

---

પ્રાધ્યાપિકા, મિકેનિકલ એન્જિનિયરીંગ વિભાગ,
એ.ડી.આઈ.ટી.કોલેજ, ન્યૂ વલ્લભ વિદ્યાનગર

## સ્ત્રી સ્વાસ્થ્યમાળા ભાગ-૩ : સૂતિકા પરિચર્યા

**વૈદ્ય જસ્મિન ગુજરાથી***
**વૈદ્ય શચી પંડ્યા****

**પરિચય :**

સ્ત્રીનાં જીવનમાં વિવિધ અવસ્થાઓ આવે છે જે પૈકીની એક અવસ્થા છે સૂતિકા. ગુજરાતીમાં લોકવ્યવહારમાં જેને સુવાવડ થયા પછીની સુવાવડી સ્ત્રી તરીકે ઓળખવામાં આવે છે. આ વિશેષણ વાપરવામાં આવે છે તો સ્વાભાવિક છે કે આ અવસ્થા સાથે આહાર-વિહાર આચરણમાં કોઈ વિશેષ ધ્યાન પણ આપવાનું થતું હોય.

આયુર્વેદમાં સ્ત્રીના જીવનની વિવિધ અવસ્થાઓનાં પરિપ્રેક્ષમાં કે જેમાં તેના શરીરમાં હોર્મોન્સના ફેરફારો થતા હોય તે અનુસાર ખોરાક તેમજ અન્ય પરેજીઓને ધ્યાને લઇ પરિચર્યાનું વર્ણન કરેલ છે. જેમાં રજઃસ્વલા પરિચર્યા, ગર્ભિણી પરિચર્યા અને સૂતિકા પરિચર્યા મુખ્ય છે.

૨૧મી સદીમાં આધુનિક જીવનશૈલીની આડ અસર રૂપે સ્ત્રીમાં વિવિધ અવસ્થાઓ દરમિયાન શારીરિક તેમજ માનસિક ફરિયાદો જોવા મળે છે. સૂતિકા અવસ્થા જે સ્ત્રીના માતૃત્વ અવસ્થા ધારણ કર્યા પછીનો અત્યંત મહત્ત્વનો સમયગાળો છે જેમાં વાયુદોષ અને અગ્નિ બંનેની કાળજી લેવી આવશ્યક છે. જો આ સમય દરમિયાન આહાર-વિહાર-આચરણમાં બેદરકારી રાખવામાં આવે તો વાયુદોષ પ્રકોપ અને અગ્નિના વૈષમ્યથી સ્ત્રીમાં ઘણા રોગો ઉત્પન્ન થઈ શકે છે. કમરમાં દુઃખાવો, પેડુનો ભાગ વધારે રહી જવો, સ્તન્યપાનમાં તકલીફ, માસિકમાં અનિયમિતતા, પેશાબમાં તકલીફ, શરીર (ગર્ભાશય/યોની) બહાર આવવું વગેરે રોગો સૂતિકા અવસ્થા દરમિયાન યોગ્ય કાળજી ન રાખવાને કારણે થાય છે.

સૂતિકા પરિચર્યાની વાત કરીએ તો બાળકના જન્મ બાદ અપરા (placenta)/ઓર નીકળ્યા બાદ સ્ત્રીને સૂતિકા સમજવામાં આવે છે.[૧] સ્ત્રીને કેટલા સમય સુધી સૂતિકા સમજવી એ અંગે આયુર્વેદના આચાર્યોમાં અલગ અલગ મત મળે છે જેમાં સૌથી વધુ સમાન મત દોઢ માસ સુધીનો ગાળો કહેલ છે જ્યારે અમુકના મતથી સ્ત્રીમાં રજોદર્શન થાય ત્યાં સુધી તેને સૂતિકા માનવાનું કહેલ છે.[૨,૩,૪] આચાર્ય કાશ્યપે દોઢ મહિનો તેમજ આહાર યંત્રણાને ધ્યાનમાં લઈ છ માસ સુધી માનેલ છે.[૫]

આધુનિક વિજ્ઞાન અનુસાર જોઈએ તો ગર્ભાવસ્થા દરમિયાન સ્ત્રીના શરીરમાં થયેલા ફેરફારો (જેમકે ગર્ભાશયની વૃદ્ધિ) બાળકના જન્મ બાદ દોઢ મહિના સુધીમાં મૂળ સ્થિતિમાં આવે છે. તેમજ ઘણી સ્ત્રીઓમાં દોઢ મહિને રજોદર્શન પણ જોવા મળે છે. એ જોતાં સૂતિકાની પરિભાષા દોઢ માસ કે ફરી રજોદર્શન સુધીની બતાવી છે એ યોગ્ય જ છે. વળી આ એ અવસ્થા છે જેમાં નવજાત શિશુ સંપૂર્ણપણે માતાના દુગ્ધ પર આધારિત હોય છે જે સમયગાળો છ માસ સુધી કહી શકાય, કેમકે ત્યાર બાદ બાળકને માતાના દૂધ સિવાય બીજો બહારનો ખોરાક પણ અપાય છે. તો આહાર-વિહારની યંત્રણા (પરેજી) ને ધ્યાનમાં લેતાં છ માસનો ગાળો પણ યોગ્ય જ છે.

આયુર્વેદમાં દેશ અનુસાર વિસ્તારથી સૂતિકા પરિચર્યા દર્શાવેલી છે. પરંપરાથી પણ ઘણા ઘરોમાં પરિચર્યાનું પાલન જોવા મળે છે પરંતુ હાલ વિભક્ત કુટુંબની પ્રથા પ્રચલિત થઈ હોવાથી તેમજ મોટા ભાગની સ્ત્રીઓ ઘર સિવાય બહાર પણ કાર્યરત હોવાથી આ પરમ્પરા બહુ ઓછા કુટુંબોમાં જોવા મળે છે. થોડું અજ્ઞાન અને થોડું કહેવાતું આધુનિકીકરણ પણ આના માટે થોડાઘણા અંશે જવાબદાર છે.


ISSN 0976 – 9609

**પરમ્પરાગત સૂતિકા અવસ્થાના નિયમો :**

- કાન પર રૂમાલ કે કપડું બાંધેલું રાખવું જેથી સીધો પવન કાનમાં ના જાય.
- જમવાનો આહાર તેલના બદલે ઘીમાં રાંધેલો આપવો જેથી બાળકને દૂધમાં તીક્ષ્ણતા ન વર્તાય.
- દરરોજ આખા શરીરે માલિશ કરાવી નહાવું. (આ કામ માટે ખાસ અમુક સ્ત્રીઓ રાખવામાં આવે છે) ખાટલા નીચે સેક માટે તગારું રાખવું અથવા ઈંટનો શેક આપવો.
- માથું વારંવાર ના ધોતાં દસ દિવસે ધોવું જેમાં માથું ધોયા બાદ અંદર સૂંઠ ભરવી જેથી બાળકને શરદી ના થાય.
- ખોરાકમાં દૂધનો વિશેષ ઉપયોગ કરવો તેમજ પચવામાં ભારે હોય એવા શાકભાજી ન આપવા. કઠોળમાં મગ સિવાયનાં કઠોળનો ત્યાગ કરવો.
- વાતનાશક ઔષધીથી બનાવેલ ખાસ લાડુ (કાટલું) સુવાવડી સ્ત્રીને ખવડાવાનો રિવાજ હજુ પ્રચલિત છે.
- વાવડીંગ અને વાપુમ્ભો નાખી ઉકાળેલું પાણી આપવું.
- ખટાશ જમવામાં બિલકુલ ન આપવી તો સામે લસણ, મેથીનો બહોળો ઉપયોગ કરવો.
- બાળકને સ્તનપાન કરાવતી વખતે બોલવું નહિ જેથી બાળકને ઓતરાસ ન જાય.

આવા તો ઘણા નિયમો છે જે કૌટુંબિક પરમ્પરા અનુસાર થોડા ફેરફાર સાથે અલગ અલગ ઘરોમાં જોવા મળે છે.

**આયુર્વેદ અને સૂતિકા પરિચર્યા :**

વિવિધ આચાર્યોએ સૂતિકા પરિચર્યાનું થોડા ફેરફાર સાથે વર્ણન કરેલ છે જેનો સારાંશ નીચે મુજબ છે :

- સૂતિકાને બલા તેલથી અભ્યંગ -માલિશ કરવું અને એ પછી સ્તનના નીચેના ભાગથી પેડુના ભાગ સુધી સુતરાઉ કાપડ (દુપટ્ટા) વડે બંધન કરવું, જેથી ગર્ભાશયમાં ઉચિત પરિવર્તન થાય અને વાયુ પ્રકોપને રોકી શકાય.[૬]
- પીવા માટે વાતહર ઔષધીથી સિદ્ધ કવાથ ખાસ કરી દશમૂળ કવાથ/ઉકાળાનો ઉપયોગ કરવો.[૭]
- ખોરાકમાં ભૂખ લાગે ત્યારથી જ સૂંઠ, મરી, પીપર, સિદ્ધ ઘીયુક્ત આહાર આપવો.[૬] અત્યારે સુવાવડ પછી તરત સ્ત્રીને આઈસ્ક્રીમ કે જ્યુસ આપવામાં આવે છે તેનાથી વાયુપ્રકોપ થાય છે અને અગ્નિ પણ મંદ રહે છે.
- બાકી રહેલા દોષો કાઢવા માટે ગંઠોડા, સૂંઠ, લીંડી પીપર વગેરે દ્રવ્ય ગોળના પાણી સાથે આપવાથી બગાડનું બાકી રહેલું રક્ત સ્ત્રવિત થઇ જશે.[૭] (સૂંઠ, ગંઠોડા નાખી પરંપરાગત રીતે અપાતી રાબ આનું ઉદાહરણ છે. હાલ સિઝેરિયન બાદ ઘીની વસ્તુ તુરંત નથી અપાતી. વળી એવા કિસ્સાઓમાં રક્તસ્ત્રાવ રોકવાની દવાઓ આપેલ હોવાથી ઘણી વખત દૂષિત રક્ત ન નીકળી શકવાથી ઘણી બહેનોને શીળસ નીકળવાની ફરિયાદ રહે છે. આવા કિસ્સાઓમાં આયુર્વેદ પદ્ધતિથી ચિકિત્સામાં સારો ફાયદો મળે છે)
- સૂતિકાને ઉષ્ણ જળથી જ પરીષેક કરવા કહ્યું છે.[૬] ઉનાળામાં પણ નહાવામાં ઉષ્ણ જળનો જ ઉપયોગ કરવો.
- ક્રોધ, પરિશ્રમ તેમજ મૈથુનનો ત્યાગ કરવો.[૭]
- કુષ્ઠ, ગુગળ, અગરુ આદિથી ધૂપન કરવું.[૮]

- આચાર્ય કાશ્યપ અનુસાર એક માસ સુધી માલિશ, શેક તેમજ પીવા-વાપરવામાં ઉષ્ણ જળનો ઉપયોગ કરવો.[૮]
- આનુપ દેશની સ્ત્રીઓમાં શરીરમાં કફ-વાત વધુ હોવાથી તેને આહારમાં તુરંત ઘી-તેલ ન આપવું. નીવાત શયન[૯] -સીધો પવન ના લાગે એવી જગ્યાએ સૂવું તેમજ બધા જ ઉષ્ણ દ્રવ્યોનું સેવન કરવું. (અહીં આનુપથી એવો પ્રદેશ લઈ શકાય જે નદી-સમુદ્રની અધિક નજીક હોય અને જ્યાં ભેજવાળું વાતાવરણ હોય.)
- જાંગલ દેશમાં વસનારે ખોરાકમાં સ્નેહ-ઘી આદિનો ઉપયોગ સરખો કરવો.[૧૦] (જ્યાં ગરમી વધુ પડતી હોય, સૂકો પ્રદેશ હોય, હવા ભેજ વિનાની હોય)
- સૂતિકા પરિચર્યામાં કોઈ એક જ નિયમને ન વળગી રહેતાં દેશ, જાતિ કે કુલ અનુસાર પણ સાત્મ્ય જોઈ પથ્ય પાલન કરવું જોઈએ.[૫]
- નોકરિયાત સ્ત્રીઓ ફરી કામે લાગવા માટે વજન ઉતારવા અત્યંત આતુર થઈ જાય છે અને વધારે પડતી કસરત અથવા જિમમાં જઈને આકરી કસરતો શરૂ કરે છે. તેનાથી અંદરના સ્નાયુ નબળા હોવાના કારણે ગર્ભાશય અને યોનીની દીવાલ નીચે ખસી શકે છે. આ ઉપરાંત કમર અને બીજા સાંધાઓમાં દુઃખાવો રહે છે. આ અવસ્થામાં વ્યાયામ વર્જ્ય છે એ વાત ધ્યાનમાં રાખવી જરૂરી છે.

**સૂતિકા અને સ્તન્યપાન :**

સૂતિકા અવસ્થામાંનો એક નવો આયામ પણ છે. એ છે સ્તન્યોત્પત્તિ. બાળકનાં જન્મ પહેલા જ તેના ખોરાકની વ્યવસ્થા થઈ જાય છે સ્તન્ય નિર્માણ દ્વારા.

*દેવોને દૂધ એના દોહ્યલાં રે લોલ,*
*શશીએ સીંચેલી એની સોડ રે*
*જનનીની જોડ સખી નહિ જડે રે લોલ...*

કહેવાય છે કે દેવો અજન્મા છે.. તેમનો જન્મ નથી થયો.. તો સ્વાભાવિક છે કે માતાનું સુખ ન મળ્યું હોય.. અને આથી જ માતાનું અમૃતતુલ્ય દૂધ પણ એમના માટે દુર્લભ છે. પણ આજે માનવ માટે પણ આ દૂધ દુર્લભ બનવા લાગ્યું છે. મોટા ભાગની સ્ત્રીઓને ડિલીવરી બાદ પૂરતા પ્રમાણમાં દૂધ નથી આવતું, જેથી બાળકને ઉપરથી દૂધ અથવા ફોર્મ્યુલા ફીડ આપવું પડે છે. સૂતિકા પરિચર્યા મહદઅંશે આમાં મદદરૂપ થઇ શકે એમ છે. ડિલીવરી બાદ સૂતિકા પરિચર્યાના પાલનથી બાળકના સ્તન્યપાન સંબંધી સમસ્યાઓ તેમજ સ્ત્રીઓમાં જોવા મળતી સમસ્યાઓ જેવી કે કમરનો દુઃખાવો, પેટના ભાગમાં ચરબી રહેવી વગેરેમાંથી મુક્તિ મળી શકે છે.

**સ્તન્યપાન અને તેને લગતી સમસ્યાઓ :**

સ્ત્રી પ્રથમ વાર માતા બને છે ત્યારે અને ખાસ કરી સિઝેરિયન પછી સ્ત્રીઓમાં સ્તનપાન કરવાની સાચી રીત ખબર ન હોવાથી માતા અને નવજાત શિશુને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. સ્તન્ય ઓછું આવતું હોય એમાં આયુર્વેદ દ્વારા સારું પરિણામ પ્રાપ્ત થાય છે. સ્તન્યનો ગુણ મધુર, શીત, સ્નિગ્ધ હોઈ આ પ્રકારના આહાર અને ઔષધ દ્વારા સ્તન્ય વૃદ્ધિ કરી શકાય છે. જોકે સ્તન્ય વૃદ્ધિની સાથે સ્તન્ય પ્રવર્તન પણ અગત્યનું છે. પ્રવર્તન એ વાયુનો ગુણ છે. આથી જ જે માતાઓને દુગ્ધ/ધાવણ ઓછું આવતું હોય એમને માટે સ્તન્ય વૃદ્ધિની સાથે સાથે વાયુની ચિકિત્સા કરવી પણ અનિવાર્ય બની જાય છે. આજકાલ લોકો પોતાની જાતે શતાવરીનો ઉપયોગ શરૂ કરી પછી પરિણામ ન મળતાં આયુર્વેદ ઉપર શંકા કરે છે પણ તેના બદલે આયુર્વેદના સ્ત્રી રોગ નિષ્ણાતનો સંપર્ક કરવાથી તેની તકલીફોનું યોગ્ય સમાધાન શક્ય બનશે.


ISSN 0976 – 9609

આ ઉપરાંત સાંપ્રત સમયમાં મોટા ભાગની સ્ત્રીઓ બહાર જોબ કરતી હોય છે અને એ દરેક સ્ત્રીઓ બાળકને સામાન્ય સમય અંતરાલ મુજબ સ્તનપાન કરાવી શકતી નથી. એવા સંજોગોમાં ૮ થી ૧૦ કલાક સુધીમાં એકઠું થયેલું સ્તન્યનું બાળક પાન કરે છે. આચાર્ય સુશ્રુત અનુસાર આ પ્રકારનું દુગ્ધ (અપરીસ્રુત દુગ્ધ) પીવાથી બાળક ને કાસ-ઉધરસ, શ્વાસ, વમન-ઊલટી થવાની તકલીફ રહે છે.[૧૧] ઘણા બાળકોને શરદી-સસણીની તકલીફ ક્ષીરપાનની અવસ્થામાં જ થાય છે જેમાં માતાની વિસ્તૃત દિનચર્યા જાણવી પણ આવશ્યક થઈ જાય છે. આવી અવસ્થામાં થોડું દુગ્ધ કાઢી લીધા પછી સ્તનપાન કરાવવું હિતાવહ બની જાય છે. આ ઉપરાંત માતાએ ભૂખ લાગી હોય, શોકાતુર હોય, થાકેલા, વિરુદ્ધ કે વિદાહજનક આહાર કર્યો હોય, લીધેલ ઔષધ હજુ પચ્યું ના હોય આ દરેક અવસ્થામાં સ્તનપાન ન કરાવવા કહેલું છે.[૧૨]

આ બધા પાસાંઓનો વિચાર કરતા લાગે કે આયુર્વેદ અને લોકપરમ્પરાથી ચાલી આવતી સૂતિકા પરિચર્યાનું જો યોગ્ય પાલન કરવામાં આવે તો બાળક અને માતા બંનેનું સ્વાસ્થ્ય સારું રહે.

**સંદર્ભ :**


૧. કાશ્યપ સંહિતા ખિલ સ્થાન ૧૧/૬
૨. સુશ્રુત સંહિતા શારીર સ્થાન ૧૦/૧૬
૩. અષ્ટાંગ હૃદય શારીર સ્થાન ૧/૧૦૦,૧૦૧
૪. અષ્ટાંગ સંગ્રહ શારીર સ્થાન ૩/૪૧
૫. કાશ્યપ સંહિતા ખિલ સ્થાન ૧૧
૬. ચરક સંહિતા શારીર સ્થાન ૮/૪૮
૭. સુશ્રુત શારીર સ્થાન ૧૦/૧૬,૧૮
૮. કાશ્યપ સંહિતા ખિલ સ્થાન ૧૧
૯. કાશ્યપ સંહિતા ખિલ સ્થાન ૧૧/૨૮ થી ૩૦
૧૦. કાશ્યપ સંહિતા ખિલ સ્થાન ૧૧/૩૦,૩૧
૧૧. સુશ્રુત સંહિતા શારીર સ્થાન ૧૦/૨૯
૧૨. સુશ્રુત સંહિતા શારીર સ્થાન ૧૦/૩૧



*પ્રોફેસર, એમ. એસ.(આયુ) પ્રસૂતિ અને સ્ત્રીરોગ વિભાગ,
જી. જે. પટેલ આયુર્વેદ કોલેજ, એસ.જી.પટેલ આયુર્વેદ હોસ્પિટલ
એન્ડ મેટરનિટી હોમ, ન્યુ વલ્લભ વિદ્યાનગર, આણંદ.
Email : jassyleogmail.com

**લેક્ચરર, એમ. એસ.(આયુ), પ્રસૂતિ અને સ્ત્રીરોગ વિભાગ, શેઠ
જી. પ્ર. સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય,
તાપીબાઈ સરકારી આયુર્વેદ હોસ્પિટલ, ભાવનગર.
Email : vd.shachipandyagmail.com


॥ વિદ્યાવૃત્ત ॥


## સીવીએમ યુનિવર્સિટીના એન.એસ.એસ. સેલ દ્વારા અતિથિ વ્યાખ્યાન યોજાયું

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે સીવીએમ યુનિવર્સિટીના એન.એસ.એસ. સેલ દ્વારા એક ઓનલાઈન અતિથિ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક ઈતિહાસ વિભાગમાં પ્રાધ્યાપક તરીકે કાર્યરત ડૉ. દિલીપ ચૌધરીએ ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં ગાંધીજીની અનન્ય ભૂમિકા વિષય પર શ્રોતાઓને સંબોધ્યા હતા. તેમણે પોતાના વક્તવ્યમાં ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં રંગભેદની નીતિ સામે આપેલી લડતથી શરૂ કરીને સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગાંધીજીના અમૂલ્ય યોગદાન વિષે વિસ્તારપૂર્વક માહિતી આપી હતી. એન. વિ. પટેલ સાયન્સ કોલેજના એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. તેજસ ઠક્કરે અતિથિ વ્યાખ્યાનનું સૂત્ર સંચાલન સંભાળ્યું હતું જ્યારે પ્રા. કાર્તિક જગતાપે આભારવિધિ કરી હતી.

ચારુતર વિદ્યામંડળના ચેરમેનશ્રી એંજિનિયર ભીખુભાઈ પટેલ, ઉપપ્રમુખ શ્રી મનિષ પટેલ, સેક્રેટરીશ્રી ડૉ. એસ. જી. પટેલ, માનદ સહમંત્રીઓ શ્રી મેહુલ પટેલ, શ્રી વિશાલ પટેલ, શ્રી રમેશ તલાટી, શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, સીવીએમ યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ પ્રો.ડૉ. પી. એમ. ઉદાણી તથા ડેપ્યુટી રજિસ્ટ્રાર સુ.શ્રી. અગ્નેશ્વરી અઢીયાએ કાર્યક્રમના સફળ આયોજન બદલ સીવીએમ યુનિવર્સિટીના એન.એસ.એસ. પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર પ્રા. કાર્તિક જગતાપ, સીવીએમ નોન-એકેડેમિક ફોરમના કો-ઓર્ડિનેટર ડૉ. ભાવેશભાઈ પટેલ, સીવીએમ-એનએસએસ વિભાગના કો-ઓર્ડિનેટર ડૉ. પરેશ મોરધરા તેમજ પ્રોગ્રામ ઓર્ગેનાઈઝિંગ કમિટીના તમામ સભ્યોને અભિનંદન પાઠવ્યા હતા. સીવીએમ યુનિવર્સિટીના આઈટી સેલના અધ્યક્ષ શ્રી સર્વેશ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ આ અતિથિ વ્યાખ્યાનનું સીવીએમ યુનિવર્સિટીની યુટ્યુબ ચેનલ પર જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું.

# કવિશ્રી હરીશ મીનાશ્રુને પારિતોષિક નૈમિત્તિક અભિનંદન

**સંકલન : રાજેન્દ્રસિંહ જાડેજા**



**હરીશ મીનાશ્રુ**

*અમે સંતના સોબતિયા નહીં જાદુગર કે જોશી*
*ગુજરાતી ભાષાના નાતે નરસિંહના પાડોશી*

હરીશ મીનાશ્રુના 'બનારસ ડાયરી' કાવ્ય સંચયને કેન્દ્રીય અકાદમીનો ૨૦૨૦નો પારિતોષિક જાહેર થયું તે નિમિત્તે અભિનંદન. આવો જાણીએ હરીશ મીનાશ્રુની સર્જનયાત્રાને :

હરીશ મીનાશ્રુ (હરીશ કૃષ્ણારામ દવે, જન્મ તારીખ: ૩-૧-૧૯૫૩) આણંદનિવાસી પ્રતિષ્ઠિત કવિ અને સીવીએમ પરિવારના સ્નેહીજન છે. રસાયણવિજ્ઞાનના અનુસ્નાતક અને વ્યવસાયે બેન્કર એવા આ કવિની છેલ્લા સાડા ત્રણ દાયકાથી શબ્દસાધના અને અધ્યાત્મસાધના સમાંતર ચાલી રહી છે. તેમના શબ્દમાં અધ્યાત્મ યાત્રાનો વિકાસ સતત દેખાય છે. સાથે સાથે સાંપ્રત સમાજની ગતિવિધિ પ્રત્યેના નમણા પ્રહાર પણ સુંદર રીતે આલેખાયા છે. ભારતીય પ્રાચીન સંત-પરંપરાના પ્રવાહમાંથી પાંગરેલો આધુનિક,અનોખો અને નક્કર ગુજરાતી અવાજ છે. તેમના કાવ્યસ્વરનું ધ્રુવબળ અધ્યાત્મભાવની પ્રબળ અને અરૂઢ અભિવ્યક્તિમાં રહેલું છે. અલબત્ત માનવીય પ્રપંચો, યંત્રચેતના અને નગરચેતનાની વિષમતાઓ અસ્તિત્વમૂલક સમસ્યાઓ અંગેના માર્મિક સકેતો તેમની કવિતામાંથી પામી શકાય છે.

મધ્યકાલીન કાવ્યરૂપો અને ભાવસૃષ્ટિને આધુનિક પરંપરામાં ઓગાળીને આ કવિએ ગુજરાતી ગીત, ગઝલ અને અછાંદસ સ્વરૂપોમાં સફળતાપૂર્વક ખેડાણ કર્યું છે. ભારતીય દર્શન અને તત્ત્વશોધનના વિલક્ષણ બોધરૂપે જન્મેલા કબીર, રવિભાણ જવા સંત કવિઓ સાથે આ કવિની કવિતાનું કુળ સંયોજાયેલું છે. હરીશ મીનાશ્રુ કબીરની જેમ આત્મશોધ અને શબ્દશોધની અભીપ્સા કરે છે.

હરીશ મીનાશ્રુનો શબ્દ સરહદને અતિક્રમી અનહદને સ્પર્શે છે, પરિણામે એમાં સાધનાપથની પારલૌકિક સંવેદનાઓ અભિવ્યક્ત થાયછે. આત્માનુભૂતિમાંથી અધ્યાત્માનુભૂતિની પ્રકિયા એમના કાવ્યોમાં પ્રતિબિંબિત થતી દેખાય છે. અભિવ્યક્તિની તાજગી અને અનુભૂતિના ઊંડાણનો પરિચય કરાવતી તેમની કાવ્યયાત્રા ભારતીય તત્ત્વજ્ઞાનનો સૌંદર્યબોધ કરાવે છે.

હરીશ મીનાશ્રુની કવિતા વિશે કેટલાક વિદ્વાન વિવેચકો, સાહિત્યકારોનાં મંતવ્યો જોઈએ :

'ધ્રિબાંગસુંદર એણીપેર ડોલ્યા'માં વક્રતા અને વિડંબનાનો સૂરે ગુજરાતી ગઝલમાં પ્રથમવાર આખ્યાનનો પ્રયોગ થયો :

*બંધ છિપોલીમાં ઢાંકીને બુંદ કવિતા ક્યાં ભેજુ*
*જીભ હમારી કમલપાંદડી, મનમાં કૈંક મરાલ ચરે*

કબીરસાહેબના પદોનું સાહચર્ય મીનાશ્રુની ગઝલમાં નવ્યરૂપ પામે છે :

*કાશીમાં તો ન મળ્યા કોઈનાય સરનામે કબીર*
*શક્ય છે, આવી ચડયા હો આપણા ધામે કબીર*
*એજ માણસ ભીડમાં એકાંત સાચવતો હશે*
*સત્વથી સાહેબ જે ને હાડ ને ચામે કબીર*

'પદપ્રાંજલિ'માં સર્જનાત્મકતાનો મુકાબલો અધ્યાત્મ સાથે થાય છે :

*સાધો, એ શું મદિરા ચાખે*
*દરાખનો જે મરમ ભૂલીને વળગ્યો જઈ રૂદરાખે*

'શબદમાં જિનકું ખાસ ખબરાં પડી'ની સ્મરણ-શ્રેણીની ગઝલોમાં પરંપરાનું કાવ્યાત્મક અનુસંધાન રચાય છે. જેમાં એક અર્થમાં કવિ તેના પુરાકાલીન અને સમકાલીન સર્જકોની સર્જકતાને સલામ કરે છે :

 ISSN 0976 – 9609

*મેં તને જોઈને લડખડવાનો લય શીખી લીધો*
*બાકી આ બંદાને ક્યાં આદત નશાની છે, મરીઝ*
*ના, નથી ઓછી મદિરા કે ન ગળતું જામ છે*
*પણ હકીકતમાં તરસની બેઈમાની છે, મરીઝ*

કવિ હરીશ મીનાશ્રુનું કવિકર્મ ગુજરાતી સાહિત્યની વિરલ ઉપલબ્ધિ અને રૂપલબ્ધિ છે.

**– ભગીરથ બ્રહ્મભટ્ટ**

○

ગઝલકાર તરીકે હરીશ મીનાશ્રુને રિવાયતી કે આધુનિક એવા ખાનામાં ગોઠવી શકાય તેમ નથી. આ ગઝલકાર એકીસાથે પ્રાચીન અને અનુઆધુનિક છે. વિવેચનની ચલણી શૈલીને એ ગાંઠે તેમ નથી. આપણા વિવેચને તૈયાર કરેલા પાંચપચ્ચીસ લેબલોમાંથી કોઈ એક એના પર ચોટાડી, તે પછી થોડાં ઉદાહરણો ટાંકી, એકાદ 'સ્લોટ'માં ફિટ કરી દઈ શકાય એવો આ ગઝલકાર નથી. એણે ગઝલ સ્વરૂપને જ વિસ્તાર્યું છે – બદલ્યું છે, એટલે એને મૂલવવા ગઝલ વિવેચનની હાલ પ્રચલિત પરિપાટી પણ બદલવી પડે. આ અર્થમાં હરીશ મીનાશ્રુ આપણા વિવેચક માટે એક 'ચેલિન્જ' છે.

હરીશ મીનાશ્રુની ગઝલોમાં ગઝલનું ભાવવિશ્વ વિસ્તર્યું, નવાં પરિમાણો ઉમેરાયાં. ગઝલબાની વધુ સમૃદ્ધ થઈ. ગઝલસ્વરૂપ સંમાર્જિત અને જો આ શબ્દની છોછ ન હોય તો કહીએ કે – પરિષ્કૃત થયું. ૧૯૭૪માં હરીશ મીનાશ્રુને ગુજરાતી ગઝલ જે સ્વરૂપે મળેલી તે જ સ્વરૂપે એણે એને રહેવા દીધી નથી, આ કવિના સર્જનમાં ગઝલના જૂજવાં રૂપ પ્રગટ થયાં છે. એણે અનુભૂતિ–અભિવ્યકિત સન્દર્ભે નવી દિશાઓ ચીંધી છે. નવી કેડી કંડારી છે, અને આ કેડીને 'ડેડ–એન્ડ' નથી, એ 'ઓપન એન્ડિડ' છે. અઢારમી સદીમાં રેખતા ગઝલના 'બાવા આદમ' વલી ગુજરાતીએ આ અનંત શક્યતાઓ નિર્દેશતા કહેલું :

*રાહે મઝમૂને તાઝા બન્દ નહીં*
*તા કયામત ખૂલા હૈ બાબે સુખન*

અને આજે એકવીસમી સદીમાં ગુજરાતી ગઝલકાર હરીશ મીનાશ્રુ કહે છે :

*બારીનું સત છે, ઊઘડતું રહેશે*
*સંતને ભીંત તો નડતી જ નથી.*

**– અદમ ટંકારવી**

○

હરીશ મીનાશ્રુ છેલ્લા ચાલીસ વર્ષથી કાવ્યસર્જન રત છે. અનુ–આધુનિક કવિઓમાં એ શીર્ષસ્થ કવિ છે. અનેક કાવ્યરૂપોમાં વિવિધ વિષય-વસ્તુ- સંવેદનાઓની કાવ્યાત્મક અભિવ્યક્તિ, નવતા અને તાજપભર્યું ભાષાકર્મ એમની કવિતાના વિશેષો છે પદ, ગીત, ગઝલ, છંદોબદ્ધ અને પરંપરિત લયની કવિતા કરવા સાથે એમણે અછાંદસ અને દીર્ઘ કવિતામાં પણ વિસ્તૃત ફલક પર કામ કર્યું છે.

બનારસ ડાયરી (૧૮ કાવ્યો)નાં કાવ્યો દેખીતી રીતે તો એક સળંગ સ્થળકાવ્ય છે પણ એ કેવળ સ્થળકાવ્ય નથી. આ ગુચ્છની કવિતા પણ સ્થળકવિતામાંથી મર્મસ્થળકવિતા રૂપે ઉત્ક્રાંત થાય છે. કવિ પોતે આમ કહીને ઉમેરે છે : ''ઉર્દૂમાં એક ગૂઢ શબ્દ છે : 'લા–મકાં'. 'બનારસ ડાયરી' પણ એ પ્રાચીન નગરીનાં બત્રીસે લક્ષણોના આલંબને એ મુકામની પેલે પારની, સ્થલાતીતની–લા–મકાંની વાત પણ કરવા ચાહે છે. કબીરની પાત્રગત હાજરી ને હરફર એ નગરીનાં બત્રીસલક્ષણા લેખે અત્યંત સહજ અને સ્વાભાવિક છે. ભાષાના ચેતાતંતુઓ દ્વારા અગમ્ય ચૈતસિક અને ચિન્મયને પામવાની મથામણ રૂપે આ શ્રેણીનાં કાવ્યો જોવાં જોઈએ.''

કબીર સાથે કાવ્યનાયકના સંબંધો ઘણા સૂચક છે. આમ હળવા અને તોછડાઈવાળા સંવાદોમાં બાવન, અહં બ્રહ્માસ્મિ, હોવું ખોવુંની માર્મિક વાતો મુકાઈ છે. દા.ત. બનારસ ડાયરી–૩ અને ૪ રચનાઓ–ચોથી રચનામાં કાવ્ય નાયકની બર્થડે છે. કબીર હાજર છે ને 'એમના ચહેરા પર આનંદની વ્યંજનામાં પરિપક્વ બનેલો વિષાદ હતો.' આવા ગૂઢાર્થો સહૃદયભાવકને જ પમાય. કબીર પ્રશ્ન કરે છે કાવ્યનાયકને : 'આમ મોટે ઉપાડે ઉજવણી કરવા મંડી પડ્યો, જન્મદિનની? હોલવાવું કપાવું અને ખવાવું–આ બધું તારી જાતને લાગુ પાડે તો ખરો!' બીજી અનેક રચનાઓમાં હરીશનું કવિકર્મ–ભાષાકર્મ ભાવકને મૂંઝવે ને ચકિત કરે છે–મથામણને અંતે અર્થ પણ આપે! એટલે હું ઘણી વાર કહું છું કે હરીશ મીનાશ્રુ 'કવિઓના કવિ' છે. સંચયની છેલ્લી રચના 'શ્રાદ્ધ' આનું દૃષ્ટાંત છે. કેટકેટલા સંદર્ભોનું વ્યંજનાગર્ભ સરસ આકલન આ કવિની કવિતાને ઊંચી ગુણવત્તા બક્ષે છે.

'બનારસ ડાયરી'નું અર્પણ દીકરાના પરિવારને કર્યું છે-એ પંક્તિઓ પણ કેટલી રોચક ને પ્રાસાદિક છે! વાંચીએ. (પ્રિય અનન્યા, સાખી, અમિતા, તીરથને આ વસંતપંચમીએ.)

*'વિશ્વ વીતી જશે મોર બોલ્યા પછી*
*આ ઋતુ વિતશે જેમ માધુર્યમાં*
*સર્વ અંતે વસંતે વસો શબ્દથી*
*અલ્પ થૈ ઓગળો આજ પ્રાચુર્યમાં'*

અઘરી છતાં સહૃદય ભાવકને નિત્યની નિમંત્રતી અને પડખામાં લેવા મથતી કવિતાના કવિને અભિનંદન.

**– મણિલાલ હ. પટેલ**

ㅇ

'શબદ' અંતર્ગત અગિયાર કાવ્યો છે. સસ્વર રજૂઆતની એ કાક્યતા ધરાવે છે. પ્રથમ રચના ઝૂલણા છંદનું નીતર્યું રૂપ દાખવે છે :

*સંતને સર્વનં નિત્યનાં નોતરાં*
*પૂરવના પવન પ્રગટ્યા પરોણા બની*
*ગંધના પંથને ફૂલના ચોતરા,*

કલ્પના સંવેદનને પ્રત્યક્ષ કરવામાં કેવું ઉપકારક થઈ શકે એનું આ દૃષ્ટાંત છે. પવન પરોણારૂપે પ્રગટે એમ કહેવાથી પવનમાં ગુણધર્મ ઉમેરાય છે અને 'પૂરવ' દિશાનો નિર્દેશ પ્રકાશ ઉમેરે છે. સુગંધ કેડી ચીંધે છે. ફૂલનો સમૂહ બાગમાં હોય કે ચોતરા પર, એને ગતિ નથી. ગતિ છે સુગંધને! કવિમાં વિધાયક જીવનદષ્ટિ કેવું આહ્લાદક પરિણામ લાવી શકે છે. કેવો વિસ્મય જગવે છે અગાઉ પંદરવીસ પક્તિના કાવ્યમાં એકાદ પંક્તિ ચમત્કૃતિ જગવતી હોય તો પણ વિવેચકો રાજી થતા. રચના ભલે લઘુ કદની હોય પણ એ સાદ્યંત કાવ્યાત્મક હોય એ આદર્શ હરીશ મીનાશ્રુ જવા કેટલાક કવિઓમાં સિદ્ધ થયો છે. આ ગુજરાતી કવિતાની એક ઉપલબ્ધિ છે,

**– રઘુવીર ચૌધરી**

**સર્જક પરિચય :**

'કવિઓના કવિ' એવા હરીશ મીનાશ્રુના આત્મવૃત્તાંતને જાણી તેમના સર્જનને મળેલા એવોર્ડ, સન્માન, પારિતોષિકોનો હરખ કરીએ :

હરીશ મીનાશ્રુ (હરીશ કૃષ્ણારામ દવે) જન્મ તારીખઃ ૩ જાન્યુઆરી ૧૯૫૩, જન્મસ્થળ : આણંદ

પરિવારઃ પત્ની : ગીતા દવે, પુત્ર/પુત્રવધૂઃ તીરથ દવે / અમિતા દવે, પૌત્રીઓઃ સાખી દવે- અનન્યા દવે

અભ્યાસ : એમ. એસસી. (કેમિસ્ટ્રી), કારકિર્દી : બેન્કર, બેન્ક ઓફ બરોડાના વરિષ્ટ શાખા પ્રબંધકના પદેથી વર્ષ ૨૦૦૧માં સ્વૈચ્છિક રીતે નિવૃત્ત

**કાવ્યસંગ્રહો :**

(૧) ધ્રિબાંગસુંદર એણીપેરે ડોલ્યા (૧૯૮૮), (૨) તાંબૂલ (૧૯૯૯), (૩) તાંદુલ (૧૯૯૯), (૪) પર્જન્યસૂક્ત (૧૯૯૯), (૫) સુનો ભાઈ સાધો (૧૯૯૯), (૬) પદપ્રાંજલિ (૨૦૦૪), (૭) શબદમાં જિનકું ખાસ ખબરાં પડી (૨૦૧૧), (૮) પંખીપદારથ (૨૦૧૧), (૯) બનારસ ડાયરી (૨૦૧૬) (૧૦) નાચિકેત- સૂત્ર (દીર્ઘકાવ્ય- ૨૦૧૭), (૧૧) ચૂંટેલી કવિતાઃ હરીશ મીનાશ્રુ (૨૦૨૦), પ્રકાશ્યઃ જાસૂદ પર જોગિયાનો સૂર (ગીતસંગ્રહ), શ્રાવ્ય કાવ્યસંગ્રહ : કવિમુખે કાવ્યસંગ્રહ પઠન : પર્જન્યસૂક્ત (બીજી મૂલ્ય-સંવર્ધિત મુદ્રિત આવૃત્તિ ૨૦૧૧ સાથે સંલગ્ન કોમ્પેક્ટ ડિસ્ક)

**ભારતીય અને વિશ્વકવિતાના ગુજરાતી અનુવાદ :**

(૧) દેશાટન (વિશ્વકવિતાના અનુવાદ ) (૨૦૧૧), (૨) હમ્પીના ખડકો (જ્ઞાનપીઠ વિભૂષિત કન્નડ કવિ શ્રી ચન્દ્રશેખર કમ્બારની કવિતાના અનુવાદ) સાહિત્ય અકાદમી, દિલ્લી દ્વારા પ્રકાશિત (૨૦૧૩) પ્રકાશ્યઃ દેશાવરી (વિશ્વકવિતાના અનુવાદગ્રંથ 'દેશાટન'નો અનુગામી સંચય),આસ્વાદન લેખો-વ્યાખ્યાનો આદિનો સંચય : અથાતો કાવ્યજિજ્ઞાસા (૨૦૧૯)

**સંપાદનો :**

(૧) નખશિખ (૧૯૭૯) : આધુનિક ગુજરાતી ગઝલોનું સંપાદન, 'સંદર્ભ' મિત્રો સાથે, (૨) શેષ-વિશેષ'૮૪ (૧૯૮૫) : વર્ષ ૧૯૮૪માં પ્રગટેલાં ઉત્તમ કાવ્યોનો સંચય, સુખ્યાત વિવેચક સ્વ.શ્રી પ્રમોદકુમાર પટેલ સાથે, (૩) રૂપલબ્ધિ (૨૦૦૪) : વલ્લભ વિદ્યાનગર


ISSN 0976 – 9609

ખાતે યોજાયેલા ગુજરાતી સાહિત્ય પરિષદના જ્ઞાનસત્ર ૨૦૦૪ના પ્રસંગે નૈમિત્તિક પ્રકાશન.

**કવિનાં કાવ્યોના અનુવાદ સંચયો :**

A Tree with a Thousand Wings : કાવ્યોના અંગ્રેજી અનુવાદનો સંચય, અનુવાદક ડૉ. પીયૂષ જોશી

પ્રકાશ્ય : પદપ્રાંજલિ (કાવ્યોના હિન્દી અનુવાદનો સંચય, અનુવાદક પંડિત યોગેન્દ્રનાથ મિશ્રા)

**પારિતોષિકો : (સમગ્ર સર્જનાત્મકતાના ઉપલક્ષમાં)**

(૧) હરીન્દ્ર દવે સ્મૃતિ પારિતોષિક ૨૦૦૮, (૨) કલાપી એવાર્ડ ૨૦૦૯-૧૦ (આઈ એન ટી પ્રેરિત) (૩) વલી ગુજરાતી ગઝલ- એવાર્ડ ૨૦૧૩, (૪) નરસિંહ મહેતા એવોર્ડ ૨૦૧૪, (૫) કાવ્યમુદ્રા વિનોદ નેઓટિઆ એવાર્ડ ૨૦૧૮, (૬) નિરંજન ભગત મેમોરિયલ એવોર્ડ ૨૦૨૦

**રેસિડેન્સી :**

સાહિત્ય અકાદેમી, દિલ્લી દ્વારા દીર્ઘ કવિતા 'શ્રાદ્ધ'ના સર્જન માટે રાઈટર ઇન રેસિડેન્સી એવોર્ડ

**ગ્રંથલક્ષી :**

(૧) ધ્રિબાંગસુંદર એણીપેરે ડોલ્યા (કાવ્યસંગ્રહ)ને (i) ગુજરાતી સાહિત્ય પરિષદનું તખ્તસિંહ પરમાર પારિતોષિક, (ii) જયંત પાઠક કવિતા પુરસ્કાર

(૨) શબદમાં જિનકું ખાસ ખબરાં પડી (ગઝલ સંગ્રહ)ને (i) વર્ષ ૨૦૧૧ના સર્વશ્રેષ્ઠ ગઝલસંગ્રહનું ગુજરાતી સાહિત્ય પરિષદનું દિલીપ સી.મહેતા પારિતોષિક,(ii) વર્ષ ૨૦૧૧-૧૨ના શ્રેષ્ઠ પુસ્તક (કવિતા)નું ગુજરાતી સાહિત્ય અકાદમીનું પ્રથમ પારિતોષિક

(૩) દેશાટન (વિશ્વકવિતાના અનુવાદગ્રંથ)ને વર્ષ ૧૧-૧૨ના શ્રેષ્ઠ પુસ્તક (અનુવાદ)નું ગુજરાતી સાહિત્ય અકાદમીનું પ્રથમ પારિતોષિક

(૪) હમ્પીના ખડકો (કન્નડ કવિ ચન્દ્રશેખર કમ્બારની કવિતાના અનુવાદગ્રંથ)ને સાહિત્ય અકાદમી, દિલ્લીનું અનુવાદ પારિતોષિક ૨૦૧૭

(૫) બનારસ ડાયરી કાવ્યસંગ્રહ)ને નર્મદ ચંદ્રક -૨૦૧૯

(૬) બનારસ ડાયરી કાવ્યસંગ્રહ)ને સાહિત્ય અકાદેમી, દિલ્હી એવાર્ડ ૨૦૨૦

(૭) નાચિકેતસૂત્ર કાવ્યસંગ્રહ)ને કુસુમાંજલિ સાહિત્ય સમ્માન ૨૦૧૯ (ગુજરાતી ભાષાના ઉત્તમ ગ્રંથ માટે, શ્રી ગુલામ મહોમ્મદ શેખ સાથે સાહિયારું)

**કૃતિલક્ષી :**

(૧) બ.ક. ઠાકોર કવિતા પુરસ્કાર (કવિલોકમાં પ્રકટ સોનેટ માટે), (૨) કવિલોકનું બાબુલ હિમાંશુ પારિતોષિક ૨૦૦૧ (કવિલોકમાં પ્રકટ 'પદપ્રાંજલિ'-ગીતો માટે) (૩) અરવિંદભાઈ ચીમનભાઈ આધ્યાત્મિક પારિતોષિક (કુમાર ૨૦૧૫ માં પ્રકટ ગીત માટે) (૪) શ્રેષ્ઠ કાવ્ય પુરસ્કાર ('પરબ'માં પ્રગટ ગઝલ-ગુચ્છ 'ઘરવખરી' માટે), (૫) સમર્પણ સન્માન ૨૦૧૮-૧૯ ('નવનીત સમર્પણ'માં એપ્રિલ ૨૦૧૮ થી માર્ચ ૨૦૧૯ દરમિયાન પ્રગટ શ્રેષ્ઠ કૃતિ માટે) (૬) સોહમ્ સ્મારક પુરસ્કાર ('નવનીત સમર્પણ'માં મે ૨૦૦૭ થી એપ્રિલ ૨૦૦૮ દરમિયાન પ્રગટ શ્રેષ્ઠ કૃતિ માટે)

**સંપર્ક :**

'સુમિરન', ૯/ એ, સૌરમ્ય બંગલોઝ,
વિનુકાકા માર્ગ, બાકરોલ ૩૮૮ ૩૧૫, જિ.આણંદ
મો.૯૮૨૪૫ ૧૧૯૬૧
email : sumiran1953@yahoo.com

## ધ્યાન : સ્વરૂપ, પ્રક્રિયા અને સૂચનો

**પી.ડી.શર્મા**



વિવિધ યોગાંગોમાંથી કદાચ સૌથી વધુ લોકપ્રિય અને બહુચર્ચિત યોગની પ્રક્રિયા એ ધ્યાનની પ્રક્રિયા છે. ખોટા પ્રચારના લીધે ક્યારેક-ક્યારેક ધ્યાનને યોગથી અલગ ગણવામાં આવે છે અથવા ફક્ત ધ્યાન જ યોગ છે એ પ્રકારનો પ્રચાર પણ કરવામાં આવે છે. પરંતુ સાચા અર્થમાં ધ્યાન સમગ્ર યૌગિક અભ્યાસની એક ઉચ્ચ કોટિની પ્રક્રિયા છે. સામાન્ય શબ્દોમાં ધ્યાન એટલે Meditation.

માણસ આજે પ્રયોગશાળામાં બેસીને વૈજ્ઞાનિક પ્રયુક્તિ દ્વારા લાખો માઈલ દૂરના ઉપગ્રહ પર નિયંત્રણ કરી શકે છે, પરંતુ તેમની લાગણી પર જરાય નિયંત્રણ નથી, પરિણામે તનાવ અને મનોદૈહિક (Psycho-physical) રોગો વધતા જાય છે. આ પરિસ્થિતિમાં વ્યક્તિને સૌથી સારી રીતે મદદ કરી શકે તો તે ધ્યાન છે. ધ્યાન એ યોગનો આશીર્વાદ છે, જે વ્યક્તિને તનાવ ભરેલા જીવનથી મુક્ત કરીને એક પારલૌકિક આનંદનો અહેસાસ કરાવે છે.

**ધ્યાનનું સ્વરૂપ :**

ધ્યાન એ અષ્ટાંગયોગનું સાતમું પગથિયું છે. આપણી ચિત્રવૃત્તિનો નિરોધ કરવા માટે મહર્ષિ પતંજલિના અષ્ટાંગયોગના અંતરંગ અંગો (સોપાનો) મહત્ત્વના છે, પરંતુ બહિરંગ અંગો (યમ, નિયમ, આસન, પ્રાણાયમ અને પ્રત્યાહાર)ના પર્યાપ્ત અભ્યાસ પછી જ ચિત્તને શુદ્ધ કરવાની અનુકૂળતા રહેતી હોઈ, અંતરંગ અંગો (ધારણા, ધ્યાન અને સમાધિ) માં પ્રવેશ કરવાની વધારે સરળતા રહે છે.

ધ્યાન એ ધારણા પછી આવતું અંતરંગયોગનું બીજું સોપાન છે. ધારણા અને ધ્યાનનો વિષય એક જ હોય છે. ધારણામાં વિષય પરની ચિત્રની એકાગ્રતાનું સાતત્ય જળવાતું નથી, જે ધ્યાનમાં શક્ય બને છે. આમ, ધારણા અને ધ્યાનમાં તફાવત એ છે કે ધારણામાં ચિત્તની એકાગ્રતાની સાથે ચિત્તની ચપળતા દૂર થાય છે. સમયની દૃષ્ટિએ પણ ધારણા કરતાં ધ્યાન લાંબો સમય રહે છે. **મહર્ષિ પતંજલિના યોગસૂત્ર** અનુસાર **તત્ર પ્રત્યેકતાનતા ધ્યાનમ્।** એટલે કે જે અવસ્થામાં કોઈ પણ પ્રકારના વિચાર વગર, વિચારના પ્રવાહનું નિરીક્ષણ કરવું તે ધ્યાન.

**સ્વામી કૃપાલ્વાનંદજી**એ ધ્યાનની સમજ નીચેની પંક્તિઓમાં વર્ણવી છે :

*''જેમાં ચિત્ત પરોવ્યું હોય, તેમાં જ વૃત્તિઓ વળે,*
*સર્જે ના અન્ય ધારકો, તેને ધ્યાન બુધો કહે.''*

ધ્યાનની પ્રક્રિયા દ્વારા સાધક જ્યારે ધ્યાનની વસ્તુ સાથે એકાકાર થઈ જાય છે ત્યારે તે સ્થિતિને **ધ્યાનાવસ્થા** કહે છે. જ્યારે ધ્યાન કરનાર ધ્યાનની પ્રક્રિયા અને ધ્યાનની વસ્તુ એકબીજામાં એકરૂપ થઈ જાય ત્યારની સ્થિતિ પૂર્ણ એકાગ્રતાની સ્થિતિ છે. આ સ્થિતિમાં સત્યનું ઉદ્‌ઘાટન થઈ વાસ્તવિકતા સ્ફુટ થાય છે. દરેક સાધકે યાદ રાખવું જોઈએ કે ધ્યાન એ સરળ પ્રક્રિયા નથી. તેમાં સાધકે ધીરજ, શ્રદ્ધા, આત્મબળ તથા ઉત્સાહ રાખવો જરૂરી છે. દરરોજ નિયમિત અભ્યાસ કરવાથી જ તેમાં સરળતા પ્રાપ્ત થાય છે.

ધ્યાન એ ધારણા બાદ આપોઆપ થતી પ્રક્રિયા છે. ધ્યાન કરી શકાતું નથી પણ થઈ જાય છે, કારણ કે ધ્યાનની પ્રક્રિયા અંતઃસ્ફુરણ, અંતઃપ્રેરણા અને અભ્યાસથી જ પ્રાપ્ત કરી શકાય છે. મહર્ષિ પતંજલિ અનુસાર કોઈ પણ વિષયના પ્રત્યે મનનો ઊંડાણપૂર્વકનો સંયોગ જ ધ્યાન છે. ધારણા એ ધ્યેયપ્રાપ્તિનું સાધન છે. ધ્યાન સાધન નથી, સ્થિતિ છે. જાતિ, ધર્મ, જ્ઞાતિ, દેશ વગેરે કોઈ મર્યાદા ધ્યાનમાં રહેતી નથી. ધ્યાન કોઈ બાહ્ય હેતુની સિદ્ધિ માટે


ISSN 0976 – 9609

નથી પણ જીવનની પૂર્ણતાને પામવા માટે છે. જીવન શું છે? તે જાણવા અને માણવાનો નિર્ભેળ આનંદ છે. ધ્યાન આત્મસૌન્યની સ્થિતિ છે. જેમાં પોતાનામાંથી જ પોતાને પરમ સુખ, શાંતિ અને સંતોષ પ્રાપ્ત થાય છે. ધ્યાન કરવાથી રોજિંદા જીવનમાં વ્યવસ્થા, કુશળતા અને સૌંદર્ય જેવા ગુણો પ્રગટે છે.

**ધ્યાનની પ્રક્રિયા :**

ધ્યાન એ સરળ પ્રક્રિયા નથી. તેમાં સાધકે ધીરજ, શ્રધ્ધા, આત્મબળ તથા ઉત્સાહ રાખવો જરૂરી છે, એટલું જ નહીં પણ દરરોજ નિયમિત અભ્યાસ કરવાથી જ તેમાં સફળતા પ્રાપ્ત થાય છે. ધ્યાનની પ્રક્રિયા સારી રીતે કરવા માટે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

**૧. ધ્યાન માટેનું સ્થળ :**

ધ્યાન માટે સ્વચ્છ અને શાંત સ્થળ પસંદ કરવું જોઈએ. ધ્યાનના સ્થળે શુદ્ધ હવાની અવર-જવર હોવી જોઈએ.

**૨. ધ્યાનનો સમય :**

પ્રાતઃકાળનો સમય ધ્યાન માટે સર્વોત્તમ ગણવામાં આવે છે, પરંતુ જો કોઈ કારણસર પ્રાતઃકાળ અનુકૂળ ન પડે તો સંધ્યા કાળે પણ ધ્યાન કરી શકાય છે. ઋતુ અનુસાર પોશાક પહેરીને અને આસન પાથરીને ધ્યાન માટે બેસવું જોઈએ.

**૩. ધ્યાન માટે યોગાસન :**

ધ્યાનમાં લાંબો સમય બેસવાનું હોય છે, એટલે ધ્યાનલક્ષી આસનો જેવા કે પદ્માસન, સ્વસ્તિકાસન, નીરાસન અને સિદ્ધાસનમાં બેસી શકાય. ધ્યાનલક્ષી આસનમાં બેસવાથી શારીરિક સ્થિરતા આવે છે તથા માનસિક ચંચળતા ઘટે છે, એટલું જ નહિ પણ ચિત્તની શાંતિ અને આધ્યાત્મિક ઉન્નતિ માટે પણ ધ્યાનલક્ષી આસનો ઉપયોગી છે.

**૪. શરીર શિથિલીકરણ :**

સામાન્ય રૂપમાં ચેતના શરીરની સાથે જ જોડાયેલી રહે છે અને તે ચેતનાનું ઉદ્‌ગમન જ ધ્યાનની પૂર્વભૂમિકા છે. જ્યાં સુધી ચેતના શરીરના બંધનથી અલગ નથી થતી ત્યાં સુધી ચેતનાનું ઉદ્‌ગમન અશક્ય છે. શરીરમાં જો કોઈ પણ પ્રકારનો તનાવ કે ખેંચાણ રહેતું હોય તો આપણી ચેતના વારંવાર તેની સાથે જોડાઈ જાય છે. જ્યાં સુધી શરીરનું સંપૂર્ણ શિથિલીકરણ નથી થતું ત્યાં સુધી ચેતનાને આપણે ધ્યેય વસ્તુની ઉપર જોડી ન શકીએ. ધ્યાનાસનમાં બેઠા પછી આંખો બંધ કરીને શરીરના એક-એક ભાગને પગથી શરૂ કરીને ઊંડાણપૂર્વકથી મહેસૂસ કરવાનું છે. તેના પ્રત્યે જાગ્રતતા વધારવાની છે અને કોઈ પણ ભાગ ઉપર તનાવ મહેસૂસ થાય છે, તો પ્રયાસ દ્વારા તેને દૂર કરવાનો છે. શિથિલીકરણથી હૃદયના ધબકારા અને શ્વાસની ગતિ સામાન્ય બને છે. સારી રીતે ધ્યાન કરવા માટે સાધકે શિથિલીકરણની સાથે મનને પણ અંતર્મુખી કરવું જોઈએ.

**૫. ધ્યાનની અવસ્થા :**

ધારણાની મદદથી અંતર્જગતમાં પ્રવેશી મનને એક સ્થાનમાં સ્થિર કરી શકાય છે અને એ જ પ્રક્રિયા સતત ચાલુ રાખવાથી ધ્યાનની અવસ્થામાં પહોંચી શકાય છે. ધ્યાન ધારણાની ચરમસીમા છે. ધ્યાનમાં સાધક પોતાના અસ્તિત્વને સંપૂર્ણ રૂપમાં ભૂલી જાય છે. સાધકની પૂર્ણ ચેતનામાં માત્ર ધ્યેય-વસ્તુનો જ નિરંતર અનુભવ થતો રહે છે. વ્યક્તિ-ચેતના હવે વૈશ્વિક ચેતનામાં પરિવર્તિત થઈ જાય છે. એ જ ધ્યાનની પરાકાષ્ટા છે.

**ધ્યાન માટે વિશેષ સૂચનો :**

ધ્યાનની પ્રક્રિયા સારી રીતે કરવા માટે અને તેનાથી પૂરેપૂરો લાભ મેળવવા માટે નીચેનાં સૂચનોનું પાલન કરવું હિતાવહ છે.

૧. ધ્યાનના અભ્યાસ માટે એકાંત, શાંત અને સ્વચ્છ સ્થળ પસંદ કરવું જોઈએ.

૨. ધ્યાનમાં મનની એકાગ્રતા માટે ધૈર્ય, ઉત્સાહ અને શ્રદ્ધા અત્યંત આવશ્યક છે.

૩. ધ્યાનની સિદ્ધિ માટે મનમાં આવતા વિચારોને રોકવા જોઈએ.

૪. ધ્યાન ખાલી પેટે અથવા જમ્યા પછી ત્રણ કલાકે કરી શકાય.

૫. શાંત ચિત્તે ધીમે-ધીમે શ્વાસના વ્યવસ્થિત ક્રમ સાથે ધ્યાનની પ્રક્રિયા કરવી જોઈએ.

૬. આરંભમાં મુશ્કેલ લાગતી ધ્યાનની પ્રક્રિયા જો ધૈર્યપૂર્વક કરવામાં આવે, તો ધ્યાનની અવસ્થા સહેલાઈથી પ્રાપ્ત કરી શકાય છે.

૭. જટિલ રોગોમાં તે તાવમાં ધ્યાનનો અભ્યાસ ન કરવો જોઈએ.

૮. ધ્યાન કરનારે શક્ય હોય ત્યાં સુધી હલકો ખોરાક લેવો જોઈએ, જેથી શરીર હલકું રહે.

૯. જો કોઈ કારણસર લાંબા સમય સુધી ધ્યાનનો અભ્યાસ બંધ રહ્યો હોય, તો ફરી પ્રારંભ કરતી વખતે હળવી શરૂઆત કરવી અને ધીમે-ધીમે અભ્યાસ વધારવો.

૧૦. ધ્યાનના અભ્યાસ દરમિયાન શ્વાસોચ્છ્‌વાસ સ્વાભાવિક ગતિએ ચાલુ રાખવો જોઈએ.

૧૧. ઉત્તમ ધ્યાન ધરવા માટે પોતાના ધ્યેય પ્રત્યે પૂર્ણ નિષ્ઠા હોવી જોઈએ.

૧૨. ધ્યાન ધરતી વખતે શરીર સીધું પરંતુ શિથિલ સ્થિતિમાં રાખવું.

૧૩. ધ્યાનનો અભ્યાસ નિયમિત થાય તે હિતાવહ છે.

૧૪. ધ્યાનના અભ્યાસમાં શ્રદ્ધા રાખવી.

બી-૧, સ્વીસ એવન્યુ, પટેલ કોલોની, માણેકબાગ હોલ સામે,
આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫
(ઘર) ૦૭૯-૨૬૫૬૪૬૫૦, મો.૯૮૯૮૮ ૭૦૮૪૦

॥ વિદ્યાવૃત્ત ॥

## સીવીએમયુ-આઈસ્ટાર સંસ્થાનું ગૌરવ

સીવીએમ યુનિવર્સિટી સંચાલિત આઈસ્ટાર સંસ્થાના પર્યાવરણ વિભાગની ચોથા સેમિસ્ટરની વિદ્યાર્થિની કુ. મહીષા પટેલને તાજેતરમાં તા.૨૪ માર્ચના રોજ ગાંધીનગર ખાતે અનુસ્નાતક વિભાગની કેટેગરીમાં નેનોપાર્ટિકલ્સ વિષય પર ઉત્કૃષ્ઠ લઘુ સંશોધન માટે ઉત્તમ એમ.એસસી. થીસિસનો એવોર્ડ એનાયત થયો હતો. કુ. મહીષાએ 'કંપેરેટીવ ઈન્વેસ્ટિગેશન ઓન સિન્થેસિસ, કેરેક્ટરાયઝેશન, ડાય ડિકલરેસન એન્ડ રેમેડિએશન ઓફ નુટ્રિઅન્ટ્સ ફ્રોમ ઈન્ડસ્ટ્રીયલ એફ્લુઅન્ટ બાય ટાઈટેનિયમ ડાયોક્ષાઈડ એન્ડ ઝીંક ઑક્ષાઈડ મેટાલિક નેનોપાર્ટિકલ્સ' વિષય પર આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો.ડૉ. નિર્મલ કુમારના માર્ગદર્શન હેઠળ ઔદ્યોગિક એકમો દ્વારા વાતાવરણમાં ઠલવાતા પ્રદૂષિત પાણીમાં રહેલા પ્રદૂષકોને નેનોપાર્ટિકલ્સનો ઉપયોગ કરીને કેવી રીતે દૂર કરવા તે વિષે એક લઘુ સંશોધન હાથ ધર્યું હતું. આ ઉત્કૃષ્ઠ સંશોધન બદલ માર્ગદર્શક પ્રો.ડૉ. નિર્મલ કુમાર અને વિદ્યાર્ગિની કુ. મહીષાને ગાંધીનગર સ્થિત સરકારી સંસ્થા ગુજરાત ક્લીનર પ્રોડક્શન સેન્ટર અંતર્ગત યોજાયેલ પારિતોષિક સમારોહમાં ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડના ચેરમેનશ્રીના વરદ હસ્તે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ઉપરોક્ત સિદ્ધિ બદલ સીવીએમના ચેરમેન ઈજનેર શ્રી ભીખુભાઈ પટેલ, ઓનરરી સેક્રેટરી ડૉ. એસ.જી પટેલ, વાઈસ પ્રેસિડન્ટ મનીષભાઈ પટેલ અને સીવીએમ યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ ડૉ. પી.એમ. ઉદાણીએ સૌને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

॥ વિદ્યાવૃત્ત ॥

## આર. એમ. દેસાઈ મ્યુઝિક કોલેજમાં ઉદ્‌ઘોષક પ્રશિક્ષણ વર્ગ યોજાયો

આર. એમ. દેસાઈ કોલેજ ઓફ મ્યુઝિક એન્ડ ડાન્સ ખાતે ઉદ્‌ઘોષક પ્રશિક્ષણ વર્ગનો એક નવતર કાર્યક્રમ તા.૧૦/૩/૨૧ના રોજ યોજાયો.સમાજસેવા અને શિક્ષણમાં જેઓને ગવર્નરશ્રીનો ''ધરતી રત્ન'' એવોર્ડ પ્રાપ્ત થયો છે એવા વરિષ્ઠ પત્રકાર શ્રી વિપિનચંદ્ર પંડ્યાએ સુપેરે આ કાર્યક્રમ પાર પાડ્યો. વિવિધ પ્રકારના કાર્યક્રમો, સમારંભોનું સંચાલન કઈ રીતે કરી શકાય તેનું આબેહૂબ માર્ગદર્શન કર્યું. મ્યુઝિક કોલેજના ડિગ્રી તેમજ ડિપ્લોમાના ૪૨ વિદ્યાર્થીઓને બે કલાક સુધી સભા સંચાલનની પદ્ધતિ સમજાવી. સંચાલનમાં પ્રાર્થના, દીપપ્રાગટ્ય, પરિચય, સ્વાગત, સન્માન, ઈનામ વિતરણ, શ્રદ્ધાંજલિ, મેળાવડાઓ, આભારવિધિ આ બધાં મુદ્દાઓમાં યોગ્ય ભાષા, શબ્દો, જરૂરી શ્લોક, શેર-શાયરી, ક્વોટેશનના ઉપયોગ ઉપર ભાર મૂક્યો. ઉદ્‌ઘોષક એ સમારંભનો પ્રાણ છે એમ કહી તેમની જવાબદારી, લક્ષણો, ગુણધર્મો સમજાવ્યા. શ્રીમતી સ્મિતાબેને પરિશ્રમ વગર સિદ્ધિ પ્રાપ્ત થતી નથી તેનું મહત્ત્વ બતાવ્યું. આ વર્ગમાં કોલેજના તમામ વિભાગના અધ્યાપક ધવલ પટેલ, મિત પાંડવ, વિલિસ પરમાર, ઊર્મીબેન ત્રિવેદી, મેઘના પટેલ હાજર રહ્યા. કોલેજના આચાર્ય શ્રી ડૉ.ધીરૂભાઈ દેસાઈએ મહેમાનોનું સ્વાગત કરી પરિચય આપ્યો. ગાયન વિભાગના અધ્યાપક તસવ્વુર મલેકે આભાર વિધિ કરી હતી. ગાયન વિભાગની વિદ્યાર્થિની તુલસી જોશીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

 ISSN 0976 – 9609

## શબ્દાંજલિ : ગઝલસમ્રાટ સ્વ.ખલીલ ધનતેજવીને...



*હે! અસરદાર અવાજના ધનતેજવી;*
*ગઝલ સલ્તનતનો તું દમદાર રાજવી!*

*તારે રુંવાડે રુંવાડે રમતી રહી ગઝલિયત;*
*તારા શબદે શબદે નીતરતી અસલિયત!*

*તું છે ગુજરાતી ગઝલનો ગગનગામી બુરજ;*
*તું છે ગઝલાકાશનો સદાય ઝળહળતો સૂરજ!*

*ધનતેજવી! શબ્દતેજના ધનનો તું ધણી;*
*મોતને વાતે વળગાડી, ખુદ ગયો ખુદા ભણી!*

**(સૌજન્ય : આર. પી. પટેલ)**

---

## શ્રદ્ધાંજલિ



ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની અરવિંદ અને ટી.વી. પટેલ આર્ટ્સ કૉલેજના એસોસિએટ પ્રોફેસર તથા ગુજરાત વિભાગનાં અધ્યક્ષા ડૉ.અનિતાબેન એ. સાળુંકેનું કોવીડ મહામારીથી તા.૩૧/૩/૨૦૨૧ના રોજ આકસ્મિક નિધન થતાં વિ-વિદ્યાનગર સામયિકનું તંત્રીમંડળ ઊંડા દુઃખ અને શોકની લાગણી અનુભવે છે. સ્વભાવે નમ્ર, વિવેકી અને મિલનસાર અનિતાબેને શિક્ષણક્ષેત્રે ત્રણ દાયકા જેટલી દીર્ઘકાલીન ઉમદા સેવાઓ તો આપી જ પણ સાથે સાથે વિ-વિદ્યાનગર સામયિકમાં પણ વર્ષો સુધી સંપાદન તથા પ્રુફ રીડીંગ જેવી અતિ મહત્ત્વની ચીવટ માગી લે તેવી જવાબદારી પણ સુપેરે સંભાળી. લોકક્ષય કરવા અત્યંત ક્રુદ્ધ બનેલા કાળ સામે આપણે સૌ લાચાર છીએ.

વિ-વિદ્યાનગરનું તંત્રીમંડળ પરમકૃપાળુ પરમાત્મા દિવંગતના આત્માને ચિર શાંતિ અર્પે તેવી અંતઃકરણપૂર્વકની પ્રાર્થના કરે છે તથા હૃદયપૂર્વક ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

– તંત્રી મંડળ

॥ વિદ્યાવૃત્ત ॥

## રમા મનુભાઈ દેસાઈ કોલેજ ઓફ મ્યુઝિક એન્ડ ડાન્સ, વલ્લભ વિદ્યાનગર


દાંડીકૂચના અમૃત મહોત્સવ નિમિત્તે તારીખ ૧૬ અને ૧૭ માર્ચના રોજ દાંડીકૂચનું બે દિવસ માટે ડી. એન. હાઈસ્કૂલ આણંદ ખાતે રોકાણ હતું. સરકારશ્રી તરફથી ૧૭ માર્ચ સાંજના ગાંધી ગીતો તથા શૌર્ય ગીતો માટે આર. એમ. દેસાઈ કોલેજ ઓફ મ્યુઝિક એન્ડ ડાન્સને આમંત્રણ મળ્યું હતું.

કોલેજના ગાયન વિભાગના અધ્યાપક તસવ્વુર મલેકે કોલેજના અધ્યાપકો ધવલ પટેલ કી-બોર્ડ, મિત પાંડવ તબલા, વિલિસ પરમાર ગિટાર અને વિદ્યાર્થીગણ સાથે વૈષ્ણવજન, રઘુપતિ રાઘવ, સાબરમતી આશ્રમ, ગાંધી ચરિત્ર વગેરે ગીતો સુંદર રીતે રજૂ કર્યા. ગાંધીજી તારા સતને વખાણું, રક્ત ટપકતી અને કસુંબીનો રંગ કોલેજના આચાર્ય ડૉ.ધીરુભાઈ જે. દેસાઈએ અધ્યાપક તથા વિદ્યાર્થીગણ સાથે પોતાની આગવી ઢબમાં રજૂ કર્યા.

સંજય પટેલનું આયોજન, ડી. એન. હાઈસ્કૂલ આશિષભાઈનું મેનજમેન્ટ તથા અનિલ પાઠકના કાર્યક્રમના સંચાલનથી સમગ્ર કાર્યક્રમને ચાર ચાંદ લાગી ગયા.

અંતમાં કોલેજના આચાર્ય ડૉ.ધીરૂભાઈ જે. દેસાઈએ જણાવ્યું કે દાંડીકૂચ અમૃત મહોત્સવમાં અમારી મ્યુઝિક કોલેજને સામેલ કરી એ અમારું ભાગ્ય સમજું છું. એ માટે સરકારશ્રીનો આભાર વ્યક્ત કરું છું.

## શોક સંદેશ



ચારુતર વિદ્યામંડળના માનદ્ સહમંત્રીશ્રી, દાતાશ્રી તથા કાઉન્સિલ સભ્ય શ્રી ભુપેન્દ્રભાઈ પી. પટેલ (બી. પી. પટેલ) ના તા.૧૦/૪/૨૦૨૧ના રોજ થયેલ દુઃખદ અવસાનના સમાચાર જાણીને ચારુતર વિદ્યામંડળના પદાધિકારીઓ તથા સમસ્ત ચારુતર વિદ્યામંડળ પરિવાર ઊંડા દુઃખ અને ઘેરા શોકની લાગણી અનુભવે છે.

તેઓ સાચા અર્થમાં શિક્ષણપ્રેમી હતા. ચારુતર વિદ્યામંડળ સંચાલિત જુદી જુદી સંસ્થાઓ તથા વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપ માટે તેમની ઉદાર સખાવત વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ નીવડી છે. શિક્ષણ ક્ષેત્રે ચારુતર વિદ્યામંડળને તેમણે આપેલા દાન તથા સેવાઓ તેમની ઉત્તમ સમાજસેવાના ઉદાહરણ છે. તેઓએ સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે પોતાની સેવાઓથી ઉમદા દૃષ્ટાંત પૂરું પાડ્યું છે. ચારુતર વિદ્યામંડળની શૈક્ષણિક તથા વહીવટી પ્રવૃત્તિઓમાં તેઓનું યોગદાન મહત્ત્વનું છે.

તેઓ નમ્ર, વિવેકી અને મિલનસાર સ્વભાવ ધરાવતા હતા. ચારુતર વિદ્યામંડળ સાથે માનદ્ સહમંત્રી તરીકે તેમનો મમતા ભરેલો વ્યવહાર હતો. તેઓના દુઃખદ અવસાનથી આપને તથા સૌ કુટુંબીજનોને આ આઘાત સહન કરવાની ઈશ્વર શક્તિ આપે અને તેમના આત્માનો પરમકૃપાળુ પરમાત્માના ચરણોમાં નિવાસ થાય તથા પરમાત્મા તેમને ચિર શાંતિ આપે તેવી ચારુતર વિદ્યામંડળ પરિવાર ખરા અંતરથી પ્રાર્થના કરે છે તથા તેમને અંતરથી શોકાંજલિ અર્પે છે.

।। વિદ્યાવૃત્ત ।।

## ટી. વી. પટેલ હાયર સેકન્ડરીમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવાયો

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી. વી. પટેલ હાયર સેકન્ડરીમાં ૮મી માર્ચ, આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી શાળાના સભાખંડમાં ચારુતર વિદ્યામંડળના માનદ્ મંત્રી ડૉ. એસ. જી. પટેલ સાહેબના સભા અધ્યક્ષપદે, ગુજરાત હાઈકોર્ટનાં એડવોકેટ અને શાળાના પૂર્વ વિદ્યાર્થિની શ્રીમતી પર્પલબેન દેથારીયાનાં મુખ્ય મહેમાન પદે, વરિષ્ઠ શિક્ષિકા શ્રીમતી સુમિત્રાબેન પટેલનાં અતિથિ વિશેષ પદે તેમજ શાળાના આચાર્યશ્રી વિજયકુમાર સુથાર, સુપરવાઈઝર શ્રી સી. કે. ચૌધરી સાહેબની મંચસ્થ ઉપસ્થિતિમાં યોજાઈ હતી.

આ કાર્યક્રમમાં શાળાની શિક્ષિકા બહેનો સુમિત્રાબેન, હંસાબેન, અંકિતાબેન, પિનલબેનને શુભેચ્છા ભેટ અર્પણ કરવામાં આવી હતી. બોર્ડની પરીક્ષામાં શાળામાં પ્રથમ ત્રણ ક્રમે આવનાર વિદ્યાર્થિનીઓમાંથી ધો.૧૧માં શ્રુતિ તિવારી, ઝિયા મન્સૂરી, જાનવી વ્યાસ અને ધો.૧૨માં હેત્વી પટેલ, જયશ્રી ગરોડા, ન્યાસા આચાર્ય શ્રેષ્ઠ પરિણામ મેળવવા બદલ તેમજ કુ. પ્રાપ્તિ સરગરા-ધો.૧૨ અને કુ. વિધિ વસાવા-ધો.૧૧ને સહશૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વિશેષ યોગદાન આપી શાળા અને ચારુતર વિદ્યામંડળનું નામ રોશન કરવા બદલ ગૌરવચિહ્નથી પુરસ્કૃત કરવામાં આવ્યા હતાં.

સમારંભના મુખ્ય મહેમાન એડવોકેટ પર્પલબહેને વિદ્યાર્થિનીઓને શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું કે સ્ત્રી ધારે તે કરી શકે છે. તે સમાજમાં પોતાનું અનેરું યોગદાન આપી રહી છે અને નીડર, સાહસિક બની રહી છે. કોઈ કામ અશક્ય નથી એ નિર્ધાર કરી આગળ વધવા પ્રેરણા આપી હતી. સભાધ્યક્ષ ડૉ. એસ. જી. પટેલ સાહેબે આશીર્વચન પાઠવતા પાંચ નિર્ધાર કરવા જણાવ્યું. સત્યતા, વિનમ્રતા, સહનશીલતા, પવિત્રતા અને મધુરતા જેવાં સદ્‌ગુણો જીવનમાં ઉતારવા અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમના અંતે શ્રીમતી અંકિતાબેન પટેલે ઉપસ્થિત સૌ પ્રત્યે ઋણ સ્વીકાર કર્યો હતો જ્યારે શિક્ષકશ્રી હર્ષદકુમાર વાઘેલાએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.


ISSN 0976 – 9609











ચારુતર વિદ્યામંડળના પ્રથમ માનદ્ મંત્રીશ્રી તથા પૂ.ભાઈકાકાના સહયોગી પૂ.ભીખાભાઈ સાહેબની પૂણ્યતિથિ નિમિત્તે તેઓને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી ભીખુભાઈ પટેલ, માનદ્ મંત્રીશ્રી ડૉ.એસ.જી. પટેલ, સહમંત્રીશ્રીઓ આર.સી. તલાટી, વિશાલભાઈ પટેલ, બી.બી.આઈ.ટી. કૉલેજના આચાર્યશ્રી મકવાણા સાહેબ તથા આદરણીય વિનોદીનીબેન પટેલ.





ચારુતર વિદ્યામંડળના ભૂતપૂર્વ અધ્યક્ષ સ્વ.ડૉ.સી.એલ.પટેલની જન્મ જયંતિ નિમિત્તે તા.૧૦/૪/૨૦૨૧ને શનિવારના રોજ સવારે ૧૦:૩૦ કલાકે ન્યુ વલ્લભ વિદ્યાનગર ખાતે તેઓ જ્યાં બેસતા હતા તે મઢુલીએ તેઓના તૈલચિત્રનું અનાવરણ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી ભીખુભાઈ બી. પટેલે કર્યું હતું તથા પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના હોદ્દેદારો, કોલેજના આચાર્યશ્રીઓ અને મંડળના કર્મચારીગણ તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને પૂ.ડૉ.સી.એલ.પટેલને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

**BOOK POST**
May 2021

V-Vidyanagar 23 (5)
Published on 5/5/2021
No. of Pages 52 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2021-23
RNI Regd. No. Guj/2009-11/5433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month




ગુજરાત રાજ્યના સ્થાપના દિવસે ગુજરાત રાજ્ય અને સમગ્ર દેશમાં કોરોના મહામારી જ્યારે વિકરાળ સ્વરૂપ ધારણ કરી ચૂકી છે ત્યારે ચારુતર વિદ્યામંડળ અને ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટી દ્વારા શરૂ કરવામાં આવેલ સેવાયજ્ઞ...













**Editor : Dr. Urvish Chhaya**

**If undelivered, return to**
Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal,
Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)
(Printed, Published and Owned by Charutar Vidya Mandal, Vallabh Vidyanagar )

Printed at Lajja Communications, Vidyanagar.388 120